नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नमः

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नमः

આગમ- ૧૩

# રાજપ્રશ્નીય

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. શ્રુત મહર્ષિ ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૧૩

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૧૩) રાજપ્રશ્નીય

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી– ૨૦૭૬, ચૈત્ર સુદ–૬

**અનુવાદક અને સંપાદક**

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

**[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]**

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉ૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

**Email: - jainmunideepratnasagar@gmail.com Mob** **Mobile: - 09825967397**

**Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in**

–: ટાઈપ સેટિંગ :–

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

–: પ્રિન્ટર્સ :–

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | | --- | --------------- | ----- |
| | | | | | | |
| | | | | | | |

# આગમસૂત્ર- ૧૩ 'રાજપ્રશ્નીય'

## ઉપાંગસૂત્ર- ૨ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો ?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | સૂર્યાભદેવ વિવરણ | ૦૬ | ૨ | પ્રદેશીરાજા વિવરણ | ૩૭ |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
|---|---|---|---|---|---|
| | આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | **-1- आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- મૂળ) | 02 |
| | **-2- आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम सटीकं)** | 04 |
| | **-3- आगममञ्जूषा मूल प्रत)** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | **-1-** આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- AagamSootra English Trans。 | [11] | | **-3- ऋषिभाषित सूत्राणि** | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | **-4- आगमिय सूक्तावली** | 01 |
| | **-5- आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- **आगम मूलं एवं वृत्ति -1** | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- **आगम मूलं एवं वृत्ति -2** | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह प्रा-सं-गु)** | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | **-5- आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |

**1-**આગમ સાહિત્ય કુલ પુસ્તક) **518**

2–આગમેતર સાહિત્ય કુલ પુસ્તક) **085**

દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય **603**

# [૧૩] રાજપ્રશ્નીય
## ઉપાંગસૂત્ર–૨– ગુજરાતી ભાવાનુવાદ

**સૂત્ર–૧, ૨**

૧. તે કાળે, તે સમયે આમલકલ્પા નામે નગરી હતી. તે ઋદ્ધ–સ્તિમિત–સમૃદ્ધ યાવત્ પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ હતી.

૨. આમલકલ્પા નગરી બહાર ઈશાનખૂણામાં આમ્રશાલવન નામે ચૈત્ય હતું. તે પ્રાચીન યાવત્ પ્રતિરૂપ હતું

**સૂત્ર–૩**

શ્રેષ્ઠ અશોકવૃક્ષ અને પૃથ્વીશિલાપટ્ટકની વક્તવ્યતા ઉવવાઈ સૂત્રના આલાવા અનુસાર જાણવી.

**સૂત્ર–૪**

આમલકલ્પામાં શ્વેત નામે રાજા હતા, ધારિણી નામે રાણી હતા. ભગવંત મહાવીર સ્વામી પધાર્યા, પર્ષદા વંદનાર્થે નીકળી યાવત્ રાજા ભગવંત મહાવીરની પર્યુપાસના કરે છે.

**સૂત્ર–૫ અધૂરું...**

તે કાળે, તે સમયે સૂર્યાભદેવ સૌધર્મકલ્પમાં સૂર્યાભવિમાનમાં સુધર્માસભામાં સૂર્યાભ સિંહાસન ઉપર ૪૦૦૦ સામાનિકો, સપરિવાર ચાર અગ્રમહિષીઓ, ત્રણ પર્ષદા, સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા પણ ઘણા સૂર્યાભવિમાનવાસી વૈમાનિક દેવો–દેવીઓ સાથે સંપરીવરીને મોટેથી વગાડતા વાદ્ય, નૃત્ય, ગીત, વાજિંત્ર, તંત્રી, તલ–તાલ, ત્રુટિત, ઘનમૃદંગના પ્રવાદિત રવથી દિવ્ય ભોગોને ભોગવતો હતો. આ સંપૂર્ણ જંબૂદ્વીપ દ્વીપને વિપુલ અવધિજ્ઞાન વડે અવલોકતો અવલોકતો જુએ છે.

**સૂત્ર–૫ અધૂરેથી...**

ત્યાં શ્રમણ ભગવંત મહાવીરને જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આમલકલ્પા નગરી બહાર આમ્રશાલવન ચૈત્યમાં યથાપ્રતિરૂપ અવગ્રહ અવગ્રહીને સંયમ અને તપથી આત્માને ભાવતા જુએ છે. જોઈને હૃષ્ટ–તુષ્ટ–આનંદિત ચિત્ત–નંદિત–પ્રીતિમનાવાળા–પરમ સૌમનસ્યિક–હર્ષના વશથી વિકસિત હૃદયવાળા, વિકસિત શ્રેષ્ઠ કમલ જેવા નયનવાળા, અપાર હર્ષના કારણે પહેરેલા શ્રેષ્ઠ કટક, ત્રુટિત, કેયૂર, મુગટ, કુંડલ ચંચળ થયા, હારથી શોભતા વક્ષઃસ્થળવાળા, નીચે સુધી લટકતા, કંપાયમાન અને પરસ્પર અથડાતા આભૂષણધારી તે સૂર્યાભદેવ,ભગવંતને જોતા જ સંભ્રમ(ઉત્સુકતા) સાથે, ત્વરિત અને ચપળતાપૂર્વક સિંહાસનેથી ઉઠ્યો, ઉઠીને પાદપીઠથી નીચે ઊતર્યો. એકશાટિક ઉત્તરાસંગ કર્યું .

તે સાત–આઠ પગલાં તીર્થંકર અભિમુખ જાય છે, જઈને ડાબો જાનુ ઊંચો રાખ્યો, જમણો જાનુ ધરણીતલે રાખીને ત્રણ વખત મસ્તકને ધરણીતલે રાખે છે. પછી કંઈક નમીને બે હાથ જોડી, દશ નખ ભેગા કરી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરીને કહ્યું – સિદ્ધિગતિ નામક સ્થાનેપ્રાપ્ત થયેલા અરિહંત ભગવંતોને મારા નમસ્કાર થાઓ. અરહંત, ભગવંત, આદિકર, તીર્થંકર, સ્વયંસંબુદ્ધ, પુરુષોત્તમ, પુરુષસિંહ, પુરુષવરપુંડરીક, પુરુષવરગંધહસ્તી, લોકોત્તમ, લોકનાથ, લોકહિતકારી, લોકપ્રદીપ, લોકપ્રદ્યોતકર, અભય–ચક્ષુ–માર્ગ–જીવ–શરણ અને બોધિ દાતા, ધર્મદાતા, ધર્મદેશક, ધર્મનાયક, ધર્મસારથી, ધર્મવર ચાતુરંત ચક્રવર્તી, અપ્રતિહત શ્રેષ્ઠ જ્ઞાન–દર્શનધર, વિવૃત્ત છદ્મ, જિન–જાપક, તિર્ણ–તારક, બુદ્ધ–બોધક, મુક્ત–મોચક, સર્વજ્ઞ–સર્વદર્શી, શિવ–અચલ–અરુજ–અનંત–અક્ષય–

અવ્યાબાધ–અપુનરાવર્ત્ત સિદ્ધિગતિનામધેય સ્થાનને સંપ્રાપ્તને નમસ્કાર થાઓ

નમસ્કાર થાઓ – શ્રમણ ભગવંત મહાવીરને યાવત્ સંપ્રાપ્તિની કામના કરનાર, ત્યાં રહેલ ભગવંતને અહીં રહેલ એવો હું વાંદુ છું. ત્યાં રહેલ ભગવન્ અહીં રહેલ મને જુએ. એમ કરી વંદન–નમન કરે છે, કરીને ઉત્તમ સિંહાસને પૂર્વાભિમુખ બેઠા.

સૂત્ર–૬ અધૂરું...

ત્યારે તે સૂર્યાભદેવને આ આવા સ્વરૂપનો આધ્યાત્મિક, ચિંતિત, પ્રાર્થિત, મનોગત સંકલ્પ સમુત્પન્ન થયો.

સૂત્ર–૬ અધૂરેથી...

એ પ્રમાણે મારે શ્રેયસ્કર છે કે– શ્રમણ ભગવન્ મહાવીર જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આમલકલ્પા નગરીની બહાર આમ્રશાલવન ચૈત્યમાં યથાપ્રતિરૂપ અવગ્રહ અવગ્રહીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે, તેવા સ્વરૂપના ભગવંતનું નામ–ગોત્ર શ્રવણ પણ મહાફળદાયી છે, તો અભિગમન–વંદન–નમન–પ્રતિપૃચ્છા અને પર્યુપાસનાનું તો કહેવું જ શું ?

એક જ આર્ય ધાર્મિક સુવચનના શ્રવણનું મહાફળ છે, તો વિપુલ અર્થગ્રહણનો કેટલો લાભ ? તો હું જઉં, શ્રમણ ભગવન્ મહાવીરને વંદન–નમન–સત્કાર–સન્માન કરું, કલ્યાણ–મંગલ–ચૈત્ય–દેવરૂપ તેમની પર્યુપાસના કરું. આ મને આગામી ભવ માટે હિતકારી, સુખ–ક્ષેમ–નિઃશ્રેયસ–આનુગામિકપણે થશે. આ પ્રમાણે વિચાર્યુ, વિચારીને આભિયોગિક દેવોને બોલાવ્યા. બોલાવીને આ પ્રમાણે કહ્યું –

સૂત્ર–૭ અધૂરું...

હે દેવાનુપ્રિય! નિશ્ચે શ્રમણ ભગવંત મહાવીર જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં આમલકલ્પા નગરી બહાર આમ્રશાલવન ચૈત્યમાં યથાપ્રતિરૂપ અવગ્રહ અવગ્રહી સંયમ–તપથી આત્માને ભાવતા રહ્યા છે.

સૂત્ર–૭ અધૂરેથી...

હે દેવાનુપ્રિય ! તું જા, જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આમલકલ્પા નગરીમાં આમ્રશાલવન ચૈત્યમાં શ્રમણ ભગવન્ મહાવીરને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કર. કરીને વંદન–નમસ્કાર કર. પછી પોત–પોતાના નામ ગોત્ર કહો. કહીને ભગવંતની ચોતરફ યોજન પરિમંડલમાં જે કંઈ તૃણ–પત્ર–કાષ્ઠ–કાંકરા–અશુચિ–મલિન–સડેલ–દુરભિગંધ, તે બધાને એકઠું કરી–કરીને એકાંતમાં ફેંકો, ફેંકીને–અતિ જળ નહીં–અતિ માટી નહીં તે રીતે પ્રવિરલ વર્ષાથી રજ–ધૂળનો નાશ કરી, દિવ્ય સુગંધી ગંધોદક વર્ષા વરસાવીને તે સ્થાન નિહતરજ, નષ્ટરજ, ભ્રષ્ટરજ, ઉપશાંત રજ, પ્રશાંત રજ કરો, કરીને ત્યાં સર્વત્ર એક હાથ ઊંચાઈ પ્રમાણ ચમકતા જલજ અને સ્થલજ પંચવર્ણી સુગંધી પુષ્પોની પ્રચૂર પરિમાણમાં વૃંત નીચે–પાખડી ઉપર રહે તેમ વર્ષા કરો. પછી કાળો અગરુ, પ્રવર કુંદુરુષ્ક, તુરુષ્ક, ધૂપના મઘમઘાટથી ગંધ ઉવેખી અભિરામ, સુગંધવર ગંધિત ગંધવર્તીભૂત, દિવ્ય સુરવર અભિગમન યોગ્ય કરો, કરાવો, જલદીથી મારી આજ્ઞા પાછી સોંપો.

સૂત્ર–૮

ત્યારે તે આભિયોગિક દેવોને સૂર્યાભદેવે આ પ્રમાણે કહેતા અતિ હર્ષિત સંતુષ્ટ યાવત્ પ્રસન્ન હૃદયી થઈ, બે હાથ જોડી, દશ નખ ભેગા કરી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ જોડી, 'તહત્તિ' કહી આજ્ઞા વચનને વિનયથી સ્વીકારે છે. એ પ્રમાણે સ્વીકારીને ઈશાનખૂણામાં જાય છે, જઈને વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થાય છે,

સમવહત થઈને સંખ્યાત યોજનનો દંડ કાઢે છે તે આ પ્રમાણે – રત્ન, વજ્ર, વૈડૂર્ય, લોહીતાક્ષ, મસારગલ્લ, હંસગર્ભ, પુદ્ગલ, સૌગંધિક, જ્યોતિરસ, અંજનપુલક, અંજન–રત્ન–જાત્યરૂપ, અંક, સ્ફટિક, રિષ્ટ રત્નોના યથા બાદર પુદ્ગલ અલગ કરે છે, યથાસૂક્ષ્મ પુદ્ગલો એકઠા કરે છે. કરીને ફરી પણ વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થઈને ઉત્તર

વૈક્રિય રૂપને વિકુર્વે છે.

વિકુર્વીને તે ઉત્કૃષ્ટ–પ્રશસ્ત–ત્વરિત–ચપલ–ચંડ–જય કરનારી શીઘ્ર–તીવ્ર વેગવાળી–દિવ્ય દેવગતિથી અસંખ્યાતા તિર્છા દ્વીપસમુદ્રની વચ્ચોવચ્ચથી જતાં–જતાં જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આમલકલ્પાનગરીના આમ્રશાલ –વન ચૈત્યમાં શ્રમણ ભગવન્ મહાવીર પાસે આવીને ભગવંતને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરે છે, કરીને વંદન–નમન કરે છે, કરીને કહે છે –

હે ભગવન્ ! અમે સૂર્યાભદેવના આભિયોગિક દેવો આપને વંદન–નમન–સત્કાર–સન્માન કરીએ છીએ. કલ્યાણ–મંગલ–ચૈત્ય–દૈવત એવા આપની પર્યુપાસના કરીએ છીએ.

સૂત્ર–૯

દેવો ! એમ આમંત્રીને શ્રમણ ભગવંત મહાવીરે દેવોને આમ કહ્યું – હે દેવો ! આ પુરાતન છે, જીતાચાર છે, કૃત્ય છે, કરણીય છે, આચીર્ણ છે, અભ્યનુજ્ઞાત છે. જે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવો અરહંત ભગવંતને વાંદે છે, નમે છે, વાંદી–નમીને પછી પોત–પોતાના નામ–ગોત્રને કહે છે.

હે દેવો ! આ પુરાતન છે યાવત્ હે દેવો ! આ અનુજ્ઞાત છે.

સૂત્ર–૧૦

ત્યારપછી તે આભિયોગિક દેવો, શ્રમણ ભગવંત મહાવીરે આમ કહેતા હર્ષિત, સંતુષ્ટ યાવત્ પ્રસન્નહૃદયી થઈને ભગવંતને વાંદે છે, નમે છે, વાંદી–નમીને ઈશાનખૂણામાં ગયા, જઈને વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થયા, થઈને સંખ્યાત યોજનનો દંડ કાઢે છે. તે આ રીતે – રત્નો યાવત્ રિષ્ટ, યથાબાદર પુદ્‌ગલોને છોડે છે અને પછી બીજી વખત વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થાય છે. પછી સંવર્ત્તવાયુ વિકુર્વે છે.

જેમ કોઈ ભૃત્યદારક(નોકર), તે તરુણ, યુગવાન્(કાળ પ્રભાવથી રહિત યુવાન), બલવાન્, રોગ રહિત, સ્થિર સંઘયણ, સ્થિર અગ્રહસ્તવાળો, પ્રતિપૂર્ણ હાથ–પગ–પૃષ્ઠાંતર–જંઘા સંઘાત પરિણત, ઘન–નિચિત–વૃત્ત–વલિત સ્કંધવાળા, ચામડાના ચાબખા, મુદ્‌ગર અને મુક્કાના મારથી સઘન–પુષ્ટ–સુગઠિત શરીરવાળા, આત્મશક્તિ સંપન્ન, તાલવૃક્ષ યુગલ સમાન સીધી, લાંબી, પુષ્ટ ભૂજાવાળા, ઓળંગવા–કૂદવા–વેગથી ગમન અને મર્દનમાં સમર્થ, છેક–દક્ષ–પટુ–કુશલ–મેધાવી– કાર્યમાં નિપુણ... એક મહાન ઘાસની સળીનો સાવરણો, દંડવાળો સાવરણો, વાંસની સળીવાળો સાવરણો લઈને રાજાનું પ્રાંગણ, અંતઃપુર, દેવકુળ, સભા, પ્રપા, આરામ, ઉદ્યાનમાં અત્વરિત, અચલ, અસંભ્રાંત નિરંતર સુનિપુણતાથી ચોતરફથી પ્રમાર્જિત કરે છે.

એ પ્રમાણે જ સૂર્યાભદેવના આભિયોગિક દેવો સંવર્ત્તવાયુ વિકુર્વે છે. સંવર્ત્તવાયુ વિકુર્વીને, શ્રમણ ભગવંત મહાવીરની ચોતરફ યોજન પરિમંડલમાં જે કંઈ તૃણ, પત્રાદિ બધાને ભેગા કરી–કરીને એકાંતમાં ફેંકે છે, ફેંકીને જલદીથી નિવૃત્ત થાય છે. પછી બીજી તરફ વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થાય છે,

સમવહત થઈને અભ્રવાદળ વિકુર્વે છે. વિકુર્વીને જેમ કોઈ ભૃત્યદારક હોય જે તરુણ યાવત્ શિલ્પોપક હોય, એક મોટા પાણીના ઘડા–થાળા–કળશ–કુંભને લઈને આરામ યાવત્ પ્રપાને અત્વરિત યાવત્ ચોતરફથી સીંચે. એ પ્રમાણે તે સૂર્યાભદેવના આભિયોગિક દેવો અભ્ર વાદળોને વિકુર્વે છે, વિકુર્વીને જલદીથી ગરજનારા, વીજળી ચમકાવતા વાદળો વડે શ્રમણ ભગવંત મહાવીરની ચોતરફ યોજન પરિમંડલમાં અતિ જળ કે માટી ન થાય તેમ પ્રવિરલ સ્પર્શન રજ–રેણુનાશક દિવ્ય સુરભિગંધ–જળ વર્ષા વરસાવીને નિહતરજ, નષ્ટરજ, ભ્રષ્ટરજ, ઉપશાંતરજ, પ્રશાંતરજ કરે છે. કરીને જલદીથી નિવૃત્ત થાય છે.

ત્યારપછી ત્રીજી વખત વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થાય છે, થઈને પુષ્પના વાદળ વિકુર્વે છે. જેમ કોઈ માળીનો પુત્ર તરુણ યાવત્ શિલ્પોપગ હોય, એક મહાન પુષ્પનું પટલ–ચંગેરી–છાદિકા લઈને રાજાના પ્રાંગણમાં

યાવત્ ચોતરફ કચગ્રહવત્ ફૂલોને હાથમાં લઈને છોડેલ પંચવર્ણી પુષ્પપુંજોને વિખેરીને મુક્ત પુષ્પ પુંજોપચાર કરે, તે રીતે સૂર્યાભદેવના આભિયોગિક દેવો પુષ્પવાદળ વિકુર્વે છે, વિકુર્વીને જલદીથી ગરજતા હોય તેમ કરીને યાવત્ યોજન પરિમંડલ જલજ–સ્થલજ–ચમકતા એવા, વૃંતસ્થાયી પંચવર્ણી પુષ્પોને જાનુ ઊંચાઈ પ્રમાણ અધિવાસ વરસાવ્યા. વરસાવીને –

કાળો અગરુ, પ્રવર કુંદુરુષ્ક, તુરુષ્ક ધૂપથી મધમધતા, ગંધ ઉદ્ધુતથી રમ્ય સુગંધ વર ગંધિક, ગંધવર્ત્તિભૂત અને દિવ્ય સુરવર અભિગમન યોગ્ય કરે છે, કરાવે છે. પછી જલદી નિવૃત્ત થાય છે.

પછી શ્રમણ ભગવંત મહાવીર પાસે જઈને ભગવંતને ત્રણ વખત યાવત્ વંદન–નમસ્કાર કરીને, ભગવંત પાસેથી, આમ્રશાલવન ચૈત્યથી નીકળે છે, નીકળીને તેવી ઉત્કૃષ્ટ ગતિથી યાવત્ ચાલતા–ચાલતા સૌધર્મ કલ્પે સૂર્યાભ વિમાને સુધર્માસભામાં સૂર્યાભદેવ આવ્યા, આવીને સૂર્યાભદેવને બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી જય–વિજય વડે વધાવે છે, વધાવીને તેમની આજ્ઞા પાછી સોંપે છે.

## સૂત્ર–૧૧

ત્યારે તે સૂર્યાભદેવ, તે આભિયોગિક દેવોની પાસે આ વૃત્તાંત સાંભળી, અવધારી, હૃષ્ટ–તુષ્ટ યાવત્ પ્રસન્ન હૃદયી થઈને પદાનિક અધિપતિ દેવને બોલાવ્યો, બોલાવીને કહ્યું – જલદીથી, ઓ દેવાનુપ્રિય ! સૂર્યાભ વિમાનની સુધર્માસભામાં મેઘસમૂહ જેવી ગંભીર શબ્દ કરનારી, યોજન પરિમંડલ સુસ્વર ઘંટાને ત્રણ વખત વગાડી વગાડી મોટા–મોટા શબ્દોથી ઉદ્‌ઘોષણા કરતા–કરતા આમ કહો – હે સૂર્યાભ વિમાનવાસી દેવો ! સૂર્યાભદેવ આજ્ઞા કરે છે કે – જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આમલકલ્પા નગરીના આમ્રશાલવન ચૈત્યમાં શ્રમણ ભગવન્ મહાવીરને વંદના કરવા સૂર્યાભદેવ જાય છે, તેથી હે દેવાનુપ્રિયો ! તમે પણ સર્વઋદ્ધિથી યાવત્ નાદિત રવ સાથે નિજક–પરિવાર સાથે પરિવૃત્ત થઈને પોત–પોતાના વિમાનમાં આરૂઢ થઈ કાળના વિલંબ વિના સૂર્યાભ દેવની પાસે ઉપસ્થિત થાઓ.

## સૂત્ર–૧૨

ત્યારે તે પદાનિકાધિપતિ દેવ, સૂર્યાભદેવે આમ કહેતા હૃષ્ટ–તુષ્ટ યાવત્ હૃદયી થઈ, હે દેવ ! 'તહત્તિ' કહી વિનયથી આજ્ઞાવચનો સ્વીકારીને સૂર્યાભવિમાનમાં સુધર્માસભામાં મેઘના સમૂહ જેવા ગંભીર મધુર શબ્દો કરતી, યોજન પરિમંડલ સુસ્વરા ઘંટા પાસે આવે છે, આવીને ત્રણ વખત તે સુસ્વરા ઘંટાને વગાડે છે. ત્યારે તે મેઘના સમૂહ જેવા ગંભીર–મધુર શબ્દો વાળી ઘંટા વગાડતા સૂર્યાભવિમાનના પ્રાસાદ વિમાનાદિથી લઈને ખૂણા–ખૂણા સુધીના એકાંત શાંત સ્થાન લાખો પ્રતિધ્વનિઓથી ગુંજી ઉઠ્યા.

ત્યારે તે સૂર્યાભવિમાનવાસી ઘણા વૈમાનિક દેવો અને દેવીઓ એકાંત રતિ–પ્રસક્ત, નિત્ય પ્રમત્ત, વિષય સુખમાં મૂર્ચ્છિત સુસ્વર ઘંટારવના વિપુલ બોલથી ત્વરિત, ચપળ, જાગૃત થઈને ઘોષણાના કુતૂહલથી કાન અને મનને એકાગ્રચિત્ત કર્યુ તથા ઉપયુક્ત માનસ થયા.

તે પદાતિ સૈન્યાધિપતિ દેવે તે ઘંટારવ શાંત–પ્રશાંત થતા મોટા–મોટા શબ્દોથી ઉદ્‌ઘોષણા કરતા–કરતા કહ્યું – હે સૂર્યાભવાસી અનેક વૈમાનિક દેવ–દેવીઓ !

સૂર્યાભવિમાન અધિપતિના હિતપ્રદ–સુખપ્રદ આજ્ઞા વચનોને સાંભળો. સૂર્યાભદેવે આજ્ઞા કરી છે કે– હે દેવાનુપ્રિયો ! સૂર્યાભદેવ જંબૂદ્વીપના ભરતક્ષેત્રની આમલકલ્પા નગરીના આમ્રશાલવન ચૈત્યમાં શ્રમણ ભગવન્ મહાવીરને વંદના કરવા જાય છે, તો તમો– સૂર્યાભના દેવો સર્વ ઋદ્ધિથી, કાળનો વિલંબ કર્યા વિના સૂર્યાભદેવની પાસે આવી જાઓ.

## સૂત્ર–૧૩, ૧૪

**૧૩.** ત્યારે તે સૂર્યાભ વિમાનવાસી ઘણા વૈમાનિક દેવો અને દેવીઓ પદાતિ સૈન્યાધિપતિ દેવની પાસે આ

અર્થ સાંભળી, સમજી, હૃષ્ટ–તુષ્ટ યાવત્ પ્રસન્ન હૃદયી થઈને કેટલાક વંદન નિમિત્તે, કેટલાક પૂજન નિમિત્તે, કેટલાક સત્કાર નિમિત્તે, કેટલાક સન્માન–નિમિત્તે, કેટલાક કુતૂહલ નિમિત્તે, કેટલાક ન સાંભળેલુ સાંભળવાને, કેટલાક સાંભળેલનો અર્થ–હેતુ–પ્રશ્નો–કારણો–ઉત્તરો પૂછવાને, કેટલાક સૂર્યાભદેવના વચનના પાલનને માટે, એકબીજાના અનુકરણ કરવાને, જિનભક્તિના રાગથી, ધર્મ સમજીને, જીતાચાર સમજીને, સર્વ ઋદ્ધિ સાથે યાવત્ વિના વિલંબે સૂર્યાભદેવની પાસે આવ્યા.

**૧૪.** ત્યારે તે સૂર્યાભદેવ, તે સૂર્યાભ વિમાનવાસી ઘણા વૈમાનિક દેવો અને દેવીઓને વિના વિલંબે સમીપે આવેલા જોયા. જોઈને હૃષ્ટ–તુષ્ટ યાવત્ પ્રસન્ન હૃદયી થઈ આભિયોગિક દેવને બોલાવે છે. બોલાવીને કહ્યું –

ઓ દેવાનુપ્રિય ! અનેક સ્તંભ સંનિવિષ્ટ લીલા કરતી શાલભંજિકા યુક્ત, ઈહા–મૃગ–વૃષભ–તુરગ–નર–મગર–વિહગ–વ્યાલક–કિંનર–રુરુ–સરભ–ચમર–કુંજર–વનલતા–પદ્મલતા આદિના ચિત્રોથી ચિત્રિત, સ્તંભ ઉપર બનેલી વજ્રવેદિકા યુક્ત હોવાથી રમ્ય, વિદ્યાધર યમલયુગલ યંત્રયુક્ત સમાન, હજારો કિરણોથી વ્યાપ્ત, હજારો રૂપકોથી યુક્ત, તેથી દેદીપ્યમાન, જોતા જ આંખ ચોંટી રહે, સુખસ્પર્શ હોય, સશ્રીકરૂપ, ઘંટાવલિના ચલનથી મધુર–મનોહર સ્વરયુક્ત, શુભ–કાંત–દર્શનીય, નિપુલ શિલ્પી દ્વારા નિર્મિત, દેદીપ્યમાન મણિ અને રત્નોના ઘુંઘરુથી વ્યાપ્ત, એક લાખ યોજન વિસ્તીર્ણ, દિવ્ય ગમનસજ્ઞ, શિઘ્રગતિક દિવ્ય યાન વિમાન વિકુર્વ.

વિકુર્વીને જલદી આ આજ્ઞા મને પાછી સોંપો.

## સૂત્ર–૧૫ અધૂરું...

ત્યારે તે આભિયોગિક દેવ, સૂર્યાભદેવે આમ કહેતા હર્ષિત, સંતુષ્ટ યાવત્ પ્રસન્ન હૃદયી થઈ, બે હાથ જોડી યાવત્ આજ્ઞા સ્વીકારીને ઈશાન કોણમાં જાય છે, જઈને વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થઈને સંખ્યાત યોજન યાવત્ યથાબાદર પુદ્‌ગલો છોડીને અને યથાસૂક્ષ્મ પુદ્‌ગલ ગ્રહણ કરે છે. બીજી વખત પણ વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થઈને અનેક શત સ્તંભ સંનિવિષ્ટ યાવત્ દિવ્ય વિમાન વિકુર્વિત કરવાને પ્રવૃત્ત થયા.

ત્યારપછી આભિયોગિક દેવોએ તે દિવ્ય યાન વિમાનની ત્રણ દિશામાં ત્રણ ત્રિસોપાન પ્રતિરૂપક વિકુર્વ્યા. તે આ રીતે – પૂર્વમાં, દક્ષિણમાં અને ઉત્તરમાં. તે સિત્રોપાન પ્રતિરૂપક આ આવા સ્વરૂપે વર્ણવાળા કહ્યા છે –

વજ્રમય નેમ, રિષ્ટમય પ્રતિષ્ઠાન, વૈડૂર્યમય સ્તંભ, સુવર્ણ–રૂપ્યમય ફલક, લોહિતાક્ષમયી શૂચિકા, વજ્રમયી સંધી, વિવિધ મણિમય અવલંબન અને અવલંબન બાહા હતી. તે પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ હતા.

તે ત્રિસોપાન પ્રતિરૂપકની આગળ તોરણ વિકુર્વે છે. તે તોરણ વિવિધ મણિમય સ્તંભોમાં સારી રીતે નિશ્ચલ રૂપે બાંધેલ. વચ્ચે વિવિધ પ્રકારના મોતીથી નિર્મિત રૂપકોથી ઉપશોભિત હતા. વિવિધ તારારૂપ ઉપચિત હતા. ઈહા–મૃગ–વૃષભ–તુરગ–નર–મગર–વિહગ યાવત્ પદ્મલતાથી ચિત્રિત, સ્તંભોદ્‌ગત વજ્રવેદિકા યુક્ત રમ્ય, વિદ્યાધર યમલ–યુગલ–યંત્ર–યુક્ત સમાન, હજારો કિરણોયુક્ત, હજારો રૂપયુક્ત, દીપ્યમાન–દેદીપ્યમાન, જોતા જ આંખો ચોંટી જાય તેવા શુભ સ્પર્શવાળા, સશ્રીકરૂપ યુક્ત, પ્રાસાદિય આદિ હતા.

## સૂત્ર–૧૫ અધૂરેથી...

તે તોરણોની ઉપર આઠ–આઠ મંગલો હતા, તે આ – **સ્વસ્તિક, શ્રીવત્સ, નંદ્યાવર્ત, વર્ધમાનક, ભદ્રાસન, કળશ, મત્સ્ય અને દર્પણ.**

તે તોરણોની ઉપર ઘણા કૃષ્ણ યાવત્ શ્વેત ચામર ધ્વજ હતા, જે સ્વચ્છ, શ્લક્ષ્ણ, રૂપ્યપટ્ટ, વજ્રમય દંડવાળા, કમળ જેવા અમલ ગંધિત, સુરમ્ય, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ વિકુર્વેલા હતા.

તે તોરણોની ઉપર ઘણા છત્રાતિછત્ર, ઘંટાયુગલ, પતાકા–અતિપતાકા, ઉત્પલ–કુમુદ–નલિન–સુભગ–સૌગંધિક–પુંડરીક–મહાપુંડરીક–શતપત્ર–સહસ્રપત્રના ઝુમખાં જે સર્વે રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ વિકુર્વ્યા.

ત્યારે તે આભિયોગિક દેવ તે દિવ્ય યાન વિમાનની અંદર બહુસમ રમણીય ભૂમિભાગ વિકુર્વ્યો.

સૂત્ર–૧૫ અધૂરેથી...

જેમ કોઈ આલિંગપુષ્કર, મૃદંગપુષ્કર, સરોવરનું તળ, હથેળી, ચંદ્રમંડલ, સૂર્યમંડલ, દર્પણમંડલ, મોટા–મોટા ખીલા ઠોકી અને ખેંચીને ચોતરફથી સમ કરેલ, ઘેટા–સૂવર–સિંહ–વાઘ–મૃગ–ચિતાના ચામડા સમાન રમણીય, વિવિધ પંચવર્ણી મણિ વડે ઉપશોભિત, આવર્ત્ત–પ્રત્યાવર્ત્ત–શ્રેણિ–પ્રશ્રેણિ, સ્વસ્તિક–પુષ્યમાણક–વર્દ્ધમાનક–મત્સ્યાંડ–મકરાંડક જાર, માર આદિ શુભલક્ષણો, પદ્મપત્ર–સાગરતરંગ–વસંતલતા–પદ્મલતા આદિથી ચિત્રિત, છાયા–પ્રભા–કિરણ–ઉદ્યોત સહિત, વિવિધ પંચવર્ણી મણિથી ઉપશોભિત હતો, તે આ – કૃષ્ણ, નીલ, લોહિત, હાલિદ્ર, શુક્લ.

તેમાં જે કાળા મણિ, તે મણિનું આ આવું વર્ણન કહ્યું છે – જેમ કોઈ મેઘઘટા, અંજન, ખંજન, કાજળ, ગવલ, ગવલગુલિકા, ભ્રમર, ભ્રમરાવલિ, ભ્રમરપતંગસાર, જાંબુફળ, અરીઠા અથવા કાગડાના બચ્ચા, હાથી, મદનીયા, કાળો સર્પ, કાળું કેસર, આકાશ થિગ્ગલ, કાળું અશોક–કૃષ્ણવીર–બંધુજીવક. શું તે આ બધા જેવું હતું ?

આ અર્થ સંગત નથી. હે આયુષ્યમાન્ શ્રમણો ! તે કાળા મણિ આનાથી ઈષ્ટ–કાંત–મણામ–મનોજ્ઞતરક વર્ણથી કહ્યા છે.

તેમાં જે નીલામણી, તેનું આ આવું વર્ણન કહ્યું છે – જેમ કોઈ ભૃંગ–ભૃંગ પત્ર, શુક–શુકપિચ્છ, ચાસ–ચાસપિચ્છ, નીલી–નીલીભેદ–નીલીગુલિકા, સાંવા, ઉચ્ચંતક, વનરાજિ, બળદેવના વસ્ત્ર, મોરની ડોક, અતસિકુસુમ, બાણકુસુમ, અંજન–કેશિકા કુસુમ, નીલોત્પલ, નીલાશોક, નીલબંધુજીવ, નીલકર્ણવીર. આ બધા જેવો વર્ણન હતો ?

આ અર્થ સંગત નથી. તે નીલમણી આનાથી ઈષ્ટતરક યાવત્ વર્ણથી કહેલ છે.

તેમાં જે લાલ મણી હતા, તે મણીનું આવા પ્રકારનું વર્ણન કહ્યું છે – જેમ કોઈ ઘેટા–સસલા–મનુષ્ય–વરાહ કે મહિષનું લોહી, બાલ ઈન્દ્રગોપ, બાલ સૂર્ય, સંધ્યાનો રંગ, ચણોઠીના અર્ધભાગનો રાગ, જપાકુસુમ, કિંશુકકુસુમ, પરિજાત કુસુમ, જાતહિંગલોક, શિલાપ્રવાલ, પ્રવાલ અંકુર, લોહિતાક્ષમણિ, લાક્ષારસ, કૃમિરાગ કંબલ, ચણાનો લોટ, રક્તોત્પલ, રક્તાશોક, રક્તકર્ણવીર, રક્તબંધુજીવક. આવો વર્ણ હતો ?

આ અર્થ સંગત નથી. તે લાલ મણિ આથી પણ ઈષ્ટતરકાદિ યાવત્ હતો.

તેમાં જે પીળા મણિ, તેનું આવા સ્વરૂપનું વર્ણન હતું. જેમ કોઈ ચંપા–ચંપાની છાલ–ચંપાનો અંદરનો ભાગ, હળદર–હળદરનો અંદરનો ભાગ, હળદરની ગુટિકા, હરિતાલિકા,–હરિતાલનો અંદરનો ભાગ, હરિતાલની ગુટીકા, ચિકુર, ચિકુર ના રંગથી રક્ત વસ્ત્ર, શુદ્ધ સુવર્ણ, શુદ્ધ સુવર્ણની કસોટી પરની રેખા, સુવર્ણ–શિલ્પક, વાસુદેવના વસ્ત્ર, અલ્લકી–ચંપા–કુહંડિકા–તડવડા–ઘોસેડિક–સુવણર્ણ–સુહિરણ્ય–કુસુમ, કોરંટ વર માલ્ય દામ, બીજકુસુમ, પીળો અશોક, પ્રિયકર્ણવીર, પ્રિયબંધુજીવક. આ બધા જેવો વર્ણ છે ?

આ અર્થ સંગત નથી. તે પીળા મણિ, આનાથી ઈષ્ટતર યાવત્ વર્ણથી કહેલ છે.

તેમાં જે શ્વેત મણિ છે, તે મણિનું આવું વર્ણન છે – જેમ કોઈ અંક, શંખ, ચંદ, કુંદ, દાંત અથવા કુમુદ, પાણીના કણ, ઘન, દહીં, ગાયનું દૂધ અથવા હંસ–ક્રૌંચ–હાર–ચંદ્રની શ્રેણી, શરદીય મેઘ, તપાવેલ–ધોયેલ રૂપ્યપટ્ટ, ચોખાનો લોટ, કુંદ પુષ્પરાશિ, કુમુદરાશિ, શુકીફલી, પિચ્છ–મિંજિકા, ભિસ, મૃણાલ, ગજદંત, લવંગદલ, પુંડરિકદલ, શ્વેતાશોક, શ્વેત કર્ણવીર, શ્વેત બંધુજીવક. આ બધા જેવો શ્વેત છે ?

આ અર્થ સંગત નથી, તે સફેદ મણિ, આનાથી ઈષ્ટતરક યાવત્ વર્ણથી કહ્યો છે.

સૂત્ર–૧૫ અધૂરેથી...

તે યાન–વિમાનના સમભૂમિ ભાગમાં જડેલા મણિઓની આવા પ્રકારની ગંધ કહી છે. જેમ કોઈ – કોષ્ઠ,

તગર, એલચી, ચોય, ચંપા, દમણ, કુંકુમ, ચંદન, ખસ, મરુવો, જાઈ, જૂહી, મલ્લિકા, સ્નાન મલ્લિકા, કેતકી, પાડલ, નવમાલિકા, અગરુ, લવંગ, કપૂર, વાસ આ બધાના પુટ પુડાને અનુકૂળ વાયુમાં ખોલવાથી, કૂટવાથી, તોડવાથી, ઉત્કીર્ણ કરવાથી, વિખેરવાથી, ઉપભોગ કરવાથી, બીજાને દેવાથી, એક પાત્રથી બીજા પાત્રમાં રાખવાથી ઉદાર–મનોજ્ઞ–મનહર–ઘ્રાણ અને મનને શાંતિદાયક ગંધ સર્વે દિશામાં મધમધાતી ફેલાય છે.

શું તે ગંધ આવી હતી ? આ અર્થ સંગત નથી. તે મણિ આનાથી પણ ઇષ્ટતરક યાવત્ ગંધથી કહેલી છે.

સૂત્ર–૧૫ અધૂરેથી...

તે મણિનો આવા સ્વરૂપનો સ્પર્શ કહ્યો છે. જેમ કોઈ આજિનક(મૃગચર્મ), રુ, બૂર(વનસ્પતિ વિશેષ), નવનીત, હંસગર્ભ નામક રૂ ની તળાઈ, શિરિષકુસુમનો સમૂહ, નવજાત કમળપત્રના ઢગલા જેવો કોમળ સ્પર્શ છે ?

આ અર્થ સંગત નથી. તે મણિ આથી પણ ઇષ્ટતર યાવત્ સ્પર્શથી કહ્યા છે.

સૂત્ર–૧૫ અધૂરેથી...

ત્યારે તે આભિયોગિક દેવો તે દિવ્ય યાન વિમાનની અંદર, બહુમધ્ય દેશભાગમાં એક મોટું પ્રેક્ષાગૃહ મંડપ વિકુર્વે છે. તે અનેકશત સ્તંભ ઉપર રહેલું હતું, ઊંચી અને સુરચિત વેદિકાઓ, તોરણો તથા સુંદર પૂતળીઓથી સજાવેલ હતા. તે મંડપ સુવ્યવસ્થિત, વિલક્ષણ, ઘાટીલા, સંસ્થિત, પ્રશસ્ત, વૈડૂર્યમણિથી નિર્મિત હતો, વિમલ સ્તંભો વડે શોભિત હતો. તે મંડપનો સમભૂમિભાગ વિવિધ મણિ કનક–રત્ન ખચિત, ઉજ્જવલ, ઘણો સમ અને સુવિભક્ત હતો. તે મંડપ ઇહા, મૃગ, વૃષભ, તુરગ, મનુષ્ય, મકર, પક્ષી, વ્યાલક, કિન્નર, રુરુ, સરભ, ચમર, કુંજર, વનલતા, પદ્મલતાથી ચિત્રિત હતો.તે મંડપ રત્નોના હજારો કિરણોથી સૂર્ય સમાન ઝગારા મારતો હતો. તે મંડપ દેદીપ્યમાન, અનુકુળ સ્પર્શ અને મનોહર રૂપથી સુશોભિત હોવાથી અદભૂત લાગતો હતો.

તેમાં અનેક સુવર્ણમય અને રત્નમય સ્તૂપો ઉભા કરેલા હતા. વિવિધ પંચવર્ણ ઘંટા–પતાકાથી પરિમંડિત અગ્રશિખરો હતા, ચારે તરફ ફેલાતા કિરણો કંપતા હોય તેમ લાગતા હતા.તે મંડપની અંદર બહાર ગોબરાદિ લેપન કરેલ હતું, ચૂના વડે પોછેલું હતું, ગોશીર્ષ રક્ત ચંદન–દર્દર ચંદનના પાંચ આંગળીઓ સહિતના થાપા ભીંતે મારેલ હતા. ચંદન ચર્ચિત કળશ રાખેલા હતા. પ્રત્યેક દ્વાર તોરણ અને ચંદન કળશોથી શોભિત હતા. દીવાલો ઉપર ઊંચેથી નીચે સુધી સુગંધી ગોળ માળાઓ લટકતી હતી. સરસ સુગંધી પંચવર્ણી પુષ્પોના મંડપ બનેલા હતા. કાળો અગરુ, પ્રવર કુંદુરુષ્ક, તુરુષ્ક, ધૂપના મધમધાટથી ગંધુદ્ધુયથી રમ્ય હતું. સુગંધવર ગંધિક ગંધવર્તીભૂત, દિવ્ય વાદ્યાદિ શબ્દોથી સંપન્ન, અપ્સરા ગણ સંઘથી વ્યાપ્ત, પ્રાસાદીય–દર્શનીય યાવત્ પ્રતિરૂપ હતું.

તે આભિયોગિક દેવો તે પ્રેક્ષાગૃહ મંડપના બહુસમ રમણીય ભૂમિભાગને વિકુર્વે છે.તે ભૂમિભાગમાં વિવિધ રંગના મણીઓ જડેલા હતા. તે પ્રેક્ષાગૃહ મંડપ ઉપર ચંદરવો વિકુર્વે છે, તે ચંદરવો પદ્મલતાદિ ચિત્રોથી ચિત્રિત યાવત્ પ્રતિરૂપ હતો.

તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગે એક મોટો વજ્રમય અખાડો વિકુર્વે છે. તે અખાડાના બહુમધ્ય દેશભાગમાં એક મોટી મણિપીઠિકા વિકુર્વે છે, તે લંબાઈ–પહોળાઈથી આઠ યોજન અને બાહલ્યથી ચાર યોજન, સર્વ મણિમય, સ્વચ્છ–શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ હતો. તે મણિપીઠિકા ઉપર એક મોટું સિંહાસન વિકુર્વે છે.

તે સિંહાસનનું આવા સ્વરૂપનું વર્ણન કહ્યું છે –

તે સિંહાસનમાં સોનાના ચકલા, રત્નમય સિંહઆકૃતીવાળા હાથા, સોનાના પાયા, વિવિધ મણિમય પાદશીર્ષક, જાંબૂનદ સુવર્ણમય ગાત્ર, વજ્રમય સંધિ, વિવિધ મણિમય મધ્યભાગ બનાવેલો હતો. તે સિંહાસનમાં ઇહા–મૃગ–વૃષભ–તુરગ–મનુષ્ય–મગર–પક્ષી–વ્યાલક–કિંનર, રુરુ, સરભ, ચમર, કુંજર, વનલતા, પદ્મલતા આદિના ચિત્રો બનેલા હતા. સાર–સારોપચિત મણિરત્નની પાદપીઠ હતી, તે પાદપીઠ ઉપર પગ રાખવા માટે

બિછાવેલ મસૂરક, નવતૃણ, કુશાગ્ર અને કેશર તંતુઓ જેવા અત્યંત સુકોમલ, સુંદર આસ્તારકથી રમ્ય હતો. તે સુવિરચિત રજસ્ત્રાણ, ઉપચિત ક્ષૌમદુકુલ પટ્ટથી પ્રતિચ્છાદિત હતો. રક્તાંશુ વસ્ત્ર સુરમ્ય આજીનક, રૂ, બૂર, નવનીત, તૂલ સમાન સ્પર્શયુક્ત, મૃદુ અને પ્રાસાદીયાદિ લાગતું હતું.

સૂત્ર–૧૫ અધૂરેથી...)

તે સિંહાસનની ઉપર એક મોટું વિજયદૂષ્ય વિકુર્વ્યું. તે શંખ, કુંદ, ઉદક, રજ, મથેલા દહીંના ફીણના પુંજ જેવું, શ્વેત, સર્વ રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ હતું. તે સિંહાસનની ઉપર વિજયદૂષ્યના બહુમધ્ય દેશભાગે એક મોટું વજ્રમય અંકુશ વિકુર્વે છે. તે વજ્રમય અંકુશમાં કુંભ પ્રમાણ મુક્તાદામ વિકુર્વે છે. તે કુંભપ્રમાણ મુક્તાદામ બીજા ચાર અર્ધકુંભિક મુક્તાદામથી અને ચારે દિશામાં તેના પરિમાણના અડધા બીજા ચાર મુક્તાદામોથી ચોતરફથી પરિવેષ્ટિત હતું.

તે દામો–તપનીય સુવર્ણના લંબૂસકો, વિવિધ પ્રકારના મણિ, રત્નોના વિવિધ હાર, અર્દ્ધહાર વડે શોભિત હતું. પાસે પાસે ટાંગેલ હોવાથી જ્યારે પૂર્વ–પશ્ચિમ–દક્ષિણ–ઉત્તરને મંદમંદ પવન વાય ત્યારે હલતા–ડૂલતા, એકબીજા સાથે ટકરાવાથી વિશિષ્ટ, મનોહર, મનોજ્ઞ તથા કાન અને મનને શાંતિ પ્રદાયક, ધ્વનિથી સમીપવર્તી પ્રદેશને વ્યાપ્ત કરતા એવા પોત–પોતાની શોભાથી અતિ–અતિ શોભાયમાન થઈ રહેલ હતા.

ત્યારે તે આભિયોગિક દેવે તે સિંહાસનના વાયવ્ય અને ઈશાન ખૂણામાં સૂર્યાભદેવના ૪૦૦૦ સામાનિકના ૪૦૦૦ ભદ્રાસનો વિકુર્વ્યા. તે સિંહાસનની પૂર્વમાં સૂર્યાભદેવની સપરિવાર ચાર અગ્રમહિષીઓના ચાર ભદ્રાસનો વિકુર્વ્યા. તે સિંહાસનના અગ્નિ ખૂણામાં સૂર્યાભદેવની અભ્યંતર પર્ષદાના ૮૦૦૦ દેવો માટે, ૮૦૦૦ ભદ્રાસનો વિકુર્વ્યા. એ પ્રમાણે દક્ષિણમાં મધ્યમ પર્ષદાના ૧૦,૦૦૦ દેવોના ૧૦,૦૦૦ ભદ્રાસનો, નૈઋત્યમાં બાહ્ય પર્ષદાના ૧૨,૦૦૦ દેવોના ૧૨,૦૦૦ ભદ્રાસનો, પશ્ચિમમાં સાત સૈન્યાધિપતિના સાત ભદ્રાસન વિકુર્વ્યા.

તે સિંહાસનની ચારે દિશામાં સૂર્યાભદેવના ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવોના ૧૬,૦૦૦ ભદ્રાસનો વિકુર્વ્યા, તે આ રીતે – પૂર્વ–દક્ષિણ–પશ્ચિમ–ઉત્તર ચારેમાં ચાર–ચાર હજાર.

તે દિવ્ય વિમાનનું આવા પ્રકારનું વર્ણન કહ્યું છે – જેમ કોઈ તત્કાળનો ઊગેલો હેમંતઋતુનો બાલસૂર્ય, ખેરના અંગારા જે રાત્રિમાં પ્રજવલિત હોય, જપાકુસુમ કે કિંશુક કે પારિજાત વર્ણના ચોતરફથી સંકુસુમિત હોય. શું આવો વર્ણ હતો ? આ અર્થ સમર્થ નથી.

તે દિવ્ય યાનવિમાનનો વર્ણ આથી પણ ઈષ્ટતરક કહ્યો છે. ગંધ અને સ્પર્શ મણિ સમાન જાણવા.

આ રીતે આભિયોગિક દેવે દિવ્ય યાન–વિમાન વિકુર્વ્યુ, વિકુર્વીને સૂર્યાભદેવ પાસે આવ્યો. આવીને સૂર્યાભદેવને બે હાથ જોડી યાવત્ આજ્ઞા પાછી સોંપી.

સૂત્ર–૧૬

ત્યારે તે સૂર્યાભદેવ, આભિયોગિક દેવની પાસે આ અર્થને સાંભળી, સમજીહર્ષિત, સંતુષ્ટ થઇ યાવત્ પ્રસન્ન હૃદયી થઈ, દિવ્ય જિનેન્દ્રના અભિગમન માટે યોગ્ય એવા ઉત્તરવૈક્રિય રૂપને વિકુર્વે છે, વિકુર્વીને સપરિવાર ચાર અગ્રમહિષી અને બે અનીકો – ગંધર્વાનીક, નૃત્યાનીકની સાથે સંપરિવૃત્ત થઈ, તે દિવ્ય યાનવિમાનની પ્રદક્ષિણા કરતા–કરતા પૂર્વ દિશાના ત્રિસોપાન પ્રતિરૂપકથી આરોહે છે, આરોહીને જ્યાં સિંહાસન છે, ત્યાં આવીને ઉત્તમ સિંહાસને પૂર્વાભિમુખ રહીને બેઠા.

ત્યારપછી તે સૂર્યાભદેવ ના ૪૦૦૦ સામાનિકો તે દિવ્ય યાનવિમાનને અનુપ્રદક્ષિણા કરતા ઉત્તરના ત્રિસોપાન પ્રતિરૂપકને આરોહે છે, આરોહીને પ્રત્યેક–પ્રત્યેક પૂર્વે રાખેલ ભદ્રાસને બેઠા. બાકીના દેવો અને દેવીઓ તે દિવ્ય યાનવિમાન યાવત્ દક્ષિણી ત્રિસોપાનક પ્રતિરૂપકને આરોહે છે, આરોહીને પ્રત્યેક પૂર્વે રાખેલ ભદ્રાસને બેઠા.

ત્યારપછી તે સૂર્યાભદેવ તે દિવ્ય યાનવિમાનમાં બેઠા પછી આગળ આઠ–આઠ મંગલો અનુક્રમે ચાલ્યા. તે આ – સ્વસ્તિક, શ્રીવત્સ યાવત્ દર્પણ.

ત્યારપછી પૂર્ણકળશ, ભૃંગાર, ચામર સહિત દિવ્ય છત્ર, પતાકા, ગગનતલને સ્પર્શતી અતિ સુંદર, આલોક દર્શનીય અને વાયુથી ફરફરતી એક ઘણી ઊંચી વિજય–વૈજયંતિ પતાકા અનુક્રમે આગળ ચાલી.

ત્યારપછી વૈડૂર્યરત્નના દીપતા નિર્મળ દંડવાળો, લટકતા કોરંટ પુષ્પની માલાથી સુશોભિત, ચંદ્રમંડલ સમાન, ઊંચા વિમલ આતપત્ર અને અનેક કિંકર દેવો દ્વારા વહન કરાઈ રહ્યું હતું. મણિરત્નોથી બનેલ વેલાથી શોભિત, બે પાદુકા યુક્ત પાદપીઠ સહિત ઉત્તમ સિંહાસન અનુક્રમે આગળ ચાલ્યું.

ત્યારપછી વજ્રરત્ન નિર્મિત વર્તુળાકાર, મનોજ્ઞ, સંસ્થિત, સુશ્લિષ્ટ,ઘસીને સુંવાળા કરેલા, માંજીને સ્વચ્છ કરેલા, સુપ્રતિષ્ઠિત, વિશિષ્ટ અને બીજી ઘણી મનોરમ, નાની–મોટી અનેક પ્રકારની રંગબેરંગી પંચવર્ણી ધ્વજાઓથી પરિમંડિત, વાયુવેગથી ફરકતી વિજય વૈજયંતિ પતાકા, છત્રાતિછત્રથી યુક્ત, આકાશ મંડલને સ્પર્શતો, ૧૦૦૦ યોજન ઊંચો, મોટો ઇન્દ્રધ્વજ અનુક્રમે ચાલ્યો.

ત્યારપછી સુરૂપ વેશભૂષા કરીને સુસજ્જિત, સર્વાલંકાર ભૂષિત, મહાન સુભટ સમુદાયોને સાથે લઈને પાંચ સેનાપતિઓ અનુક્રમે આગળ ચાલ્યા. ત્યારપછી ઘણા આભિયોગિક દેવો–દેવીઓ પોત–પોતાની યોગ્ય, વિશિષ્ટ વેશભૂષા અને વિશેષતાદર્શક પોત–પોતાના ચિહ્નોથી સજ્જ થઈને પોત–પોતાના પરીકર, નેજાદિથી આગળ અનુક્રમે ચાલ્યા. ત્યાર પછી સૂર્યાભ વિમાનવાસી ઘણા વૈમાનિક દેવો અને દેવીઓ સર્વ ઋદ્ધિ યાવત્ રૂપથી સૂર્યાભદેવની આગળ, પાછળ, બંને બાજુએ અનુસરે છે.

## સૂત્ર–૧૭ થી ૧૯

**૧૭.** ત્યારે તે સૂર્યાભદેવ તે પાંચ અનિકાધિપતિ વડે પરિરક્ષિત વજ્રરત્નમયી ગોળ, મનોજ્ઞ સંસ્થાનવાળા યાવત્ ૧૦૦૦ યોજન લાંબા, અત્યંત ઊંચા મહેન્દ્રધ્વજને આગળ કરીને તે સૂર્યાભદેવ ૪૦૦૦ સામાનિક યાવત્ ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો અને બીજા ઘણા સૂર્યાભવિમાનવાસી વૈમાનિક દેવો અને દેવીઓ સાથે સંપરિવૃત્ત થઈ, સર્વઋદ્ધિ યાવત્ રવથી સૌધર્મકલ્પના મધ્યેથી તે દિવ્ય દેવર્દ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ દેખાડતા–દેખાડતા, અવલોકન કરતા–કરતા, જે સૌધર્મકલ્પના ઉત્તરના નિર્યાણમાર્ગ પાસે આવ્યા.

ત્યાં આવીને એક લાખ યોજન વેગવાળી યાવત્ ઉત્કૃષ્ટ દિવ્ય દેવગતિથી તિર્છા અસંખ્યાત દ્વીપસમુદ્રની મધ્યેથી જતા–જતા જે નંદીશ્વર દ્વીપમાં જે દક્ષિણ–પૂર્વીય રતિકર પર્વત પાસે આવ્યા, આવીને તે દિવ્ય દેવઋદ્ધિ યાવત્ દિવ્ય દેવાનુભાવને સંહરતા–સંહરતા, સંક્ષેપતા–સંક્ષેપતા જે જંબૂદ્વીપમાં જ્યાં ભરતક્ષેત્રમાં જ્યાં આમલકલ્પા નગરી, જ્યાં આમ્રશાલવન ચૈત્યમાં, જ્યાં શ્રમણ ભગવન્ મહાવીર હતા ત્યાં આવ્યા. આવીને ભગવંત મહાવીરને તે દિવ્ય યાન–વિમાનથી ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી.

પછી શ્રમણ ભગવન્ મહાવીરના ઈશાન દિશામાં તે દિવ્ય યાનવિમાનને કંઈક ચાર અંગુલ ધરણીતલથી ઉપર સ્થાપે છે, સ્થાપીને સપરિવાર ચાર અગ્રમહિષીઓ, બે અનિકાધિપતિઓ–ગંધર્વાનિક અને નૃત્યાનીકથી પરીવરીને તે દિવ્ય યાનવિમાનના પૂર્વ દિશાના ત્રિસોપાન પ્રતિરૂપકથી નીચે ઊતર્યા.

ત્યારે તે સૂર્યાભદેવના ૪૦૦૦ સામાનિકો, તે દિવ્ય યાનવિમાનના ઉત્તરીય ત્રિસોપાન પ્રતિરૂપકથી નીચે ઊતર્યા, બાકીના દેવો અને દેવીઓ, તેના દક્ષિણી ત્રિસોપાનકથી નીચે ઊતર્યા.

ત્યારે તે સૂર્યાભદેવ ચાર અગ્રમહિષી યાવત્ સોળ હજાર આત્મરક્ષકો તથા બીજા ઘણા સૂર્યાભ વિમાનવાસી વૈમાનિક દેવો અને દેવી સાથે સંપરિવૃત્ત થઈને યાવત્ નાદિત રવથી શ્રમણ ભગવન્ મહાવીર પાસે આવ્યા.

આવીને શ્રમણ ભગવન્ મહાવીરને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરે છે. કરીને વાંદે છે, નમે છે. વાંદી–

નમીને આ પ્રમાણે કહ્યું –

હે ભગવન્! હું સૂર્યાભદેવ આપશ્રીને વાંદુ છું, નમું છું, યાવત્ પર્યુપાસના કરું છું.

૧૮. સૂર્યાભને આમંત્રીને શ્રમણ ભગવન્ મહાવીરે સૂર્યાભદેવને આમ કહ્યું –

હે સૂર્યાભ ! આ પુરાતન(દેવો દ્વારા આચરિત પ્રાચીન પદ્ધતિ છે, આ જીતાચાર(પરંપરાગત આચાર) છે,

હે સૂર્યાભ ! આ કૃત્ય(દેવોનું કર્તવ્ય) છે – કરણીય(કરવા યોગ્ય) છે.

હે સૂર્યાભ ! આ આચરિત છે(પૂર્વ દેવોએ તેનું આચરણ કરેલું છે),

હે સૂર્યાભ ! આ અભ્યનુજ્ઞાત છે કે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવો અરહંત ભગવંતને વાંદે છે, નમે છે, વાંદી–નમીને પછી પોત–પોતાના નામ–ગોત્રોને કહે છે.

હે સૂર્યાભ! તે પુરાતન યાવત્ અભ્યનુજ્ઞાત છે.

૧૯. ત્યારે સૂર્યાભદેવ, શ્રમણ ભગવન્ મહાવીર વડે આમ કહેતા, હર્ષિત થઈ યાવત્ શ્રમણ ભગવન્ મહાવીરને વંદન–નમન કરે છે, વાંદી–નમીને અતિ નિકટ નહીં – અતિ દૂર નહીં એવા સ્થાને રહીને નમન કરતો એવો, અભિમુખ વિનયથી અંજલિ જોડીને સેવે છે.

## સૂત્ર–૨૦ થી ૨૩

૨૦. ત્યારે શ્રમણ ભગવન્ મહાવીરે સૂર્યાભદેવને અને તે મહા–વિશાળ પર્ષદાને ધર્મ કહ્યો યાવત્ પર્ષદા પાછી ફરી.

૨૧. ત્યારે તે સૂર્યાભદેવે શ્રમણ ભગવન્ મહાવીર પાસે ધર્મ સાંભળી–સમજીને, હર્ષિત–સંતુષ્ટ યાવત્ પ્રસન્ન હૃદયી થઈ ઉત્થાન વડે ઊઠે છે, ઊઠીને શ્રમણ ભગવન્ મહાવીરને વાંદે છે – નમે છે, વાંદી–નમીને આમ કહ્યું –

હે ભગવન્ ! હું સૂર્યાભદેવ ભવસિદ્ધિક છું કે અભવસિદ્ધિક ? સમ્યક્ દૃષ્ટિ છું કે મિથ્યાદષ્ટિ ?, પરિત્ત સંસારી છું કે અનંત સંસારી ? સુલભબોધિ છું કે દુર્લભબોધિ ? આરાધક છું કે વિરાધક ? ચરમ છું કે અચરમ ?

શ્રમણ ભગવન્ મહાવીરે સૂર્યાભદેવને આમંત્રીને કહ્યું – હે સૂર્યાભ ! તું ભવસિદ્ધિક છે, અભવસિદ્ધિક નથી યાવત્ ચરિમ છે – અચરિમ નથી.

૨૨. ત્યારે સૂર્યાભદેવ, શ્રમણ ભગવન્ મહાવીરે આમ કહેતા હર્ષિત–સંતુષ્ટ, આનંદિચિત્ત, પરમસૌમનસ્યિક થઈને શ્રમણ ભગવન્ મહાવીરને વાંદે છે – નમે છે, વાંદી–નમીને આમ કહ્યું –

હે ભગવન્! આપ બધું જાણો છો, બધું જુઓ છો, સર્વ કાળને જાણો છો, સર્વ કાળને જુઓ છો, સર્વે ભાવને જાણો છો – સર્વ ભાવને જુઓ છો. તેથી હે દેવાનુપ્રિય ! પહેલાં કે પછી, મારી આ સ્વરૂપની દિવ્ય દેવર્દ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાગ કઈ રીતે લબ્ધ–પ્રાપ્ત–અભિસન્મુખ થયો, તેને જાણો છો.

તો હે દેવાનુપ્રિય ! હું આપની ભક્તિપૂર્વક ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રન્થોને દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ, બત્રીશ પ્રકારે નૃત્યવિધિને દેખાડવા ઇચ્છુ છું.

૨૩. ત્યારે શ્રમણ ભગવન્ મહાવીર, સૂર્યાભદેવે આમ કહેતા, સૂર્યાભદેવની આ વાતનો ન આદર કર્યો, ન જાણી, પણ મૌનપૂર્વક રહ્યા,

ત્યારે તે સૂર્યાભદેવે શ્રમણ ભગવન્ મહાવીરને બીજી વખત પણ આમ કહ્યું – ભગવન્ ! આપ બધું જાણો છો યાવત્ નૃત્યવિધિ દેખાડવા ઇચ્છુ છું.

એમ કરી શ્રમણ ભગવન્ મહાવીરને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરી, વંદન–નમન કરી, ઈશાન દિશામાં ગયો, જઈને વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થયો. થઈને સંખ્યાત યોજન દંડ કાઢે છે, કાઢીને યથાબાદર પુદ્‌ગલ છોડીને, યથાસૂક્ષ્મને ગ્રહણ કરીને, બીજી વખત વૈક્રિય સમુદ્‌ઘાત કરીને યાવત્ બહુસમ રમણીય ભૂમિભાગને

વિકુર્વે છે.

તે ભૂમિભાગ આલિંગપુષ્કર યાવત્ મણિના સ્પર્શ જેવો હતો. તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગે પ્રેક્ષાઘર મંડપ વિકુર્વે છે. અનેક શત સ્તંભ સંનિવિષ્ટાદિ હતો. તે બહુસમ રમણીય ભૂમિભાગને વિકુર્વીને ચંદરવો, અક્ષાટક, મણિપીઠિકાને વિકુર્વે છે. તે મણિપીઠિકાની ઉપર સિંહાસન, સપરિવારને યાવત્ મુક્તાદામોથી શોભિત થઈ રહેલું હતું.

ત્યારે તે સૂર્યાભદેવ શ્રમણ ભગવન્ મહાવીરને જોઈને પ્રણામ કરે છે, કરીને 'ભગવન્ ! મને આજ્ઞા આપો.' એમ કહી શ્રેષ્ઠ સિંહાસને જઈને તીર્થંરાભિમુખ સુખપૂર્વક બેઠો.

ત્યારપછી તે સૂર્યાભદેવે પ્રથમ વિવિધ મણિ–કનક–રત્નનો વિમલ–મહાર્હ–નિપુણ શિલ્પીથી નિર્મિત, ચમકતા, રચિત, મહા આભરણ, કટક, ત્રુટિત, શ્રેષ્ઠ ઉજ્જ્વલ આભૂષણ, પીવર પ્રલંબ દક્ષિણ ભૂજાને પસારે છે.

ત્યારપછી તે ફેલાવેલી જમણી ભુજામાંથી સમાન શરીરવાળા, સમાન ત્વચાવાળા, સમાન વયયુક્ત, સમાન લાવણ્ય–રૂપ–યૌવન–ગુણોથી યુક્ત, એક જેવા આભરણ–વસ્ત્ર–નાટ્યોપકરણથી સુસજ્જિત, સ્કંધ અને બંને તરફ લટકતા પલ્લુવાળા ઉત્તરીય વસ્ત્રને ધારણ કરેલ, શરીર ઉપર વિવિધ રંગી કંચૂક વસ્ત્ર પહેરેલ, હવાના ઝોકાથી વિનિર્ગત ફેણ જેવી પ્રતીત ઝાલરયુક્ત વિચિત્ર, દેદીપ્યમાન લટકતા અધોવસ્ત્રોને ધારણ કરેલ, એકાવલી આદિથી શોભતા કંઠ અને વક્ષઃસ્થળ વાળા તથા નૃત્ય કરવા તત્પર એવા ૧૦૮ દેવકુમારોને ભૂજામાંથી બહાર કાઢે છે.

ત્યારપછી વિવિધ મણિ યાવત્ પીવર પ્રલંબ ડાબી ભૂજા પસારે છે.

તે ફેલાવેલી ડાબી ભુજામાંથી સમાન શરીરવાળા, સમાન ત્વચાવાળા, સમાન વયયુક્ત, સમાન લાવણ્ય–રૂપ–યૌવન–ગુણોથી યુક્ત, એક જેવા આભરણ, વસ્ત્ર, ગૃહિત નિયોગ, લલાટ ઉપર તિલક, મસ્તક ઉપર આમેલક, ગળામાં ગ્રૈવેયક અને કંચૂકી ધારણ કરેલ, વિવિધ મણિ–રત્નોના આભૂષણોથી વિરાજિત અંગ–પ્રત્યંગો વાળી, ચંદ્ર જેવા મુખવાળી, ચંદ્રાર્દ્ધ સમાન લલાટવાળી, ચંદ્રથી અધિક સૌમ્ય દર્શનવાળી, ઉલ્કાવત ઉદ્યોતીત, શૃંગારના ગૃહ જેવી, સુંદર વેશવાળી, હસિત–ભણિત–ચેષ્ટિત–વિલાસ–સલલિત સંલાપ–નિપુણ યુક્તોપચાર કુશળ–ગૃહીત આયોગ નૃત્ય સજ્જ ૧૦૮ દેવકુમારિકાઓ નીકળી.

ત્યારપછી તે સૂર્યાભદેવે ૧૦૮ શંખ અને ૧૦૮ શંખવાદકો વિકુર્વ્યા. ૧૦૮ શૃંગ–૧૦૮ શૃંગવાદકો, ૧૦૮ શંખિકા–૧૦૮ શંખિકા વાદકો, ૧૦૮–ખરમુખી, ૧૦૮–ખરમુખી વાદકો, ૧૦૮ પેયો, ૧૦૮ પેયવાદકો, ૧૦૮ પીરપીરિકા વિકુર્વી. એ પ્રમાણે ૪૯ પ્રકારના વાદ્યો અને ૪૯ પ્રકારના વાદકો વિકુર્વ્યા.

ત્યારપછી તે ઘણા દેવકુમારો અને દેવકુમારીઓ સૂર્યાભદેવે બોલાવતા હર્ષિત, સંતુષ્ટ યાવત્ પ્રસન્ન હૃદયી થઈ સૂર્યાભદેવ પાસે આવ્યા, આવીને સૂર્યાભદેવને બે હાથ જોડીને યાવત્ વધાવીને આમ કહ્યું –

હે દેવાનુપ્રિય ! અમારે જે કરવા યોગ્ય છે, તેની આજ્ઞા કરો. ત્યારે સૂર્યાભદેવે તે ઘણા દેવકુમારો અને દેવકુમારીઓને આમ કહ્યું –

હે દેવાનુપ્રિયો ! તમે જાઓ. શ્રમણ ભગવન્ મહાવીરને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરો, કરીને વંદન–નમસ્કાર કરો, વાંદી–નમીને ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રન્થોને તે દિવ્ય દેવઋદ્ધિ–દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ, દિવ્ય બત્રીશ બદ્ધ નૃત્યવિધિ દેખાડો. દેખાડીને જલદીથી મારી આ આજ્ઞા પાછી સોંપો.

ત્યારે તે ઘણા દેવકુમારો અને દેવકુમારીઓ સૂર્યાભદેવે આ પ્રમાણે કહેતા હર્ષિત સંતુષ્ટ યાવત્ પ્રસન્ન હૃદયી થઈ યાવત્ બે હાથ જોડી યાવત્ આજ્ઞાનો સ્વીકાર કરે છે. સ્વીકારીને શ્રમણ ભગવંત મહાવીર પાસે આવે છે, આવીને શ્રમણ ભગવન્ મહાવીરને યાવત્ નમીને ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રન્થો પાસે આવે છે.

ત્યારપછી તે ઘણા દેવકુમારો અને દેવકુમારીઓ પંક્તિબદ્ધ થઈને એકસાથે એકઠા થયા, થઈને એકસાથે

પંક્તિબદ્ધ થયા, પંક્તિબદ્ધ થઈને એકસાથે નમ્યા, નમીને એકસાથે પોતાના મસ્તક ઉપર કરી સીધા ઊભા રહ્યા.

આ ક્રમે જ ફરી બધા એકસાથે મળીને નીચે નમે અને ફરી મસ્તક ઊંચા કરી સીધા ઊભા રહ્યા. પછી કંઈક નીચા નમ્યા અને ફરી ઊભા થયા. પછી અલગ–અલગ ફેલાઈ ગયા અને પછી યથાયોગ્ય નૃત્ય–ગીત આદિના ઉપકરણો લઈને એક સાથે વગાડવા લાગ્યા, ગાવા અને નૃત્ય કરવા લાગ્યા.

તેમનું સંગીત આવા પ્રકારનું હતું. ઉરથી મંદ, શિરથી તાર, કંઠથી વિતાર, ત્રણ પ્રકારે ત્રિસમય રેચકથી રચિત હતું. સંગીતના ગુંજારવથી સમસ્ત પ્રેક્ષાગૃહ ગુંજવા લાગ્યુ. ગેય રાગ–રાગણીને અનુરૂપ હતું. ત્રિસ્થાન–ત્રિકરણથી શુદ્ધ હતું. ગુંજતી એવી બંસરી અને વીણાના સ્વરોથી એકરૂપે મળેલ હતું. એક–બીજાની વાગતી હથેળીના સ્વરનું અનુસરણ કરતી હતી. મુરજ અને કંશિકાદિ વાદ્યોની ઝંકાર તથા નર્તકોના પાદક્ષેપ સાથે મેળ ખાતો હતો. વીણા આદિ વાદ્ય–ધૂનોનું અનુકરણ કરનારા હતા. કોયલની કુહૂક જેવો મધુર તથા સર્વ પ્રકારે સમ, સલલિત, મનોહર, મૃદુ, રિભિત, પદસંચાર યુક્ત, શ્રોતાઓને રતિકર, શ્રેષ્ઠ ચારુ રૂપ, દિવ્ય નૃત્યસજ્જ, ગેય પ્રગીત હતું.

દેવકુમારોના તે વાજિંત્રો કેવા હતા ?

ઉદ્ધમંત શંખ, શૃંગ, શંખિકા, ખરમુખી, પેયા, પરપિરિકા હતી. પ્રણવ અને પટહ(ઢોલ અને નગારા)ની આહત કરતા હતા. ભંભા અને હોરંભ ઉપર આસ્ફાલન કરતા હતા, વીણા અને વિપંચી વગાડતા હતા, ભેરી, ઝલ્લરી અને દુંદુભીને તાડિત કરતા હતા, મુરજ–મૃદંગ–નંદી અને મૃદંગનો આલાપ કરતા હતા, આલિંગ–કુસ્તુંબ–ગોમુખી–અને માદલને ઉત્તાડન કરતા હતા, વીણા–વિપ્રંચી અને વલ્લકીને મૂર્ચ્છિત કરતા હતા, મહતી વીણા–કચ્છપી અનેચિત્ર વીણાને કૂટતા, બદ્ધીસ, સુઘોષા અને નંદીઘોષાનું સારણ કરતા હત. ...તથા...

ભ્રામરી, ષડ્ભ્રામરી અને પરિવાદની વીણાનું સ્ફોટન કરતા હતા, તૂણ અને તુંબવીણાનો સ્પર્શ કરતા હતા, આમોટ, ઝાંઝકુંભ અને નકુલને ખણ ખણાવતા હતા, મૃદંગ, હુડુક્ક અને વિચિક્કી ધીમેથી સ્પર્શતા હતા, કરડ, ડિંડિમ, કિણિત અને કડંબને વગાડતા હતા. દર્દરક, દર્દરિકા, કુસ્તુંબુરુ, કલશિકા અને મડ્ડુને જોરજોરથી તાડિત કરતા હતા. તલ, તાલ અને કાંસ્યતાલને ધીમેથી તાડિત કરતા હતા, રિંગિરિસિકા, લત્તિકા, મકરિકા અને શિશુ–મારિકાનું ઘટ્ટન કરતા હતા, વંશી, વેણુ, વાલી, પરિલ્લી અને બદ્ધકોને ફૂંકતા હતા.

એ રીતે બધા પોત–પોતાના વાદ્ય વગાડતા હતા.

ત્યારપછી તે દિવ્ય ગીત, દિવ્ય નૃત્ય, દિવ્ય વાજિંત્ર તથા અદ્‌ભુત શૃંગાર, ઉદાર, મનોજ્ઞ, મનહર ગીત, મનહર નૃત્ય, મનહર વાદ્ય, એ બધું ચિત્તને આક્ષેપક, કહકહરૂપ, દિવ્ય દેવરમણમાં પ્રવૃત્ત હતા.

ત્યારપછી ઘણા દેવકુમારો અને દેવકુમારીઓએ શ્રમણ ભગવંત મહાવીર સમક્ષ સ્વસ્તિક, શ્રીવત્સ, નંદ્યાવર્ત્ત, વર્દ્ધમાનક, ભદ્રાસન, કલશ, મત્સ્ય, દર્પણ. આ આઠ મંગલ દ્રવ્યોના આકાર નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી.

## સૂત્ર–૨૪, ૨૫

**૨૪.** ત્યારપછી તે ઘણા દેવકુમારો, દેવકુમારીઓ એકસાથે એકઠા થયા, ત્યાંથી દિવ્ય દેવરમણમાં પ્રવૃત્ત થયા સુધીનું સર્વ કથન કહેવું.

ત્યારપછી તે અનેક દેવકુમારો અને દેવકુમારીઓ શ્રમણ ભગવન્ મહાવીર સન્મુખ આવર્ત્ત, પ્રત્યાવર્ત્ત, શ્રેણિ, પ્રશ્રેણિ, સ્વસ્તિક, સૌવસ્તિક, પૂષ્યમાનક, મત્સ્યંડ, મકરંડક, જાર, માર, પુષ્પાવલિ, પદ્મપત્ર, સાગર–તરંગ, વાસંતીલતા, પદ્મલતાના આકારની રચના રૂપ દિવ્ય નાટ્યવિધિનો અભિનય કરી બતાવ્યો.

આ રીતે એક–એક નાટ્યવિધિમાં એકઠા થયા યાવત્ દિવ્ય દેવક્રીડામાં પ્રવૃત્ત થયા, ત્યાં સુધીની વક્તવ્યતા પૂર્વવત્ કહેવું.

ત્યારપછી ઘણા દેવકુમાર–દેવકુમારીઓ શ્રમણ ભગવન્ મહાવીર સન્મુખ ઈહા–મૃગ–વૃષભ–તુરગ–નર–

મગર–વિહગ–વ્યાલક–કિંનર–રુરુ–સુરભ–ચમર–કુંજર–વનલતા–પદ્મલતાના આકારની રચના રૂપ દિવ્ય નાટ્યવિધિનો અભિનય કરી બતાવ્યો. – પછી –

ત્યારપછી ચોતું દિવ્ય નાટક બતાવતા તેઓએ એક દિશામાં ધનુષાકાર શ્રેણી બનાવીને એકતો વક્ર, એ રીતે દ્વિધા વક્ર, એકતો ચક્રવાલ, દ્વિધા ચક્રવાલ, ચક્રાર્દ્ધ ચક્રવાલ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડે છે –

ત્યારપછી પાંચમું દિવ્ય નૃત્ય બતાવતા – ચંદ્રાવલિ, વલિતાવલિ, હંસાવલિ, સૂરાવલિ, એકાવલિ, તારાવલિ, મુક્તાવલિ, કનકાવલિ, રત્નાવલિ પ્રવિભક્તિ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી.

ત્યારપછી છઠ્ઠું દિવ્ય નૃત્ય બતાવતા– ચંદ્ર અને સૂર્ય ઉદ્‌ગમન પ્રવિભક્તિ, ઉદ્‌ગમ–અનુદ્‌ગમન પ્રવિભક્તિ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી.

ત્યારપછી સાતમું દિવ્ય નૃત્ય બતાવતા– ચંદ્રાગમન પ્રવિભક્તિ, સૂર્યાગમન પ્રવિભક્તિ, આગમનાગમન પ્રવિભક્તિ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી.

ત્યારપછી આઠમું દિવ્ય નૃત્ય બતાવતા– ચંદ્રાવરણ(ચંદ્રગ્રહણ) પ્રવિભક્તિ, સૂર્યાવરણ(સૂર્યગ્રહણ) પ્રવિભક્તિ, આવરનાવરણ નૃત્યવિધિ દેખાડી.

ત્યારપછી નવમું દિવ્ય નૃત્ય બતાવતા– ચંદ્ર અસ્તમન વિધિ અને સૂર્ય અસ્તમન વિધિ, અસ્તમનાસ્તમાન પ્રવિભક્તિ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી.

ત્યારપછી દશમું દિવ્ય નૃત્ય બતાવતા– ચંદ્રમંડલ પ્રવિભક્તિ, સૂર્યમંડલ પ્રવિભક્તિ, નાગ–યક્ષ–ભૂત–રાક્ષસ–મહોરગ–ગંધર્વ મંડલ પ્રવિભક્તિ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી.

ત્યારપછી અગિયારમું દિવ્ય નૃત્ય બતાવતા–વૃષભ અને સીહની લલિતગતિ, હાથી અને ઘોડાની વિલંબિત ગતિ, મત્ત હાથી–ઘોડાની વિલસિત ગતિ અને દ્રુત વિલંબિત નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી.

ત્યારપછી બારમું દિવ્ય નૃત્ય બતાવતા– તે દેવકુમારોએ સાગર પ્રવિભક્તિ, નાગર પ્રવિભક્તિ, સાગરનાગર પ્રવિભક્તિ નામે નૃત્યવિધિ દેખાડી.

ત્યારપછી તેરમું દિવ્ય નૃત્ય બતાવતા– તેઓએ નંદા પ્રવિભક્તિ, ચંપા પ્રવિભક્તિ, નંદાચંપા પ્રવિભક્તિ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી.

ત્યારપછી ચૌદમું દિવ્ય નૃત્ય બતાવતા– મત્સ્યંડ પ્રવિભક્તિ, મકરંડ પ્રવિભક્તિ, જારામારા પ્રવિભક્તિ અને મત્સ્યંડ–મકરંડ–જારા–મારા પ્રવિભક્તિ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી.

ત્યારપછી પંદરમું દિવ્ય નૃત્ય બતાવતા– ક આકાર પ્રવિભક્તિ, ખ આકાર પ્રવિભક્તિ, ગ આકાર પ્રવિભક્તિ, ઘ આકાર પ્રવિભક્તિ, ઙ આકાર પ્રવિભક્તિ અને ક–ખ–ગ–ઘ–ઙ આકાર પ્રવિભક્તિ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી.

ત્યારપછી સોળમું દિવ્ય નૃત્ય બતાવતા– તેઓએ ચકાર વર્ગ, ચ–છ–જ–ઝ–ઞ આકાર, પાંચ પ્રકારની પ્રવિભક્તિ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી.

ત્યારપછી એ જ રીતે સત્તર–અઢાર–ઓગણીસમું દિવ્ય નૃત્ય બતાવતા– તેઓએ ટકાર વર્ગ (ટ–ઠ–ડ–ઢ–ણ એ પાંચ પ્રકારે) પ્રવિભક્તિ; પછી તકાર વર્ગ(ત–થ–દ–ધ–ન એ પાંચ પ્રકારે) પ્રવિભક્તિ, પછી પકાર વર્ગ(પ–ફ–બ–ભ–મ એ પાંચ પ્રકારે) પ્રવિભક્તિ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી.

ત્યારપછી વીસમું દિવ્ય નૃત્ય બતાવતા– તેઓએ અશોક–આમ્ર–જંબૂ–કોસંબપલ્લવ પ્રત્યેકની તથા પલ્લવ પ્રવિભક્તિ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી.

ત્યારપછી એકવીસમું દિવ્ય નૃત્ય બતાવતા– તેઓએ પદ્મલતા, નાગલતા, ચંપકલતા, અશોકલતા,

વનલતા, વાસંતિલતા, અતિમુક્તકલતા, કુંદલતા, શ્યામલતા અને લતા પ્રવિભક્તિ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી

ત્યારપછી તેઓએ બાવીસથી ચોવીશમાં દિવ્ય નૃત્યને બતાવતા– ૨૨.દ્રુત, ૨૩.વિલંબિત, ૨૪. દ્રુત–વિલંબિત નામક નૃત્યવિધિ દેખાડી.

ત્યારપછી તેઓએ પચીશમાંથી સતાવીશમાં દિવ્ય નૃત્યને બતાવતા– ૨૬.અંચિત, ૨૭.રિભિત, ૨૮. અંચિતરિભિત નામક નૃત્યવિધિ દેખાડી

ત્યારપછી તેઓએ અટ્ઠાવીશમાંથી ત્રીશમાં દિવ્ય નૃત્યને બતાવતા– ૨૮.આરભડ, ૨૯.ભસોલ, ૩૦.આરભડ ભસોલ નામક નૃત્યવિધિ દેખાડી.

ત્યારપછી એકત્રીશમાં દિવ્ય નૃત્યને બતાવતા– ઉત્પાત, નિપાત, પ્રવૃત્ત, સંકુચિત, પ્રસારિત, રચારચિત, ભ્રાંત અનેસંભ્રાંત નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી.

ત્યારપછી તે ઘણા દેવકુમારો અને દેવકુમારીઓ, એક સ્થાને એક સાથે એકત્રિત થયા યાવત્ દિવ્ય દેવરમણમાં પ્રવૃત્ત થયા.

ત્યારપછી તે દેવકુમારો અને દેવકુમારીઓએ શ્રમણ ભગવન્ મહાવીરના પૂર્વભવ ચરિત્ર નિબદ્ધ, દેવલોક ચરિત્ર નિબદ્ધ, ચ્યવન–સંહરણ–જન્મ–અભિષેક–બાલ્યભાવ–યૌવન–કામભોગ–નિષ્ક્રમણ–તપશ્ચરણ જ્ઞાનનો ઉત્પાદ–તીર્થ પ્રવર્તન–પરિનિર્વાણ અને ચરમ આ બધા ચરિત્ર નિબદ્ધ દિવ્ય નૃત્યવિધિ દેખાડી.

ત્યારપછી બત્રીશમી નૃત્યવિધિ દેખાડતા, તે દેવકુમારો અને દેવકુમારીઓએ તે ઘણા દેવકુમારો અને દેવકુમારીઓ ચાર પ્રકારના વાજિંત્રો વગાડે છે. તે આ – તત, વિતત, ઘન, ઝુસિર.

ત્યારપછી ઘણા દેવકુમારો અને દેવકુમારીઓ ચાર પ્રકારના ગીત ગાયા. તે આ – ઉત્ક્ષિપ્ત, પાદાંત, મંદક, રોચિતાવસાન.

ત્યારપછી તે ઘણા દેવકુમારો અને દેવકુમારીઓએ ચાર પ્રકારની નૃત્યવિધિ દેખાડી. તે આ – અંચિત, રિભિત, આરભડ, ભસોલ.

ત્યારપછી તે ઘણા દેવકુમારો અને દેવકુમારીઓએ ચાર પ્રકારનો અભિનય કર્યો. દાર્ષ્ટાન્તિક, પ્રાત્યંતિક, સામંતોપનિપાતિક, અંતર્મધ્યાવસાનિક.

ત્યારપછી તે ઘણા દેવકુમારો–દેવકુમારીએ ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રન્થોને દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ, દિવ્ય બત્રીશ બદ્ધ નાટક દેખાડી, શ્રમણ ભગવન્ મહાવીરને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરે છે. કરીને વંદન–નમન કરે છે. વાંદી–નમીને સૂર્યાભદેવ પાસે આવ્યા.

આવીને સૂર્યાભદેવને બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી, જય–વિજય વડે વધાવે છે, વધાવીને તેમની આજ્ઞા પાછી સોંપે છે.

**૨૫.** ત્યારપછી તે સૂર્યાભદેવે, તે દિવ્ય દેવર્દ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવને પડિસંહરે છે, સંહરીને ક્ષણ વારમાં એકલો એકભૂત થઈ ગયો.

ત્યારપછી તે સૂર્યાભદેવે શ્રમણ ભગવન્ મહાવીરને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરી, વંદન–નમસ્કાર કર્યા, વાંદી–નમીને પોતાના પરિવાર સાથે પરીવરીને તે જ દિવ્ય યાનવિમાનમાં બેઠો. બેસીને જે દિશાથી આવ્યો હતો, તે જ દિશામાં પાછો ગયો.

સૂત્ર–૨૬

ભગવન્‌ને આમંત્રીને ગૌતમસ્વામીએ શ્રમણ ભગવન્ મહાવીરને વંદન–નમસ્કાર કર્યા. કરીને કહ્યું –

હે ભગવન્ ! સૂર્યાભદેવને આ દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ ક્યાં ગયો ? ક્યાં પ્રવેશ્યો ?

ગૌતમ ! શરીરમાં ગઈ, શરીરમાં પ્રવેશી.

ભગવન્ ! એમ કેમ કહો છો કે શરીરમાં ગઈ, શરીરમાં પ્રવેશી ?

ગૌતમ! જેમ કોઈ કૂટાગાર શાળા હોય, બંને બાજુથી લિપ્ત, બંને બાજુથી ગુપ્ત, ગુપ્ત દ્વારવાળી, નિર્વાત, નિર્વાત ગંભીર હોય, તે કૂટાગાર શાળાની કંઈક સમીપે એક મોટો જનસમૂહ હોય. ત્યારે તે જનસમૂહ એક મોટા મેઘના વાદળ કે વરસતા વાદળ કે મહાવાતને વાતો જોઈને તે કૂટાગાર શાળાની અંદર પ્રવેશીને રહે છે. તેમ હે ગૌતમ! એમ કહ્યું કે શરીરમાં પ્રવેશી.

સૂત્ર–૨૭

ભગવન્ ! સૂર્યાભદેવનું સૂર્યાભ નામક વિમાન ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની દક્ષિણે, આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી ઊંચે ચંદ્ર–સૂર્ય–ગ્રહગણ–નક્ષત્ર–તારા એ બધાથી ઘણા યોજનો, ઘણા સેંકડો યોજનો, ઘણા હજારો યોજનો, ઘણા લાખો યોજનો, ઘણા કરોડો યોજનો, ઘણા હજાર કરોડો યોજનો ઊંચે દૂર ગયા પછી સૌધર્મકલ્પ નામે કલ્પ કહ્યો છે.

તે પૂર્વ–પશ્ચિમ લાંબો અને ઉત્તર–દક્ષિણ પહોળો છે, અર્દ્ધ ચંદ્ર સંસ્થાન સંસ્થિત છે. સૂર્ય કિરણોની માફક પોતાની દ્યુતિથી હંમેશા ચમકતો રહે છે. અસંખ્યાત કોડાકોડી યોજન તેની લંબાઈ–પહોળાઈ, અસંખ્યાત યોજન પ્રમાણ તેની પરિધિ છે. એ સૌધર્મકલ્પમાં બત્રીશ લાખ વિમાન કહેલા છે.

ઉક્ત વિમાનો સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે વિમાનોના બહુમધ્ય દેશભાગે પાંચ વતંસક કહ્યા છે. તે આ – અશોકાવતંસક, સપ્તપર્ણાવતંસક, ચંપકાવતંસક, ચૂયગાવતંસક અને મધ્યમાં સૌધર્માવતંસક છે. તે અવતંસકો રત્નમય યાવત્ પ્રતિરૂપ છે.

તે સૌધર્માવતંસક મહાવિમાનની પૂર્વમાં તિર્છા અસંખ્યાત હજારો યોજન ગયા પછી આ સૂર્યાભદેવનું સૂર્યાભ નામે વિમાન કહ્યું છે.

તે વિમાનની સાડા બાર લાખ યોજન લંબાઈ–પહોળાઈ છે. તેની પરિધિ ૩૯,૫૨,૮૪૮ યોજન છે. તે એક પ્રાકાર વડે ચોતરફથી પરિવૃત્ત છે. તે પ્રાકાર ૩૦૦ યોજન ઊંચો, મૂળમાં ૧૦૦ યોજન વિષ્કંભ, મધ્યમાં ૫૦ યોજન અને ઉપર ૨૫ યોજન છે. આ રીતે તે પ્રાકાર મૂળમાં વિસ્તૃત, મધ્યમાં સંક્ષિપ્ત અને ઉપર પાતળો એવા ગોપુચ્છ સંસ્થાને સંસ્થિત, સર્વ સુવર્ણમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે પ્રાકાર વિવિધ પંચવર્ણી કપિશીર્ષકથી શોભે છે. તે આવા – કૃષ્ણ, નીલ, લાલ, પીળો, શ્વેત, કપિશીર્ષકોથી. તે કપિશીર્ષકો એક યોજન લાંબા, અર્દ્ધ યોજન પહોળા, દેશોન યોજન ઉર્ધ્વ ઊંચાઈથી છે. સર્વ મણિરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

સૂર્યાભ વિમાનની એક એક બાજુમાં એક એક હજાર દ્વાર હોય છે, તેમ કહ્યું છે.

તે દ્વાર ૫૦૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ૨૫૦ યોજન વિષ્કંભથી, તેટલું જ તેનું પ્રવેશન છે. આ બધા દ્વાર શ્વેતવર્ણી, શ્રેષ્ઠ સુવર્ણ સ્તૂપિકાયુક્ત છે. તેના ઉપર ઇહા–મૃગ–વૃષભ–ઘોડા–મનુષ્ય–મગર–વિહગ–સર્પ–કિન્નર–રુરુ–સરભ–હાથી, વનલતા, પદ્મલતા આદિના ચિત્રો ચિત્રિત છે. સ્તંભો ઉપર બનેલ વજ્રરત્નોની વેદિકાયુક્ત હોવાથી રમણીય દેખાય છે. સમશ્રેણિ સ્થિત વિદ્યાધર યુગલ ચંત્ર દ્વારા ચાલતા દેખાય છે.

તે દ્વારો હજારો કિરણોથી વ્યાપ્ત, હજારો રૂપકો વડે યુક્ત હોવાથી દીપ્યમાન અને અતિ દીપ્યમાન છે. જોતાં જ જોનારની આંખો ત્યાં ચોંટી જાય છે. સુખ, સ્પર્શ અને રૂપ શોભાસંપન્ન છે.

તે દ્વારોના નેમ વજ્રમય, પ્રતિષ્ઠાન રિષ્ટમય, સ્તંભ વૈડૂર્યમય, તલભાગ સ્વર્ણજડિત પંચરંગી મણિરત્નોનો બનેલ છે. તેની દહેલી હંસગર્ભ રત્નોની, ઇન્દ્રકીલ ગોમેદ રત્નની, દ્વારશાખા લોહીતાક્ષ રત્નોની, ઉત્તરંગ જ્યોતિરસ

રત્નોનો, સંધિ કિલિકા લોહીતાક્ષ રત્નની, સંધિ વજ્રરત્નથી પૂરેલી, સમુદ્ગક વિવિધ મણિઓના છે. તે દ્વારની અર્ગલાઓ, અર્ગલા પાસાઓ વજ્ર રત્નોની છે. આવર્ત્તન પીઠિકા ચાંદીની છે. ઉત્તર–પાર્શ્વક અંકરત્નોના, તેમાં લાગેલા કમાડ એટલા ફીટ–સઘન છે કે બંધ કર્યા પછી થોડું પણ અંતર રહેતું નથી. પ્રત્યેક દ્વારની બંને બાજુઓની ભીંતોમાં ૧૬૮ ભિત્તિગુલિકાઓ છે. એટલી જ ગોમાનસિકાઓ છે.

પ્રત્યેક દ્વાર ઉપર અનેક પ્રકારના મણિરત્નમય વ્યાલ રૂપોની પૂતળીઓ છે. વજ્રરત્નમય કુડ્ડ, રત્નમય ઉત્સેધ, તપનીય સ્વર્ણમય ઉલ્લોચ, વિવિધ મણિરત્નમય જાળપંજર, મણિમય વંશક, લોહિતાક્ષ પ્રતિવંશક, રજતમય ભૂમિ, પાંખ અને પાંખ બાહા અંક–રત્નોની છે. જ્યોતિરસ રત્નમયી વાંસ–વલ્લી છે. પાટિયા ચાંદીના છે. જાત્ય રૂપ્યમયી અવઘાટણીઓ, ઉપરી પ્રોંછનીઓ વજ્રરત્નોની તથા નીચેના આચ્છાદન સર્વથા શ્વેત–ધવલ–રજતમય છે.

તેના શિખર અંકરત્નોના છે. તેના ઉપર સુવર્ણની સ્તૂપિકા છે. આ દ્વાર શંખ સમાન વિમલ, દધિ ઘન ગોક્ષીરફેણ –રજતસમૂહ સમાન, તિલક–રત્ન–અર્દ્ધચંદ્ર ચિત્રાકાર છે. વિવિધ મણિદામથી અલંકૃત, અંદર–બહાર શ્લક્ષ્ણ, સુવર્ણવાલુકા પ્રસ્તટ, સુખસ્પર્શી સશ્રીક રૂપવાળા, પ્રાસાદીય–દર્શનીય–અભિરૂપ–પ્રતિરૂપ છે.

સૂત્ર–૨૮

તે દ્વારોની બંને પડખે નિષિધિકાઓમાં ૧૬–૧૬ ચંદન કળશોની પંક્તિઓ કહી છે.

તે ચંદન કળશો ઉત્તમ કળશો ઉપર પ્રતિષ્ઠિત છે. ઉત્તમ સુગંધી જળથી ભરેલ, ચંદન લેપથી ચર્ચિત, કંઠમાં રક્તસૂત્ર બાંધેલ, પદ્મોત્પલથી ઢાંકેલ મુખવાળા હતા. આ બધા કળશો સર્વરત્નમય, નિર્મળ યાવત્ બૃહત્ ઈન્દ્રકુંભ જેવા વિશાળ અને અતિરમણીય હતા.

તે દ્વારોના ઉભય પાર્શ્વવર્તી બંને નિષિધિકાઓમાં સોળ–સોળ નાગદંત પંક્તિઓ કહી છે. આ નાગદંત મોતી અને સોનાની માળામાં લટકતી ગવાક્ષાકાર ઘુંઘરુઓથી યુક્ત, નાની–નાની ઘંટિકાથી પરિવેષ્ટિત છે. તેનો અગ્રભાગ ઉપર તરફ ઉઠેલ દીવાલથી બહાર નીકળતો છે અને પાછળનો ભાગ અંદર દીવાલમાં સારી રીતે ઘૂસેલો છે. આકાર સર્પના અધોભાગ જેવો છે. અગ્રભાગ સર્પાર્ધ સમાન છે, વજ્રરત્નોનો બનેલ છે. મોટા–મોટા ગજદંતો જેવા આ નાગદંત સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે નાગદંતોમાં ઘણા કાળા સૂત્રથી બદ્ધ, વર્તુળાકાર, વગ્ઘારિત માલ્ય દામયુક્ત, નીલ–લોહિત–હાલિદ્ર–શુક્લના પણ માલ્યાદામ લટકતા હતા. તે માળા તપનીય સુવર્ણના લંબૂસક, સુવર્ણના પત્રોથી મંડિત યાવત્ કર્ણ–મનને સુખકર શબ્દોથી તે પ્રદેશમાં ચોતરફ આપૂરિત કરતા–કરતા શ્રી વડે અતિ–અતિ શોભતા એવા રહેલા હતા.

તે નાગદંતો ઉપર બીજી સોળ–સોળ નાગદંતોની પંક્તિઓ કહી છે. તે નાગદંતો પૂર્વવત્ યાવત્ મોટા–મોટા ગજદંત સમાન કહેલા છે. હે આયુષ્યમાન્ શ્રમણો ! તે નાગદંતોમાં ઘણા રજતમય સિક્કા કહેલ છે. તે રજતમય સિક્કાઓમાં ઘણી વૈડૂર્યમય ધૂપઘડીઓ કહી છે.

તે ધૂપઘડી કાળો અગરુ, પ્રવર કુંદુરુષ્ક, તુરુષ્ક, ધૂપથી મઘમઘતા ગંધોદ્ધૃત રમ્ય, સુગંધ વર ગંધિકાથી ગંધવર્તીભૂત ઉદાર, મનોજ્ઞ, મનહર, ઘ્રાણ અને મનને સુખકર ગંધ વડે તે પ્રદેશ ચોતરફ ફેલાઈ યાવત્ રહે છે.

તે દ્વારોના બંને પડખે નિષિધિકાઓમાં સોળ–સોળ પૂતળીની પંક્તિઓ કહી છે. તે પૂતળીઓ લીલા કરતી, સુપ્રતિષ્ઠ, સુઅલંકૃત, વિવિધરંગી વસ્ત્રો, વિવિધ માળા ધારણ કરેલી, મુઠ્ઠી પ્રમાણ કટિભાગવાળી, મસ્તકે ઊંચો અંબોડો બાંધેલ, સમશ્રેણિ સ્થિત છે, તે સહવર્તી, અભ્યુન્નત, પરિપુષ્ટ, કઠોર, ભરાવદાર, સ્થૂળ, ગોળાકાર સ્તનોવાળી, રક્ત–શરીરી ડાબા હાથમા ગૃહીત અગ્ર શાખાવાળી, કંઈક અર્ધ મીંચેલ કટાક્ષ ચેષ્ટા વડે મનને હરણ કરતી એવી, આંખોમાં વસી જાય તેવી, પરસ્પર ખેદખિન્ન થતી, પૃથ્વી પરિણામી, શાશ્વત ભાવોપગત, ચંદ્રમુખી, ચંદ્ર વિલાસિની, ચંદ્રાર્દ્ધ સમ લલાટવાળી, ચંદ્રથી અધિક સૌમ્યદર્શન વાળી, ઉલ્કા જેવી ચમકતી વિદ્યુત ઘન, સૂર્યના કિરણોથી દીપ્ત

તેજથી અધિકતર પ્રકાશવાળી, શૃંગારના ગૃહ સમાન સુંદર વેશવાળી, પ્રાસાદીય આદિ રહેલી હતી.

સૂત્ર–૨૯

તે દ્વારના બંને પડખે નિષિધિકાઓમાં સોળ–સોળ જાળ–કટકની પંક્તિ છે. તે જાલકટક સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે દ્વારોના બંને પડખે નિષિધિકાઓમાં સોળ–સોળ ઘંટાની પંક્તિઓ કહી છે.

તે ઘંટાનું વર્ણન આ પ્રમાણે છે – જાંબુનદમયી ઘંટા, વજ્રમય લોલક, વિવિધ મણિમય ઘંટાપાસા, તપનીયમય સાંકળો, રજતમય દોરડાઓ છે.

તે ઘંટાઓ ઓઘસ્વરા, મેઘસ્વરા, સિંહસ્વરા, દુંદુભિસ્વરા, ક્રૌંચસ્વરા, નંદિસ્વરા, નંદિઘોષા, મંજુસ્વરા, મંજુઘોષા, સુસ્વરા, સુસ્વર નિર્ઘોષવાળી, ઉદાર–મનોજ્ઞ–મનહર–કર્ણ, મનને સુખકારી શબ્દોથી તે પ્રદેશને ચોતરફથી આપૂરિત કરતા રહે છે.

તે દ્વારોની બંને પડખે નિષિધિકામાં સોળ–સોળ વનમાળા પંક્તિઓ કહી છે. તે વનમાળાઓ વિવિધ મણિમય દ્રુમલતા કિશલય પલ્લવથી સમાકુલ, ભ્રમરો દ્વારા પરિભોગિત થતા શોભે છે, સશ્રીક અને પ્રાસાદીયાદિ છે.

તે દ્વારોની બંને પડખે નિષિધિકામાં સોળ–સોળ પ્રકંઠક કહેલ છે. તે પ્રકંઠકો ૨૫૦ યોજન લંબાઈ–પહોળાઈથી, ૧૨૫–યોજન જાડાઈથી, સર્વ વજ્રમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે પ્રકંઠકોની ઉપર પ્રત્યેકમાં પ્રાસાદાવતંસક કહ્યા છે.

તે પ્રાસાદાવતંસક ૨૫૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે, ૧૨૫ –યોજન વિષ્કંભથી છે. રે દિશામાં વ્યાપ્ત પોતાની પ્રભાથી હસતા એવા લાગે છે. વિવિધ પ્રકારના મણિ–રત્નોથી તેમાં ચિત્ર–વિચિત્ર રચનાઓ બની હતી. વાયુથી ફરકતી, વિજય સૂચિત કરનારી વૈજયંતિ પતાકા અને છત્રાતિછત્રથી અલંકૃત છે. અત્યંત ઊંચી હોવાથી તેના શિખર આકાશતલ ઉલ્લંઘતા જણાય છે.

વિશિષ્ટ શોભા માટે જાળી–ઝરોખામાં રત્નો જડેલા હતા. તે રત્નો તત્કાળ પટારામાંથી નીકળેલા હોય તેવા ચમકતા હતા. મણિ અને સુવર્ણથી તેની સ્તૂપિકા નિર્મિત છે. વિકસિત શતપત્ર પુંડરીક, તિલક રત્નોથી રચિત અર્ધચંદ્ર, વિવિક મણિમાળાથી અલંકૃત હતા. અંદર–બહારથી શ્લક્ષ્ણ, સુવર્ણની રેતીના પ્રસ્તટ, સુખસ્પર્શ વાળા, સશ્રીકરૂપ, પ્રાસાદીય, દર્શનીય યાવત્ માળાથી શોભિત પ્રકંઠક–ધ્વજા–છત્રાતિછત્ર ઉપર છે.

તે દ્વારની બંને પડખે સોળ–સોળ તોરણો કહ્યા છે.

તે તોરણો વિવિધ મણિમય, વિવિધ મણિઓના નિર્મિત સ્તંભોની ઉપર સારી રીતે બાંધેલ હતા યાવત્ પદ્મના ગુચ્છોથી શોભિત છે.

તે તોરણો આગળ બબ્બે શાલભંજિકા કહી છે. તેનું વર્ણન પૂર્વવત્.

તે તોરણો આગળ નાગદંતો કહ્યા છે, તેનું વર્ણન પૂર્વવત્ યાવત્ મુક્તાદામ પર્યન્ત કહેવું.

તે તોરણો આગળ બબ્બે અશ્વ, હાથી, મનુષ્ય, કિંનર, કિંપુરુષ, મહોરગ, ગંધર્વ અને વૃષભ યુગલ છે. આ બધા રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. આ પ્રમાણે વીથી પંક્તિ અને યુગલો સ્થિત છે.

તે તોરણોની આગળ બબ્બે પદ્મલતા યાવત્ શ્યામલતા છે, તે નિત્ય કુસુમિત, સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે તોરણોની આગળ બબ્બે અક્ષત દિશા–સૌવસ્તિક કહ્યા છે. તે સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે તોરણોની આગળ બબ્બે ચંદન કળશો કહ્યા છે. તે ચંદન કળશો શ્રેષ્ઠ કમળ ઉપર પ્રતિષ્ઠિત હતા.

તે તોરણોની આગળ બબ્બે ભૃંગાર કહ્યા છે. તે ભૃંગારો શ્રેષ્ઠ કમળ ઉપર પ્રતિષ્ઠિત યાવત્ હે આયુષ્યમાન્

શ્રમણો ! મોટા ઉન્મત્ત ગજરાજની મુખાકૃતિ સમાન વિશાળ આકારવાળા છે.

તે તોરણોથી આગળ બબ્બે દર્પણો કહ્યા છે. તે દર્પણોનું આવું વર્ણન કહ્યું છે – સુવર્ણમય, પ્રકંઠક, વૈડૂર્યમય ચોકઠા, વજ્રમય પાછળનો ભાગ, વિવિધ મણિમય મંડલ, ઘસેલા ન હોવા છતાં પોતાની નિર્મળ પ્રભાથી યુક્ત, ચંદ્રમંડલવત્ નિર્મળ, કાયાર્દ્ધ સમાન મોટા હતા.

તે તોરણોની આગળ બબ્બે વજ્રનાભ થાળ કહ્યા છે, આ બધા થાળ સ્વચ્છ, ત્રણવાર છડેલ, શોધેલ, નિર્મળ તાંદુલથી પરિપૂર્ણ ભરેલ એવા રહેલા હતા. બધા જાંબુનદમય યાવત્ પ્રતિરૂપ અને મોટા મોટા રથના ચક્ર સમાન હે આયુષ્યમાન્ શ્રમણ ! કહેલા છે.

તે તોરણોની આગળ બબ્બે પાત્રીઓ છે. તે પાત્રીઓ સ્વચ્છ જળથી ભરેલી, વિવિધ પંચવર્ણી મણિ જેવા તાજા ફળોથી ઘણી ભરેલી એવી છે, સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે મોટા ગોકલિંજર સમાન હે આયુષ્યમાન્ શ્રમણો ! કહેલી છે.

તે તોરણો આગળ બબ્બે સુપ્રતિષ્ઠક છે. વિવિધ ભાંડ વિરચિત સમાન રહેલ છે, સર્વે રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે તોરણો આગળ બબ્બે મનોગુલિકાઓ છે, તેમાં અનેક સોના–ચાંદીના પાટીયા છે.

તે ફલકો–પાટીયામાં ઘણા વજ્રમય નાગદંતકા છે. તે વજ્રમય નાગદંતકોમાં ઘણા વજ્રમય સિક્કા છે. તે વજ્રમય સિક્કામાં કાળા–લીલા–લાલ–પીળા–સફેદ સૂતરના વસ્ત્રથી ઢાંકેલ વાતકરક વૈડૂર્યના યાવત્ પ્રતિરૂપ છે.

તે તોરણોની આગળ બબ્બે ચિત્ર રત્નકરંડક છે. જેમ ચાતુરંત ચક્રવર્તી રાજાના વૈડૂર્યમય અને સ્ફટિક મણિ પટલથી આચ્છાદિત અદ્‌ભૂત રત્નકરંડક પોતાની પ્રભાથી તે પ્રદેશને પૂર્ણતયા પ્રકાશિત, તાપિત, ઉદ્યોતિત, પ્રભાસિત કરે છે, તે જ પ્રકારે રત્નકરંડક પોતાની પ્રભાથી પોતાના નિકટવર્તી પ્રદેશને સર્વાત્મના પ્રકાશિત તાપિત, ઉદ્યોતિત, પ્રભાસિત કરે છે.

તે તોરણોની આગળ બબ્બે અશ્વકંઠ, ગજકંઠ, નરકંઠ, કિન્નરકંઠ, કિંપુરુષકંઠ, ગંધર્વકંઠ, ઋષભકંઠ છે, તે સર્વ–રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે અશ્વ યાવત્ ઋષભકંઠકમાં બબ્બે પુષ્પ–માલ્ય–ચૂર્ણ–ગંધ–વસ્ત્ર–આભરણ–સિદ્ધાર્થ–લોમહસ્તની ચંગેરીઓ કહી છે. તે બધી સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે પુષ્પચંગેરીઓ યાવત્ લોમહસ્તચંગેરીમાં બબ્બે પુષ્પ પટલક યાવત્ લોમહસ્ત પટલક, સર્વે રત્નમય, સ્વચ્છ, પ્રતિરૂપ છે.

તે તોરણોની આગળ બબ્બે સિંહાસનો કહ્યા છે. તેનું વર્ણન યાવત્ મુક્તાદામ પૂર્વવત્ કહેવું.

તે તોરણો આગળ બબ્બે રૂપાના છત્રો કહ્યા છે. તે છત્રો વૈડૂર્ય વિમલ દંડ, જાંબૂનદમય કર્ણિકા, વજ્રની સંધિ, મુક્તાજાલ પરિગત ૮૦૦૦ સોનાની શલાકામય છે. દર્દર ચંદનની સુગંધ, સર્વઋતુક સુરભી, શીતલ છાયા, મંગલ ચિત્રોથી યુક્ત, ચંદ્રમંડલ વત્ ગોળ છે.

તે તોરણોની આગળ બબ્બે ચામરો કહી છે.

તે ચામરો ચંદ્રપ્રભ વૈડૂર્ય શ્રેષ્ઠ વિવિધ મણિરત્ન ખચિત આશ્ચર્યકારી દંડવાળી છે. વિવિધ મણિ–સુવર્ણ–રત્ન–વિમલ–યથાર્હ–તપનીય–ઉજ્જ્વલ વિચિત્ર ડંડિકા યુક્ત છે. શંખ, અંક, કુંદ, જલકણ, મથિત ક્ષીરોદધિના ફીણનો પુંજ, તેમના સમાન શ્વેત પાતળા લાંબા વાળ છે. આ બધી ચામર સર્વ રત્નમય, નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે.

તે તોરણોની આગળ બબ્બે તેલસમુદ્‌ગક, કોષ્ઠસમુદ્‌ગક, પત્રસમુદ્‌ગક, ચોયગસમુદ્‌ગક, તગરસમુદ્‌ગક, એલા સમુદ્‌ગક, હરિતાલ–હિંગુલ–મનશીલ–અંજન સમુદ્‌ગક છે. તે સર્વરત્નમય યાવત્ પ્રતિરૂપ છે.

સૂત્ર–૩૦

સૂર્યાભ વિમાનના પ્રત્યેક દ્વારે ચક્રના ચિહ્નવાળી ૧૦૮ ધજાઓ છે. એ જ રીતે, મૃગના ચિહ્નવાળી, ગરુડના ચિહ્નવાળી, છત્રના ચિહ્નવાળી, પિચ્છના ચિહ્નવાળી, શકુનિના ચિહ્નવાળી, સિંહના ચિહ્નવાળી, વૃષભના ચિહ્નવાળી, ચાર દાંતવાળા શ્વેત હાથીના ચિહ્નવાળી અને ઉત્તમ નાગના ચિહ્નવાળી ૧૦૮–૧૦૮ધજાઓ ફરકે છે. આ પ્રમાણે બધી મળીને સૂર્યાભ વિમાનના પ્રત્યેક દ્વારે ૧૦૮૦ ધ્વજા ત્યાં કહી છે.

ત્યાં સૂર્યાભ વિમાનમાં ૬૫–૬૫ ભવન બતાવેલા છે. તે ભવનના ભૂમિભાગ અને ચંદરવા વગેરેનું વર્ણન વિમાનના ભૂમિભાગ અને ચંદરવા મુજબ કહેવું.

તે ભવનના બહુમધ્ય દેશભાગે એક–એક સિંહાસન છે, સિંહાસનનું વર્ણન સપરિવાર પૂર્વવત્ કહેવું. બાકીના ભવનમાં ભદ્રાસન રાખેલ છે.

તે દ્વારોના ઉત્તમાગાર સોળ પ્રકારના રત્નોથી સુશોભિત છે. તે આ રીતે – રત્નો યાવત્ રિષ્ટરત્ન વડે.

તે દ્વારોની ઉપર આઠ–આઠ મંગલક, ધ્વજ સહિત યાવત્ છત્રાતિછત્રથી શોભિત છે. આ પ્રમાણે બધા મળીને ૪૦૦૦ દ્વારો સૂર્યાભ વિમાનમાં હોય છે, તેમ કહ્યું છે.

તે સૂર્યાભ વિમાનમાં અશોકવન, સપ્તપર્ણવન, ચંપકવન, ચૂતકવન ચારે દિશામાં ૫૦૦–૫૦૦ યોજનના અંતરે છે. આ વનખંડ આ રીતે છે –

પૂર્વમાં અશોકવન છે, દક્ષિણમાં સપ્તપર્ણ વન છે, પશ્ચિમમાં ચંપકવન છે, ઉત્તરમાં ચૂતકવન છે.

તે વનખંડો સાતિરેક સાડા બાર યોજનથી અધિક લાંબા, ૫૦૦ યોજન પહોળા છે. પ્રત્યેકે પ્રત્યેક પ્રાકારથી પરિવેષ્ટિત, કાળા–કાળી આભાવાળા છે.

સૂત્ર–૩૧, ૩૨

**૩૧.** તે વનખંડોમાં બહુસમ રમણીય ભૂમિભાગ છે. જેમ કોઈ આલિંગ પુષ્કર(ઢોલકના ચામડાથી મઢેલ ભાગ)જેવું સપાટ છે. યાવત્ તે ભૂમિતલ વિવિધ પંચવર્ણી મણિ અને તૃણો વડે શોભિત છે. તેના ગંધ અને સ્પર્શ યથાક્રમે પૂર્વ સૂત્રમાં વર્ણવ્યા અનુસાર જાણવા.

ભગવન્ ! તે તૃણ અને મણિઓ પૂર્વ–પશ્ચિમ–દક્ષિણ–ઉત્તરના વાયુના સ્પર્શથી મંદ–મંદ ધ્રૂજતા, વિશેષ ધ્રૂજતા, કાંપતા, ચાલતા, સ્પંદન પામતા, ઘટ્ટિત, ક્ષોભિત, પ્રેરિત થતા કેવા શબ્દો થાય છે ?

ગૌતમ ! જેમ કોઈ શિબિકા, સ્યંદમાનિકા, અથવા રથ, જે છત્ર–ધ્વજા–ઘંટા–પતાકા અને ઉત્તમ તોરણોથી સુશોભિત, નંદિઘોષ સહિત, રણકાર કરતા ઘુંઘરુ અને સુવર્ણજાળથી પરિક્ષિપ્ત, હિમાલયમાં ઉગેલા તિનિશના ઉત્તમ કાષ્ઠમાંથી નિર્મિત હોય, કનકકાષ્ઠ વડે નિર્મિત હોય , સુવ્યવસ્થિત લગાડેલા ચક્રમંડલ અને ધૂરાથી સજ્જિત હોય, લોઢાના પટ્ટોથી સુરક્ષિત પટ્ટિવાળા, શુભલક્ષણ અને ગુણોથી યુક્ત કુલીન અશ્વો જેમાં જોડેલા હોય...

તથા રથ સંચાલનમાં કુશળ, દક્ષ સારથી દ્વારા સંચાલિત હોય, સો–સો બાણવાળા બત્રીશ તૂણીરોથી પરિમંડિત હોય, કવચ આચ્છાદિત અગ્રભાગવાળા હોય, ધનુષ–બાણ–પ્રહરણ–કવચાદિ યુદ્ધોપકરણથી ભરેલ હોય, યુદ્ધ તત્પર યોદ્ધા માટે સજાવેલ હોય,

એવો રથ મણિ અને રત્નોથી બનાવેલા ભૂમિવાળા રાજ આંગણ, રાજ–અંતઃપુર, રમ્ય પ્રદેશમાં આવાગમન કરે ત્યારે બધી દિશા–વિદિશામાં ચોતરફ ઉત્તમ, મનોજ્ઞ, મનોહર, કાન અને મનને આનંદકારી મધુર શબ્દ ફેલાય છે.

શું તે ધ્વનિ આ રથાદિના ધ્વનિ જેવો છે ? ના, તે અર્થ સમર્થ નથી.

જેમ કોઈ રાત્રિમાં વાદન કુશળ મનુષ્ય દ્વારા ખોળામાં લઈને ચંદનના સારભાગથી રચિત કોણના સ્પર્શથી ઉત્તર–મંદ મૂર્ચ્છનાવાળી વીણાને મંદ–મંદ તાડિત, કંપિત, પ્રકંપિત, ચલિત, ઘર્ષિત, ક્ષુભિત અને ઉદીરિત કરાતા

બધી દિશા અને વિદિશામાં ચોતરફ ઉદાર, સુંદર, મનોજ્ઞ, મનોહર, કર્ણપ્રિય અને મનમોહક ધ્વનિ ગુંજે તેવો આ સ્વર છે ? ના, તે અર્થ સમર્થ નથી.

જેમ કોઈ કિંનર, કિંપુરુષ, મહોરગ કે ગંધર્વ ભદ્રશાલ–નંદન–સોમનસ કે પાંડુક વનમાં, હિમવંત–મલય કે મેરુની ગુફામાં ગયેલ અને એક સ્થાને એકઠા થઈ, આવીને બેઠા હોય અને પોત–પોતાના સમૂહ સાથે ઉપસ્થિત, હર્ષોલ્લાસપૂર્વક ક્રીડા કરતા, સંગીત–નૃત્ય–હાસ્ય–પરિહાસ પ્રિય કિન્નરાદિના ગેય, પદ્ય, કથનીય, ગેયપદબદ્ધ, પાત્રબદ્ધ, ઉત્ક્ષિપ્ત, પાદાંત, મંદમંદ ઘોલનાત્મક, રોચિતાવસાન, સપ્ત સ્વરોથી સમન્વિત, ષડ્દોષથી રહિત, અગિયાર અલંકાર અને આઠ ગુણોથી યુક્ત, ગુંજારવ વડે દૂર–દૂરના ક્ષેત્રોને વ્યાપ્ત કરનાર રાગ–રાગિણી યુક્ત ત્રણ સ્થાન–ત્રણ કરણથી શુદ્ધ ગીતોના મધુર બોલ, આવા પ્રકારનો તેનો સ્વર હોય છે ?

હા, એવો મધુર સ્વર તે મણિ–તૃણથી નીકળે છે.

**૩૨.** તે વનખંડના તે–તે સ્થાને, તે–તે દેશમાં અનેક નાની–નાની વાવો, પુષ્કરિણીઓ, દીર્ઘિકા, ગુંજાલિકા, સર–પંક્તિ, બિલ–પંક્તિઓ સ્વચ્છ, શ્લક્ષ્ણ, રજતમય કાંઠાઓ, અતિ સમ છે.

આ જળાશયો વજ્રમય પાષાણના, તપનીય તળવાળા, સુવર્ણ–શુભ–રજત વાલુકાના, વૈડૂર્ય મણિ–સ્ફટિક પટલના બનેલા છે. સુખાકારી ઉતરવા–ચડવાના સ્થાન છે,

વિવિધ મણિ સુબદ્ધ ચતુષ્કોણ વાવ અનુક્રમે સુજાત, ગંભીર, શીતળ જળયુક્ત, કમલપત્ર – બીસ–મૃણાલથી ઢંકેલ, ઘણા ઉત્પલ, કુમુદ, નલિન, સુભગ, સૌગંધિક, પુંડરીક, શતપત્ર, સહસ્રપત્ર કમળોથી સુશોભિત છે.

તેના ઉપર પરાગને માટે ભ્રમરસમૂહ ગુંજી રહ્યો છે. સ્વચ્છ–નિર્મળ જળ વડે ભરેલ છે.

કલ્લોલ કરતા મગરમચ્છ–કાચબા આદિ તેમાં અહીં–તહીં ફરી રહ્યા છે અને તે વિવધ પક્ષીઓના ગમનાગમનથી વ્યાપ્ત છે.

આ જળાશયોમાં કેટલાક આસવોદક, કેટલાક વારુણોદક, કેટલાક ઘૃતોદક, કેટલાક ક્ષીરોદક, કેટલાક ક્ષારોદક, કેટલાક ઉદકરસ વડે યુક્ત કહ્યા છે. તે પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે.

તે વાવ યાવત્ કૂપપંક્તિની ચારે દિશામાં ત્રણ–ત્રણ સુંદર સોપાન બનેલ છે. તે ત્રિસોપાન પ્રતિરૂપકોની નેમો વજ્ર–રત્નોની છે, તોરણ–ધ્વજ–છત્રાતિછત્ર પૂર્વવત્ જાણવા.

તે નાની–નાની વાવ યાવત્ બિલપંક્તિઓમાં તે–તે દેશમાં ઘણા ઉત્પાદ પર્વતો, જગતી પર્વતો છે. કેટલાક દકમંડપ, દકનાલક, દકમંચકો છે, જે ઊંચા–નીચા અને નાના–મોટા અંદોલક, પ્રક્ષાંદોલક છે. તે બધાં રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે ઉત્પાદ પર્વત યાવત્ પ્રક્ષાંદોલકમાં ઘણા હંસાસન, ક્રૌંચાસન, ગરુડાસન, ઉન્નતાસન, પ્રણતાસન, દીર્ઘાસન, પક્ષાસન, ભદ્રાસન, વૃષભાસન, સિંહાસન, પદ્માસન, દિશાસૌવસ્તિકાદિ સર્વે રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે વનખંડોમાં ત્યાં–ત્યાં તે–તે દેશમાં ઘણા આલિગૃહ, માલિગૃહ, કદલિગૃહ, લતાગૃહ, આસનગૃહ, પ્રેક્ષણગૃહ, મંડનગૃહ, પ્રસાધનગૃહ, ગર્ભગૃહ, મોહનગૃહ, શાલગૃહ, જાલગૃહ, ચિત્તગૃહ, કુસુમગૃહ, ગંધગૃહ, આદર્શગૃહ. સર્વે રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે આલિગૃહ યાવત્ આદર્શગૃહમાં ઘણા હંસાસન યાવત્ દિશા સૌવસ્તિક આસન સર્વે રત્નમય યાવત્ પ્રતિરૂપ છે.

તે વનખંડોમાં તે–તે દેશમાં ત્યાં–ત્યાં ઘણા જાઈ–જૂઈ–નવમાલિકા–વાસંતી–સૂરમલ્લિકા–દધિવાસુક–તંબોલી–મુદ્રિકા–નાગલતા–અતિમુક્તલતા અને આસ્ફોવક માલુકાના મંડપો છે. તે બધા સ્વચ્છ, સર્વરત્નમય

યાવત્ પ્રતિરૂપ છે.

તે જાઈ મંડપ યાવત્ માલૂકા મંડપમાં ઘણા પૃથ્વીમય શિલાપટ્ટક કે હંસાસનના આકારે રહેલ છે યાવત્ દિશાસૌવસ્તિકાસનના આકારે રહેલ છે.

હે આયુષ્યમાન્ શ્રમણો ! ત્યાં બીજા પણ ઘણા માંસલ, ઘૃષ્ટ, વિશિષ્ટ સંસ્થાન સંસ્થિત પૃથ્વી શિલાપટ્ટકો, રહેલ છે, તેમ કહ્યું છે. તે આજિનક, રૂત, બૂર, નવનીત, તૂલ સ્પર્શવાળા, સર્વે રત્નમય, નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે.

ત્યાં ઘણા વૈમાનિક દેવ–દેવીઓ બેસે છે, સૂવે છે, ઊભે છે, વિશ્રામ કરે છે, પડખાં બદલે છે, હસે છે, રમે છે, લીલા–ક્રીડા–કિટ્ટ–મોહન કરે છે. એ રીતે પૂર્વે જૂના સંચિત કરેલા, સુપ્રતિક્રાંત, શુભ, કરેલા કર્મોના કલ્યાણમય, શુભ ફલપ્રદ વિપાક અનુભવે છે.

સૂત્ર–૩૩

તે વનખંડના બહુમધ્ય દેશભાગે પ્રત્યેકમાં પ્રાસાદાવતંસક(શ્રેષ્ઠ મહેલ) કહ્યા છે. તે પ્રાસાદાવતંસકો ૫૦૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ૨૫૦ યોજન વિષ્કંભથી, પોતાની ઉજ્જવળ પ્રભાથી જાણે હસતા હોય એવા પ્રતીત થતા હતા. તેનો ભૂમિભાગ બહુસમ અને રમણીય હતો. તેના ચંદરવા, સપરિવાર સિંહાસન આદિ વર્ણન પૂર્વવત્ જાણવું.

ત્યાં ચાર મહર્દ્ધિક દેવો યાવત્ પલ્યોપમ સ્થિતિક રહે છે. તે આ પ્રમાણે – અશોક, સપ્તપર્ણ, ચંપક, ચૂત.

તે સૂર્યાભદેવ વિમાનની મધ્યે બહુસમ રમણીય ભૂમિભાગ કહ્યો છે. તે આ – વનસંડ સિવાય યાવત્ ઘણા વૈમાનિક દેવો અને દેવીઓ બેસે છે યાવત્ વિચરે છે.

તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં એક મોટું ઉવરિકા–લયન કહ્યું છે. તે એક લાખ યોજન લંબાઈ–પહોળાઈથી ૩,૧૬,૨૨૭ યોજન, ત્રણ કોશ, ૨૮ ધનુષ, ૧૩॥ અંગુલથી કંઈક વિશેષ ન્યૂન પરિધિ છે. એક યોજન જાડાઈ છે, સર્વ જાંબૂનદ સુવર્ણમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

સૂત્ર–૩૪

તે ઉપરિકાલયન બધી દિશા–વિદિશાઓમાં ચોતરફથી એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી ઘેરાયેલ છે. તે પદ્મવરવેદિકા અર્ધ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ૫૦૦ ધનુષ વિષ્કંભથી, ૫૦૦ ધનુષ પહોળી અને ઉપરિકાલયન જેટલી તેની પરિધિ છે.

તે પદ્મવર વેદિકાનું વર્ણન – તે વેદિકા, વજ્રમય નેમ, રિષ્ટરત્નમય પ્રતિષ્ઠાન, વૈડૂર્યમય સ્તંભ, સોના–રૂપામય ફલક, લોહિતાક્ષમય શૂચિઓ, વિવિધ મણિમય કડેવર, વિવિધ મણિમય રૂપ અને રૂપ સંઘાટક, અંકમય પક્ષ બાહા, જ્યોતિ રસમય વંશ અને વંશકવેલુક, રજતમય પટ્ટીકા, જાતરૂપ્યમય અવઘાટની, વજ્રમયી ઉપરની પ્રૌંછની, સર્વરત્નમય આચ્છાદન છે.

તે પદ્મવરવેદિકા ચારે દિશા–વિદિશામાં એક એક હેમજાલ, ગવાક્ષજાલ, ઘંટિકાજાલ, ઘંટાજાલ, મુક્તાજાલ, મણિજાલ, કનકજાલ, રત્નજાલ, પદ્મજાલ વડે સંપરિવૃત્ત છે. તે માળાઓ સુવર્ણ લંબૂસકથી યાવત્ રહેલી છે.

તે પદ્મવરવેદિકાના તે–તે દેશમાં, ત્યાં–ત્યાં ઘણા અશ્વસંઘાટક યાવત્ વૃષભ સંઘાટક શોભી રહ્યા છે. સર્વે રત્નમય, નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે, પ્રાસાદીયાદિ છે. તે જ રીતે તે વેદિકા પર રત્નમય વીથિઓ, પંક્તિઓ, મિથુનકો, અને લતાઓ શોભી રહેલ છે.

ભગવન્! એમ કેમ કહ્યું કે – પદ્મવર વેદિકા, પદ્મવર વેદિકા છે ?

ગૌતમ ! પદ્મવરવેદિકાના તે–તે દેશમાં ત્યાં–ત્યાં વેદિકામાં, વેદિકાબાહામાં, વેદિકાફલકોમાં, વેદિકાના અંતરાલોમાં, સ્તંભ–સ્તંભબાહા–સ્તંભશીર્ષ–સ્તંભનાં અંતરાલોમાં, શુચિ(ખીલા)–શુચિમુખો–શુચિફલક–શુચિના અંતરાલોમાં, પક્ષ(પડખા)–પક્ષબાહા– પક્ષપેરંત(પડખાના પ્રાંતભાગોમાં)–પક્ષના અંતરાલમાં ઘણા ઉત્પલ, પદ્મ,

કુમુદ, નલીન, સુભગ, સૌગંધિક, પુંડરીક, મહાપુંડરીક, શતપત્ર, સહસ્રપત્રો છે. હે આયુષ્યમાન્ શ્રમણો ! તે બધા સર્વ રત્નમય, નિર્મળ, પ્રતિરૂપ, મહા વરસાદથી બચવામાં છત્ર સમાન છે. તેથી આ કારણે હે ગૌતમ ! પદ્મવરવેદિકા, પદ્મવરવેદિકા કહેવાય છે.

ભગવન્ ! પદ્મવરવેદિકા શું શાશ્વત છે ? ગૌતમ ! તે કથંચિત્ શાશ્વત છે, કથંચિત અશાશ્વત છે.

ભગવન્ ! એમ કેમ કહો છો ? હે ગૌતમ ! દ્રવ્યાર્થપણે શાશ્વત છે અને વર્ણ–ગંધ–રસ–સ્પર્શ પર્યાયોથી અશાશ્વત છે. તેથી આમ કહ્યું.

ભગવન્ ! તે પદ્મવરવેદિકા કાળથી કેટલો કાળ રહેશે ? ગૌતમ ! તે પદ્મવરવેદિકા કદી ન હતી તેમ નથી, કદી નથી તેમ નહીં, કદી નહીં હશે તેમ નહીં, તે વેદિકા હતી, છે અને રહેશે. તે ધ્રુવ, નિત્ય, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત, નિત્ય છે.

તે પદ્મવરવેદિકા ચોતરફ એક વનખંડથી ઘેરાયેલ હતી. તે વનખંડ દેશોન બે યોજન ચક્રવાલ વિષ્કંભથી, ઉપરિકાલયન સમ પરિક્ષેપથી છે, વનખંડ વર્ણન પૂર્વવત યાવત્ વિચરે છે, સુધી કહેવું.

તે ઉપરિકાલયનની ચારે દિશામાં ચાર ત્રિસોપાન પ્રતિરૂપક કહ્યા છે. તોરણ–ધ્વજ–છત્રાતિછત્ર વર્ણવવા. તે ઉપરિકાલયનની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ છે , તેનું વર્ણન મણિ જેવા સ્પર્શ પર્યન્ત કહેવું.

સૂત્ર–૩૫

તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્યદેશે એક મોટું પ્રાસાદાવતંસક કહ્યું છે. તે પ્રાસાદાવતંસક ૫૦૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ૨૫૦ યોજન વિષ્કંભથી તથા પોતાની ફેલાઈ રહેલ પ્રભાથી હસતું એવું પ્રતીત થાય છે. ચંદરવો અને સપરિવાર સિંહાસન કહેવા. **અષ્ટ અષ્ટમંગલ, ધ્વજ, છત્રાતિછત્ર કહેવા.**

તે મૂળ પ્રાસાદાવતંસક, બીજા ચાર પ્રાસાદાવતંસકો તેનાથી અર્ધ ઉચ્ચત્વ પ્રમાણ માત્રથી ચોતરફ પરિવૃત્ત છે. તે પ્રાસાદાવતંસકો ૨૫૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ૧૨૫–યોજન વિષ્કંભથી છે.

તે પ્રાસાદાવતંસકો બીજા ચાર પ્રાસાદાવતંસકોથી ઘેરાયેલ છે, તે અડધા ઉચ્ચત્વ પ્રમાણથી છે. તે પ્રાસાદા–વતંસકો પચીશ યોજન ઊંચા અને સાડા બાસઠ યોજન પહોળા, એકત્રીશ યોજન અને એક કોશ વિષ્કંભથી છે. ઉલ્લોક, સપરિવાર સિંહાસન, **પ્રાસાદ ઉપર આઠ–આઠ મંગલો**, ધ્વજો અને છત્રાતિછત્રો છે.

સૂત્ર–૩૬

તે મૂલ પ્રાસાદાવતંસકની પૂર્વે અહીં સુધર્માસભા કહી છે. તે ૧૦૦ યોજન લાંબી, ૫૦ યોજન પહોળી, ૭૨ યોજન ઊંચી, અનેકશત સ્તંભ સંનિવિષ્ટ છે, અભ્યુદ્ગત સુકૃત વજ્ર વેદિકા અને તોરણ, વર રચિત શાલભંજિકા યાવત્ અપ્સરાગણ સંઘથી વ્યાપ્ત, પ્રાસાદીય આદિ છે.

તે સુધર્માસભામાં ત્રણ દિશામાં ત્રણ દ્વારો કહ્યા છે. તે આ – પૂર્વમાં, દક્ષિણમાં, ઉત્તરમાં.

આ દ્વારો ૧૬–યોજન ઉચ્ચત્વથી, આઠ યોજન વિષ્કંભથી, તેટલા જ પ્રવેશભાગમાં છે. તે દ્વાર શ્વેત અને શ્રેષ્ઠ સુવર્ણની સ્તૂપિકાઓ તથા વનમાળાથી અલંકૃત છે. **તે દ્વારોની ઉપર આઠ–આઠ મંગલો**, ધ્વજા, છત્રાતિછત્રો છે.

તે દ્વારોની આગળ પ્રત્યેક–પ્રત્યેક મુખમંડપ કહ્યા છે. તે મુખમંડપો ૧૦૦ યોજન લંબાઈથી, ૫૦ યોજન વિષ્કંભથી, સાતિરેક ૧૬ યોજન ઉંચાઈથી છે. સુધર્મસભા સમાન વર્ણન કહેવું.

તે મુખમંડપની ત્રણ દિશામાં ત્રણ દ્વારો કહ્યા છે. તે આ – પૂર્વમાં, દક્ષિણમાં, ઉત્તરમાં. તે દ્વારો ૧૬ યોજન ઊંચા, આઠ યોજન પહોળા, આઠ યોજન પ્રવેશથી છે. આ દ્વારો શ્વેત, શ્રેષ્ઠ સુવર્ણ સ્તૂપિકા યાવત્ વનમાળાઓથી અલંકૃત છે. તે મુખમંડપના ભૂમિભાગ, ઉલ્લોક, **તેની ઉપરના આઠ મંગલ, છત્રાદિ કહેવા.**

તે મુખમંડપની આગળ પ્રત્યેક–પ્રત્યેક પ્રેક્ષાગૃહ મંડપ કહેલ છે. દ્વાર, ભૂમિભાગ, ઉલ્લોક પર્યન્ત મુખમંડપ

સમાન આ પ્રેક્ષાગૃહમંડપ કહેવો.

તે પ્રેક્ષાગૃહ મંડપના બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં પ્રત્યેક–પ્રત્યેકમાં એક એક વજ્રમય અક્ષાટક(અખાડો) કહ્યા છે.

તે વજ્રમય અક્ષાટક ના બહુમધ્ય દેશભાગમાં પ્રત્યેક–પ્રત્યેક મણિપીઠિકા કહી છે. તે મણિપીઠિકા આઠ યોજન આયામ–વિષ્કંભથી, ચાર યોજન બાહલ્યથી, સર્વમણિમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે મણિપીઠિકા ઉપર પ્રત્યેક–પ્રત્યેક સ્તૂપ કહ્યા છે. તે સ્તૂપ ૧૬–યોજન લંબાઈ–પહોળાઈથી, સાતિરેક ૧૬ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, શંખ–અંક–કુંદ–દકરજ–અમૃત મથિત ફેણપુંજ સદૃશ શ્વેત છે તથા સર્વરત્નમય, નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે.

તે **સ્તૂપોની ઉપર આઠ–આઠ મંગલો**, ધ્વજ, છત્રાતિછત્ર છે.

તે સ્તૂપોની ચારે દિશામાં પ્રત્યેક–પ્રત્યેકને મણિપીઠિકા કહી છે, તે મણિપીઠિકાઓ આઠ યોજન આયામ–વિષ્કંભથી, ચાર યોજન બાહલ્યથી સર્વે મણિમય, નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે.

તે મણિપીઠિકા ઉપર ચાર **જિન (અરિહંત પરમાત્મા)ની પ્રતિમા છે,** તે જિનોત્સેધ પ્રમાણ(જિન–અરિહંતની અવગાહના જેવડી પ્રમાણ માત્ર), તે પ્રતિમા પદ્માસને બિરાજમાન અને સ્તૂપાભિમુખ રહેલી છે. **તે પ્રતિમાના નામ આ રીતે છે– ઋષભ, વર્ધમાન, ચંદ્રાનન, વારિષેણ.** વૃત્તિકાર મહર્ષિ શ્રી મલયગિરિજી મહારાજ જણાવે છે કે–**અહીં આ ચારે શાશ્વત જિન (અરિહંત)પ્રતિમા ૫૦૦ ધનુષની જ સંભવે છે**

તે સ્તૂપોની આગળ પ્રત્યેક–પ્રત્યેકને મણિપીઠિકાઓ કહી છે. તે મણિપીઠિકા સોળ યોજન લંબાઈ–પહોળાઈથી, આઠ યોજન બાહલ્યથી, સર્વે મણિમયી યાવત્ પ્રતિરૂપ છે.

તે મણિપીઠિકાની ઉપર પ્રત્યેક–પ્રત્યેક ચૈત્યવૃક્ષ કહેલ છે. તે ચૈત્યવૃક્ષ આઠ યોજન ઉર્ધ્વ ઊંચા, અર્દ્ધ યોજન ઉદ્વેધથી, બે યોજન સ્કંધ, અર્ધ યોજન વિષ્કંભ, છ યોજનમાં ફેલાયેલ શાખા, બહુમધ્ય દેશભાગમાં આઠ યોજન આયામ–વિષ્કંભથી, સાતિરેક આઠ યોજન સર્વ પરિમાણ છે.

તે ચૈત્યવૃક્ષનું આવા પ્રકારનું વર્ણન કહ્યું છે – વજ્રમય મૂળ, રજતના સુપ્રતિષ્ઠિત વિડિમા(શાખા), રિષ્ટમય વિપુલ કંદ, વૈડૂર્ય રુચિર સ્કંધ, સુજાત શ્રેષ્ઠ જાતરૂપ પ્રથમ વિશાળ શાખા, વિવિધ મણિમય રત્નની વિવિધ શાખા–પ્રશાખા, વૈડૂર્ય પત્ર, તપનીય બિંટ, જંબૂનદ રક્ત મૃદુ સુકુમાલ પ્રવાલથી શોભિત ઉત્તમ કુરાગ્ર શિખરો, વિચિત્ર મણિરત્ન સુરભિ કુસુમ ફળથી ભરેલ નમેલી શાખા અધિક મન–નયનને સુખકર છે, અમૃતરસ સમાન રસવાળા ફળો યુક્ત વૃક્ષ છાયા–પ્રભા–શોભા અને ઉદ્યોત સહિત અને પ્રાસાદીયાદિ છે.

તે **ચૈત્યવૃક્ષોની ઉપર આઠ–આઠ મંગલો**, ધ્વજ, છત્રાતિછત્ર છે. તે ચૈત્યવૃક્ષોની આગળ પ્રત્યેક–પ્રત્યેક મણિપીઠિકા કહી છે. તે મણિપીઠિકા આઠ યોજન લંબાઈ–પહોળાઈથી છે, ચાર યોજન બાહલ્યથી છે, સર્વે મણિમય, નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે.

તે મણિપીઠિકાની ઉપર પ્રત્યેક–પ્રત્યેક મહેન્દ્રધ્વજ કહ્યો છે. તે મહેન્દ્રધ્વજ ૬૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે. અર્ધ યોજન ઉદ્વેધથી, અર્ધ યોજન વિષ્કંભથી છે, તે વજ્રમય, વૃત્ત–લષ્ટ–સુશિલિષ્ટ–પરિવૃષ્ટ–મૃષ્ટ–સુપ્રતિષ્ઠિત, વિશિષ્ટ અનેક પંચવર્ણી હજારો કુડભિથી પરિમંડિત અને અભિરામ વાતોદ્ધૃત વિજય–વૈજયંતિ પતાકા, છત્રાતિછત્રયુક્ત, ઊંચી, ગગનતલને સ્પર્શતા પ્રાસાદીયાદિ છે. **તેની ઉપર આઠ–આઠ મંગલો**, ધ્વજા, છત્રાતિછત્ર છે.

તે મહેન્દ્રધ્વજ આગળ એક–એક નંદા પુષ્કરિણીઓ છે. તે પુષ્કરિણીઓ ૧૦૦ યોજન લંબાઈ, ૫૦ યોજન પહોળાઈ, ૧૦ યોજન ઉદ્વેધથી અને નિર્મળ છે યાવત્ વર્ણન કરવું કે એક ઉદકરસ યુક્ત કહી છે. તે એક–એક પદ્મવર–વેદિકાથી પરિવૃત્ત છે. એક–એક વનખંડથી પરિવૃત્ત છે. તે નંદા પુષ્કરિણીની ત્રણ દિશામાં ત્રિસોપાન

પ્રતિરૂપક કહ્યા છે. ત્રિસોપાન પ્રતિરૂપકનું વર્ણન કરવું. તોરણ–ધ્વજ–છત્રાતિછત્ર કહેવા.

સુધર્માસભામાં ૪૮,૦૦૦ મનોગુલિકાઓ છે. તે આ રીતે – પૂર્વમાં ૧૬,૦૦૦, પશ્ચિમમાં ૧૬,૦૦૦, દક્ષિણમાં ૮૦૦૦, ઉત્તરમાં ૮,૦૦૦. તે મનોગુલિકામાં ઘણા સુવર્ણ–રૂપ્યમય ફલકો કહ્યા છે. તે સુવર્ણ–રૂપ્યમય ફલકોમાં ઘણા વજ્રમય નાગદંતો કહ્યા છે. તે વજ્રમય નાગદંતોમાં કાળા સૂત્રના બનેલ ગોળ લાંબી–લાંબી માળાઓ લટકે છે.

સુધર્માસભામાં ૪૮,૦૦૦ ગોમનસિકાઓ છે. નાગદંતક પર્યન્ત મનોગુલિકા સમાન કહેવું. તે નાગદંતકોમાં ઘણા રજતમય સિક્કા કહ્યા છે. તે રજતમય સિક્કામાં ઘણી વૈડૂર્યમય ધૂપઘટિકાઓ કહી છે. તે ધૂપઘટિકામાં કાલો અગરુ યાવત્ છે.

સુધર્માસભામાં બહુસમ રમણીય ભૂમિભાગ કહ્યો છે, યાવત્ મણિ વડે શોભિત, મણિસ્પર્શ અને ઉલ્લોક છે. તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં એક મોટી મણિપીઠિકા કહી છે. તે ૧૬ યોજન લંબાઈ–પહોળાઈથી, આઠ યોજન બાહલ્યથી છે અને સર્વ મણિમયી યાવત્ પ્રતિરૂપ છે.

તે મણિપીઠિકાની ઉપર અહીં માણવક ચૈત્યસ્તંભ કહ્યો છે. તે ૬૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ઉદ્વેધથી એક યોજન અને વિષ્કંભથી એક યોજન છે. તે ૪૮ દ્વારો, ૪૮ આયામોવાળા છે. શેષ વર્ણન માહેન્દ્રધ્વજ સમાન જાણવું. તે માણવક ચૈત્યસ્તંભ ઉપર બાર યોજન અને નીચે પણ બાર યોજન છોડી, મધ્યના ૩૬–યોજનમાં અહીં ઘણા સુવર્ણ–રૂપ્યમય ફલકો છે. તે ફલકોમાં ઘણા વજ્રમય નાગદંતો છે, તે વજ્રમય નાગદંતોમાં ઘણા રજતમય સિક્કા છે. તે સિક્કામાં ઘણા વજ્રમય ગોળ–ગોળ સમુદ્ગકો કહ્યા છે. તે સમુદ્ગકોમાં ઘણા જિનસક્થિઓ સુરક્ષિત છે.

તે અસ્થિઓ સૂર્યાભદેવને અને અન્ય ઘણા દેવો અને દેવીઓને અર્ચનીય યાવત્ પર્યુપાસનીય છે. તે માણવક ચૈત્ય સ્તંભની ઉપર આઠ–આઠ મંગલો, છત્રાતિછત્રો છે.

સૂત્ર–૩૭

તે માણવક ચૈત્યસ્તંભની પૂર્વે એક મોટી મણિપીઠિકા કહી છે. તે આઠ યોજન લંબાઈ–પહોળાઈથી, ચાર યોજન બાહલ્યથી, સર્વ મણિમય, નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે. તેની ઉપર એક મોટું સિંહાસન છે, સપરિવાર તેનું વર્ણન કરવું. તે સ્તંભની પશ્ચિમે એક મોટી મણિપીઠિકા કહી છે. તે આઠ યોજન લાંબી–પહોળી, ચાર યોજન બાહલ્યથી છે, સર્વે મણિમયી, નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે. તે મણિપીઠિકાની ઉપર એક મોટું દેવશયનીય કહ્યું છે. તે દેવશયનીયનું વર્ણન આ પ્રમાણે છે –

વિવિધ મણિમય, સ્વર્ણના પ્રતિપાદ છે. તે વિવિધ મણિમય પાદશીર્ષકો, જાંબૂનદમય ગાત્રકો, વિવિધ મણિમય સાંધા, રજતમય તૂલી, તપનીયમય ગંડોપધાનિકા, લોહિતાક્ષમય ઓશિકા છે. તે શયનીયની બંને બાજુ ઓશિકા, બંને તરફ ઉન્નત, મધ્યમાં ગંભીર, શાલિંગણ વર્તિત ગંગાપુલિન વાલુકા સમ, સુવિરચિત રજસ્ત્રાણ, ઉપચિત ક્ષૌમદુ–કુલપટ્ટ પ્રતિચ્છાદન, રક્તાંશુ સંવૃત્ત, સુરમ્ય, આજિનક, રુચ, બૂર, નવનીતતુલ સ્પર્શ–મૃદુ છે.

સૂત્ર–૩૮

તે દેવશયનીયની પૂર્વમાં એક મોટી મણિપીઠિકા કહી છે. તે આઠ યોજન લાંબી–પહોળી, ચાર યોજન બાહલ્યથી, સર્વ મણિમય યાવત્ પ્રતિરૂપ છે તે મણિપીઠિકાની ઉપર એક મોટો ક્ષુલ્લક મહેન્દ્રધ્વજ કહ્યો છે. તે ૬૦ યોજન ઊંચો, એક યોજન વિષ્કંભથી, વજ્રમય–વૃત્ત–લષ્ટ–સંસ્થિત–સુશ્લિષ્ટ યાવત્ પ્રતિરૂપ છે. ઉપર આઠ–આઠ મંગલ, ધ્વજ, છત્રાતિછત્ર છે. તે ક્ષુલ્લક મહેન્દ્ર ધ્વજની પશ્ચિમે અહીં સૂર્યાભદેવનો ચોપ્ફાલ નામે પ્રહરણકોશ કહ્યો છે, સર્વ વજ્રમય, નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે. તે સૂર્યાભદેવનું પરિધરત્ન, ખડ્ગ, ગદા, ધનુષ પ્રમુખ ઘણા પ્રહરણ રત્નો રાખેલા છે. તે શસ્ત્રો ઉજ્જ્વલ, નિસિત, સુતીક્ષ્ણ ધારવાળા, પ્રાસાદીયાદિ છે. **સુધર્માસભાની ઉપર આઠ–આઠ મંગલક, ધ્વજ, છત્રાતિછત્રો છે.**

સૂત્ર–૩૯

**સુધર્માસભાની ઈશાને એક મોટું સિદ્ધાયતન–જિનાલય કહ્યું છે.** તે ૧૦૦ યોજન લાંબુ, ૫૦ યોજન પહોળું, ૭૨ યોજન ઊંચું છે. તેનું ગોમાનસિકા પર્યન્ત તથા ભૂમિભાગ, ચંદરવાનું વર્ણન પૂર્વવત્ કહેવું. તે સિદ્ધાયતનના બહુમધ્ય દેશભાગમાં એક મોટી મણિપીઠિકા કહી છે. તે ૧૬ યોજન લંબાઈ–પહોળાઈથી અને આઠ યોજન બાહલ્યથી છે. તે મણિપીઠિકા ઉપર એક મોટો દેવછંદક છે. ૧૬ યોજન લાંબો–પહોળો, સાતિરેક સોળ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે. તે સર્વરત્નમય યાવત્ પ્રતિરૂપ છે.

**અહીં ૧૦૮ જિનપ્રતિમા, જિનોત્સેધ પ્રમાણ (૫૦૦ ધનુષ પ્રમાણે પદ્માસને રહેલ) બિરાજમાન છે. તે જિનપ્રતિમાનું વર્ણન આ પ્રમાણે – તપનીય સુવર્ણમય, હથેળી અને પાદતલ, અંકમય નખો – મધ્યમાં લોહિતાક્ષ રેખા, સુવર્ણમયી જંઘા, કનકમય જાનૂ, કનકમય ઊરુ, તપનીયમય ગાત્રલષ્ટી, તપનીયમય નાભિ, રિષ્ટમય રોમરાજી, તપનીયમય ચુચુક, તપનીયમય શ્રીવત્સ, શિલપ્રવાલ–મય હોઠ, સ્ફટિકમય દાંત, તપનીયમય જીભ અને તાળુ, કનકમયી નાસિકા – મધ્યમાં લોહિતાક્ષ પ્રતિસેક, અંકમય આંખો – મધ્યમાં લોહિતાક્ષ પ્રતિસેવક, રિષ્ટમય તારા–કીકી, રિષ્ટમય અક્ષિપત્ર–પલક અને ભ્રમર, કનકમય કપાળ, કાન અને નિડાલ–લલાટ, વજ્રમય શીર્ષઘટી, તપનીયમય કેશાંત–કેશ ભૂમિ, રિષ્ટરત્નમય કેશ છે.**

**તે જિનપ્રતિમાની પ્રત્યેકની પાછળ એક–એક છત્રધારકની પ્રતિમા કહી છે. તે હિમ–રજત–કુંદ–ચંદ્ર સમાન, કોરંટ પુષ્પમાળા યુક્ત ધવલ છત્રોને લીલાપૂર્વક ધારણ કરીને ઊભી છે. તે જિનપ્રતિમાની બંને પડખે એક–એક ચામરધારી પ્રતિમા કહી છે. તે પ્રતિમા વિવિધ વિમલ અને મહાર્હ મણિ–કનક–રત્નથી રચિત યાવત્ લીલા સહિત ધારણ કરતી ઊભી છે.**

**તે જિનપ્રતિમાની આગળ બબ્બે નાગ પ્રતિમા, ભૂત પ્રતિમા, યક્ષ પ્રતિમા, કુંડધાર પ્રતિમા છે, જે સર્વરત્નમય, નિર્મળ યાવત્ ઊભી છે. તે જિનપ્રતિમા આગળ ૧૦૮-૧૦૮ ઘંટ, કળશ, ભૃંગાર, આદર્શ, થાળા, પાત્રી, સુપ્રતિષ્ઠક, મનોગુલિકા, વાતકરગ, ચિત્રકર, રત્નકરંડક, અશ્વકંઠ યાવત્ વૃષભકંઠ, પુષ્પચંગેરી યાવત્ રોમહસ્ત ચંગેરી, પુષ્પપટલ, તેલ સમુદ્‌ગક યાવત્ અંજન સમુદ્‌ગક અને ધૂપ કડુચ્છુક રહેલ છે. સિદ્ધાયતન ઉપર આઠ અષ્ટમંગલ, ધ્વજ, છત્રાતિછત્ર છે.**

સૂત્ર–૪૦

તે સિદ્ધાયતનની ઈશાનમાં અહીં એક મોટી ઉપપાતસભા કહી છે. સુધર્માસભા સમાન ઉપપાતસભાનું વર્ણન કરવું યાવત્ મણિપીઠિકા આઠ યોજન, દેવશયનીયવત્ શયનીયનું વર્ણન, **આઠ–આઠ મંગલ**, ધ્વજ, છત્રાતિછત્રો છે. તે ઉપપાત સભાનું પૂર્વે એક મોટું દ્રહ છે. તે ૧૦૦ યોજન લાંબુ, ૫૦ યોજન પહોળુ, ૧૦ યોજન ઊંડુ છે.

તે દ્રહની ઈશાનમાં અહીં એક મોટી અભિષેક સભા કહી છે. સુધર્માસભાના ગમક મુજબ યાવત્ ગોમાનસિકા, મણિપીઠિકા, સપરિવાર સિંહાસન યાવત્ મુક્તાદામ છે. ત્યાં સૂર્યાભદેવના ઘણા અભિષેક ભાંડ રહેલા છે. **આઠ–આઠ મંગલ પૂર્વવત્.**

તે અભિષેક સભાની ઈશાનમાં અહીં એક આલંકારિક સભા કહી છે. સુધર્માસભા મુજબ આઠ યોજન મણિ–પીઠિકા, સપરિવાર સિંહાસન સુધી કહેવું. ત્યાં સૂર્યાભદેવના ઘણા જ અલંકાર ભાંડ છે, બાકી પૂર્વવત્.

તે અલંકારિક સભાની ઈશાનમાં એક મોટી વ્યવસાય સભા કહી છે. ઉપપાત સભા સમાન સપરિવાર સિંહાસન, મણિપીઠિકા, **આઠ આઠ મંગલો૦** આદિ કહેવા.

ત્યાં સૂર્યાભદેવનું એક મહાન પુસ્તકરત્ન રહેલું છે. તે પુસ્તકરત્નનું વર્ણન આ પ્રમાણે – રત્નમય પત્રક, રિષ્ઠ રત્નમય કંબિકા, તપેલ સુવર્ણમય દોરા, વિવિધ મણિમય ગાંઠ, વૈડૂર્યમય લિપ્યાસન, રિષ્ઠરત્નમય ઢાંકણ, તપેલ સુવર્ણમય સાંકળ, રિષ્ઠરત્નમય શાહી, વજ્રરત્નમય લેખણી, રિષ્ટરત્નમય અક્ષરોથી ધાર્મિક શાસ્ત્ર લખેલ છે. વ્યવસાયસભા ઉપર **આઠ–આઠ મંગલો** છે.

તે વ્યવસાય સભાની ઈશાન દિશામાં નંદા પુષ્કરિણી કહી છે. તે દ્રહ સદશ છે. તે નંદા પુષ્કરિણીની ઈશાનમાં એક મોટી બલિપીઠ કહી છે. સર્વરત્નમય, નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે.

સૂત્ર–૪૧, ૪૨

**૪૧.** તે કાળે તે સમયે સૂર્યાભદેવ તત્કાળ ઉત્પન્ન થઈને પાંચ પ્રકારની પર્યાપ્તિઓ પૂર્ણ કરી, તે આ – આહાર, શરીર, ઇન્દ્રિય, આનપ્રાણ,ભાષામન પર્યાપ્તિ. ત્યારે તે સૂર્યાભદેવને પંચવિધ પર્યાપ્તિથી પર્યાપ્તભાવ પામીને આવા સ્વરૂપનો અભ્યર્થિત, ચિંતિત, પ્રાર્થિત, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો – મારે પહેલા શું કરવું જોઈએ ? પછી શું કરવું જોઈએ ? મને પહેલાં શું શ્રેય છે ? પછી શું શ્રેય છે ? મારે પહેલાં પણ–પછી પણ હિત, સુખ, ક્ષેમ, નિઃશ્રેયસ, આનુગામિક–પણે થશે ? ત્યારે તે સૂર્યાભદેવના સામાનિક પર્ષદામાં ઉત્પન્ન દેવ સૂર્યાભદેવના આવા અભ્યર્થિત યાવત્ સમુત્પન્નને સમ્યક્ રીતે જાણી સૂર્યાભદેવ પાસે આવ્યા. સૂર્યાભદેવને બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી, જય–વિજયથી વધાવીને આમ કહ્યું –

હે દેવાનુપ્રિય ! સૂર્યાભ વિમાનમાં **સિદ્ધાયતનમાં જિન ઉત્સેધ પ્રમાણ ૧૦૮ જિનપ્રતિમા બિરાજમાન છે.** સુધર્મા સભામાં માણવક ચૈત્યમાં સ્તંભમાં વજ્રમય ગોળ–વૃત્ત સમુદ્‌ગકોમાં ઘણા જિન અસ્થિ રહેલા છે. તે આપને અને બીજા ઘણા વૈમાનિક દેવો અને દેવીઓને અર્ચનીય યાવત્ પર્યુપાસનીય છે. તેથી આપને તે પહેલા કરણીય છે – પછી કરણીય છે, આપને પહેલા શ્રેયરૂપ છે – પછી શ્રેયરૂપ છે. આપને પહેલા પણ અને પછી પણ હિત–સુખ–ક્ષેમ–નિઃશ્રેયસ અને આનુગામિકપણે થશે.

**૪૨.** ત્યારે તે સૂર્યાભદેવે તે સામાનિક પર્ષદા ઉત્પન્ન દેવો પાસે આ અર્થ સાંભળી, સમજી, હૃષ્ટ–તુષ્ટ યાવત્ પ્રસન્ન હૃદયી થઈ, શયનીયથી ઊભો થયો, થઈને ઉપપાતસભાના પૂર્વીય દ્વારથી નીકળ્યો, જ્યાં દ્રહ હતું ત્યાં આવ્યો. આવીને દ્રહને અનુપ્રદક્ષિણા કરતો–કરતો પૂર્વીય તોરણથી પ્રવેશ્યો, પ્રવેશીને પૂર્વીય ત્રિસોપાનક પ્રતિરૂપકથી નીચે ઊતર્યો, ઊતરીને પાણીમાં ગયો, પાણીથી સ્નાન કર્યું. કરીને જલક્રીડા કરી, કરીને જલાભિષેક કર્યો, કરીને આચમન કરી, ચોક્ખો થઈ, પરમ શુચિભૂત થઈ, દ્રહથી બહાર નીકળ્યો.

ત્યારપછી જ્યાં અભિષેક સભા છે, ત્યાં આવે છે, આવીને અભિષેક સભાને અનુપ્રદક્ષિણા કરતો કરતો પૂર્વના દ્વારેથી પ્રવેશે છે. પ્રવેશીને સિંહાસને આવે છે. આવીને શ્રેષ્ઠ સિંહાસને પૂર્વાભિમુખ બેઠો.

ત્યારે સૂર્યાભદેવના સામાનિક પર્ષદામાં ઉત્પન્ન દેવો આભિયોગિક દેવોને બોલાવે છે, બોલાવીને આમ કહ્યું – હે દેવાનુપ્રિયો ! જલદીથી સૂર્યાભદેવના મહાર્થ, મહાર્ધ, મહાર્હ, વિપુલ ઇન્દ્રાભિષેકની સામગ્રી લાવો. ત્યારે તે આભિયોગિક દેવો, સામાનિક પર્ષદાના દેવો વડે આમ કહેવાતા હર્ષિત, સંતુષ્ટ યાવત્ પ્રસન્નહૃદયી થઈ, બે હાથ જોડી, મસ્તકે આવર્ત કરી, મસ્તકે અંજલિ કરી, 'તહત્તિ' કહી, વિનયપૂર્વક આજ્ઞા વચનોને સ્વીકારે છે. સ્વીકારીને ઈશાન દિશામાં જાય છે. જઈને વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થઈને સંખ્યાત યોજનનો યાવત્ બીજી વખત પણ વૈક્રિયસમુદ્‌ઘાત વડે સમવહત થઈને –

૧૦૦૮–૧૦૦૮ રૂપાના કળશો, સોનાના કળશો, મણિમય કળશો, સોનારૂપાના કળશો, સોના–મણિના કળશો, રૂપામણિના કળશો, સોના–રૂપા–મણિના કળશો, માટીના કળશો. એ પ્રમાણે ભૃંગાર, દર્પણ, થાળી, પાત્રી, સુપ્રતિષ્ઠક, રત્નકરંડક, પુષ્પચંગેરી યાવત્ રોમહસ્ત ચંગેરી, પુષ્પ–પટલક યાવત્ રોમહસ્તપટલક, છત્ર, ચામર, તેલ સમુદ્‌ગક યાવત્ અંજન સમુદ્‌ગક, ૧૦૦૮ ધૂપકડછા વિકુર્વે છે.

વિકુર્વીને તે સ્વાભાવિક અને વૈક્રિય કળશો યાવત્ ધૂપકડછાઓને ગ્રહણ કરે છે. કરીને સૂર્યાભ વિમાનથી બહાર નીકળ્યા. નીકળીને તેવી ઉત્કૃષ્ટ, ચપલ યાવત્ તિર્છા અસંખ્યાત યોજન જતા–જતા ક્ષીરોદક સમુદ્રે આવે છે. આવીને ક્ષીરોદક લે છે. જે ત્યાં ઉત્પલો છે, તે લે છે. યાવત્ શત–સહસ્રપત્રો લે છે. લઈને પુષ્કરોદ સમુદ્રે આવે છે. આવીને પુષ્કરોદક લઈને ત્યાંના ઉત્પલ યાવત્ શત–સહસ્રપત્રો લે છે. લઈને મનુષ્યક્ષેત્રમાં ભરત–ઐરવત ક્ષેત્રો છે, તેમાં માગધ–વરદામ–પ્રભાસ તીર્થો છે, ત્યાં આવે છે. આવીને તીર્થોદક અને તીર્થમાટી લે છે. પછી ગંગા, સિંધુ,

રક્તા, રક્તવતી મહાનદીઓ પાસે આવે છે, આવીને સલિલોદક લે છે. પછી બંને કાંઠાની માટી લે છે. લઈને લઘુહિમવંત, શિખરી વર્ષધર પર્વતે આવે છે, આવીને જળ લે છે, સર્વ તુયવર, સર્વ પુષ્પ, સર્વ ગંધ, સર્વ માલ્ય, સર્વૌષધિ સિદ્ધાર્થક લે છે. લઈને પછી...

પદ્મ પુંડરીક દ્રહે જાય છે. જઈને દ્રહનું જળ લે છે, લઈને ત્યાંના ઉત્પલ યાવત્ સહસ્રપત્રો લે છે. લઈને હેમવત–ઐરાવત વર્ષક્ષેત્રોની રોહિતા, રોહિતાંશા, સુવર્ણકૂલા, રૂપ્યકૂલા મહાનદીઓ છે, ત્યાં આવે છે. સલિલોદક લે છે. લઈને બંને કાંઠેથી માટી લે છે. લઈને શબ્દાપાતી, વિકટાપાતી વૃત્ત વૈતાઢ્ય પર્વત છે, ત્યાં આવે છે, આવીને સર્વઋતુકાદિ પૂર્વવત્ પછી મહાહિમવંત, રુક્મિ વર્ષધર પર્વતે આવે છે. આવીને મહાપદ્મ અને મહાપુંડરીક દ્રહે આવે છે. આવીને દ્રહનું જળ લે છે ઇત્યાદિ.

પછી હરિવાસ, રમ્યક્ વાસ ક્ષેત્રમાં હરિકંતા, નારિકંતા મહાનદી છે, ત્યાં આવે છે, ઇત્યાદિ પૂર્વવત્. પછી ગંધાપાતી, માલ્યવંત વૃત્તવૈતાઢ્ય પર્વતે આવે છે આદિ પૂર્વવત્. પછી નિષઢ, નીલવંત વર્ષધર પર્વતે આવે છે, પૂર્વવત્. પછી તિગિચ્છિ, કેસરી દ્રહે જાય છે, પૂર્વવત્. પછી મહાવિદેહ વર્ષક્ષેત્રે સીતા, સીતોદા મહાનદીએ જાય છે, પૂર્વવત્. પછી ચક્રવર્તી વિજયોમાં બધા માગધ, વરદામ, પ્રભાસ તીર્થોમાં જાય છે, ત્યાં તીર્થોદક લે છે, લઈને સર્વે અંતનદીઓના સર્વે વક્ષસ્કાર પર્વતોએ જઈને પૂર્વવત્ પુષ્પ, ફળાદિ લે છે. પછી મેરુ પર્વતે ભદ્રશાલ વનમાં જાય છે. ત્યાં સર્વ ઋતુક પુષ્પ, માળા, સર્વૌષધિ સિદ્ધાર્થક લે છે.

પછી નંદનવનમાં જાય છે, ત્યાં સર્વઋતુક યાવત્ સર્વૌષધિ સિદ્ધાર્થક, સરસ ગોશીર્ષચંદન લે છે. લઈને સોમનસ વનમાં જાય છે, ત્યાં સર્વઋતુક યાવત્ સિદ્ધાર્થક અને સરસ ગોશીર્ષચંદન, દિવ્ય પુષ્પમાળા, દર્દ્દર મલય સુગંધી ગંધને ગ્રહણ કરે છે, પછી આ બધું લઈ તે દેવો એક સ્થાને ભેગા થયા.

પછી તેવી ઉત્કૃષ્ટ યાવત્ ગતિથી સૌધર્મકલ્પમાં સૂર્યાભવિમાનમાં અભિષેકસભામાં સૂર્યાભદેવ પાસે આવીને તેમને બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી, જય–વિજય વડે વધાવે છે. વધાવીને તે મહાર્થ, મહાર્ઘ, મહાર્હ, વિપુલ ઇન્દ્રાભિષેક ની સામગ્રી ઉપસ્થાપિત કરી.

ત્યારે તે સૂર્યાભદેવ ૪૦૦૦ સામાનિકો, સપરિવાર અગ્રમહિષીઓ, ત્રણ પર્ષદા, સાત સૈન્યાધિપતિ યાવત્ બીજા ઘણાં સૂર્યાભવિમાનવાસી દેવો અને દેવીઓએ તે સ્વાભાવિક તથા વૈક્રિયિક શ્રેષ્ઠ કમલે પ્રતિષ્ઠાપિત, સુગંધીત શ્રેષ્ઠ જળથી ભરેલ, ચંદનકૃત ચર્ચિત, કંઠ ગુણોથી બદ્ધ, પદ્મોત્પલથી ઢાંકેલ, સુકુમાલ કોમળ હાથ વડે પરિગૃહીત ૧૦૦૮ સુવર્ણ કળશ યાવત્ ૧૦૦૮ માટીના કળશો સર્વે જળથી – માટીથી – પુષ્પાદિથી યાવત્ સિદ્ધાર્થકો વડે ભરીને સર્વ ઋદ્ધિથી યાવત્ વાદ્ય ઘોષ સહ અતિ મહાન ઇન્દ્રાભિષેકથી અભિસિંચિત કરે છે.

ત્યારે તે સૂર્યાભદેવનો અતિમહાન ઇન્દ્રાભિષેક વર્તતો હતો ત્યારે – કેટલાંક દેવો સૂર્યાભ વિમાનને અતિ જળ કે માટી નહીં પણ પ્રવિરલ વર્ષતી, રજ–રેણુ વિનાશક, દિવ્ય સુરભિ ગંધોદકની વર્ષા વરસાવે છે. કેટલાંક દેવો વિમાનને હતરજ –નષ્ટરજ –ભ્રષ્ટરજ –ઉપશાંતરજ –પ્રશાંતરજ કરે છે. કેટલાંક દેવો વિમાનને સિંચન–સંમાર્જન–ઉપલિપ્ત, શુચિ સંમૃષ્ટ રથ્યાંતર આપણ–વીહિને કરે છે. કેટલાંક મંચાતિમંચ યુક્ત કરે છે. કેટલાંક વિવિધ રંગની ધ્વજા, પતાકાતિપતાકાથી મંડિત કરે છે. કેટલાંક લીંપણ–ગુંપણ કરે છે. ગોશીર્ષ–સરસ–રક્તચંદન–દર્દ્દર–પંચાંગુલિતલ કરે છે.

કેટલાંક દેવો સૂર્યાભ વિમાનના દ્વારોને ચંદન ચર્ચિત કળશોથી બનેલ તોરણોથી સજાવે છે. કેટલાંક ઉપરથી નીચે સુધી લટકતી લાંબી લાંબી ગોળ માળાથી વિભૂષિત કરે છે. કેટલાંક પંચવર્ણી સુગંધી પુષ્પો વિખેરી સુશોભિત કરે છે. કેટલાંક કાલાગરુ પ્રવર કુંદરુષ્ક તુરુષ્ક ધૂપથી મધમધતી સુગંધથી અભિરામ કરે છે. કેટલાંક સુગંધ ગંધીક ગંધવર્તીભૂત કરે છે. કેટલાંકે હિરણ્ય, સુવર્ણ, રજત, વજ્ર, પુષ્પ, ફળ, માળા, ગંધ, ચૂર્ણ, આભરણની વર્ષા કરે છે.

કેટલાંકે સુવર્ણ કે યાવત્ આભરણની એકબીજાને ભેટ આપે છે. કેટલાંક તત, વિતત, ઘન, ઝુસિર એ ચતુર્વિધ વાજિંત્રને વગાડે છે.

કેટલાંક દેવો ઉત્ક્ષિપ્ત, પાદાંત, મંદ, રોચિતાવસાન એ ચતુર્વિધ ગીતો ગાય છે. કેટલાંક દેવોએ દ્રુત કે વિલંબિત કે દ્રુતવિલંબિત નાટ્યવિધિ દેખાડી, કેટલાકે અંચિત નૃત્યવિધિ દેખાડી. કેટલાક દેવોએ આરભડ, ભસોલ કે આરભટભસોલ નૃત્યવિધિ દેખાડી, કેટલાકે ઉત્પાત–નિપાત પ્રવૃત્ત, તો કેટલાંકે સંકુચિત–પ્રસારિત–રિતારિત, તો કેટલાંકે ભ્રાંત–સંભ્રાંત દિવ્ય નૃત્યવિધિ દેખાડી. કેટલાંક દેવોએ ચતુર્વિધ અભિનય કર્યો. તે આ – દાર્ષ્ટાન્તિક, પ્રાત્યાંતિક, સામંતોપનિપાતિક, લોકાંતમધ્યાવસાનિક.

કેટલાંક દેવો બુક્કાર કરે છે, કેટલાંક શરીર ફૂલાવે છે, કેટલાંક નાચે છે, કેટલાંક હક્કાર કરે છે, કેટલાંક લાંબી લાંબી દોડ દોડે છે, કેટલાંક ગણગણે છે અને આસ્ફોટન કરે છે. કેટલાંક આસ્ફોટન કરી ગણગણે છે, કેટલાંક ત્રિપદી દોડે છે, કેટલાંક ઘોડાની જેમ હણહણે છે – હાથીવત્ ગુલગુલ કરે છે – રથની જેમ ધણધણે છે – કેટલાંક આ ત્રણે કરે છે.

કેટલાંક ઉછળે છે, વિશેષ ઉછળે છે. કેટલાંક હર્ષધ્વનિ કરે છે. કેટલાંક આ ત્રણે કરે છે. કેટલાંક ઉપર – કેટલાંક નીચે–કેટલાંક લાંબુ કૂદ્યા, કેટલાંકે આ ત્રણે કર્યુ, કોઈ સિંહનાદ કરે છે – કોઈએ બીજાને રંગ્યા – કોઈએ ભૂમિ થપથપાવી, કોઈએ આ ત્રણે કર્યુ. કોઈ ગરજે છે – કોઈ ચમકે છે – કોઈ વર્ષા કરે છે, કોઈ ત્રણે કરે છે. કોઈ બળે છે – કોઈ તપે છે – કોઈ પ્રતાપે છે – કોઈ ત્રણે કરે છે. કોઈ હક્કારે છે – થુક્કારે છે – ધક્કારે છે. કોઈ પોત–પોતાના નામ કહે છે, કોઈ ચારે પણ કરે છે.

કેટલાંક દેવો દેવસન્નિપાત કરે છે, કોઈ દેવોદ્યોત કરે છે, કોઈ દેવોત્કલિત કરે છે, કોઈ કહકહક કરે છે, કોઈ દુહદુહક કરે છે, કોઈ વસ્ત્રોત્ક્ષેપ કરે છે. કોઈ દેવસન્નિપાત યાવત્ વસ્ત્રોત્ક્ષેપ કરે છે. કેટલાંક હાથમાં ઉત્પલ યાવત્ સહસ્રપત્ર કમળ લીધા, કોઈએ હાથમાં કળશ યાવત્ ધૂપકડછા લીધા, હૃષ્ટ–તુષ્ટ યાવત્ હૃદયી થઈ ચારે તરફ અહીં–તહીં દોડે છે – વિશેષ દોડે છે.

ત્યારે તે સૂર્યાભદેવને, ૪૦૦૦ સામાનિકો યાવત્ ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા પણ ઘણા સૂર્યાભ રાજધાની વાસ્તવ્યા દેવો અને દેવીઓએ અતિ મહાન ઈન્દ્રાભિષેક વડે અભિસિંચિત કરે છે, કરીને એકે એક બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરીને કહ્યું – હે નંદ ! તમારો જય થાઓ, હે ભદ્ર ! તમારો જય થાઓ. તમારું કલ્યાણ થાઓ. ન જિતેલાને જીતો, જિતેલને પાળો, જિતેલ મધ્યે વસો. દેવોમાં ઈન્દ્રવત્, તારામાં ચંદ્રવત્, અસુરોમાં ચમરવત્, નાગોમાં ધરણવત્, મનુષ્યોમાં ભરતવત્, ઘણા પલ્યોપમ – ઘણા સાગરોપમ – ઘણા પલ્યોપમ સાગરોપમ સુધી) ૪૦૦૦ સામાનિક યાવત્ ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, સૂર્યાભ વિમાનના બીજા ઘણા સૂર્યાભવિમાનવાસી દેવો અને દેવીઓનું આધિપત્ય યાવત્ મહત્તરકત્વ કરતા, પાલન કરતા વિચરો એમ કહીને જય–જય શબ્દ કરે છે.

ત્યારે તે સૂર્યાભદેવ, મહાન્ ઈન્દ્રાભિષેકથી અભિષિક્ત થઈને, અભિષેક સભાના પૂર્વ દ્વારથી નીકળે છે. નીકળીને અલંકારિક સભાએ આવે છે, આવીને અલંકારિક સભાને અનુપ્રદક્ષિણા કરતા, અલંકારિક સભાના પૂર્વ દ્વારેથી પ્રવેશે છે, પ્રવેશીને સિંહાસન પાસે આવે છે. તે શ્રેષ્ઠ સિંહાસન ઉપર પૂર્વાભિમુખ કરીને બેઠો.

ત્યારે તે સૂર્યાભદેવના સામાનિક પર્ષદાના દેવોએ તેમની સમક્ષ અલંકારિક ભાંડ ઉપસ્થિત કર્યા. ત્યારે તે સૂર્યાભદેવે સર્વપ્રથમ રોમયુક્ત સુકુમાલ સુરભિ ગંધ કાષાયિકથી ગાત્રો લૂછ્યા, લૂંછીને સરસ ગોશીર્ષ ચંદનથી ગાત્રોને અનુલિંપિત કરે છે, કરીને નાકના શ્વાસથી ઊડી જાય તેવા ચક્ષુર્હર વર્ણ–સ્પર્શ યુક્ત, ઘોડાની લાળથી પણ અધિક સુકોમળ, ધવલ, સુવર્ણથી ખચિત કર્મયુક્ત, આકાશ અને સ્ફટિક જેવી પ્રભાવાળા, દિવ્ય દેવદૂષ્ય યુગલને

ધારણ કર્યું, કરીને હાર–અર્ધહાર–એકાવલી–મુક્તાવલી–રત્નાવલીને ધારણ કર્યા. કરીને અંગદ, કેયુર, કડગ, ત્રુટિત, કટિસૂત્રક, દશ વીંટીઓ, વક્ષસૂત્ર, મુરવિ, પ્રાલંબ, કુંડલ, ચૂડામણી, મુગટને ધારણ કર્યા. પછી ગ્રંથિમ–વેષ્ટિમ–પૂરિમ–સંઘાતિમ ચાર પ્રકારની માળા વડે કલ્પવૃક્ષની સમાન પોતાને અલંકૃત–વિભૂષિત કરે છે. દર્દર–મલય–સુગંધની ગંધ ગાત્રો ઉપર છાંટી, દિવ્ય સુમનદામ ધારણ કરે છે.

સૂત્ર–૪૩, ૪૪

૪૩. ત્યારે તે સૂર્યાભદેવ કેશાલંકાર, માલ્યાલંકાર, આભરણાલંકાર, વસ્ત્રાલંકાર એ ચતુર્વિધ અલંકાર વડે અલંકૃત અને વિભૂષિત થઈને – પ્રતિપૂર્ણાલંકાર થઈને સિંહાસનથી ઊભા થાય છે, થઈને અલંકાર સભાના પૂર્વના દ્વારથી નીકળે છે. નીકળીને વ્યવસાય સભાએ જાય છે. વ્યવસાય સભાને અનુપ્રદક્ષિણા કરતા–કરતા પૂર્વના દ્વારેથી પ્રવેશ કરે છે. ઉત્તમ સિંહાસને યાવત્ બેસે છે.

ત્યારે તે સૂર્યાભદેવના સામાનિક પર્ષદાના દેવો પુસ્તકરત્ન લાવે છે. ત્યારપછી સૂર્યાભદેવ પુસ્તકરત્નને ગ્રહણ કરે છે. લઈને મૂકે છે. પુસ્તકરત્નને ઉઘાડે છે, ઉઘાડીને વાંચે છે. વાંચીને ધાર્મિક કાર્ય કરવાનો નિર્ણય કરે છે, પછી પુસ્તકરત્નને પાછું મૂકે છે. સિંહાસનથી ઊભો થાય છે, થઈને વ્યવસાયસભાના પૂર્વના દ્વારેથી નીકળે છે.

નીકળીને નંદા પુષ્કરિણીએ આવે છે. આવીને તેના પૂર્વના તોરણથી પૂર્વના ત્રિસોપાન પ્રતિરૂપકથી તેમાં ઊતરે છે, ઊતરીને હાથ–પગ ધૂએ છે. ધોઈને આચમન કરી, ચોક્ખો થઈ, પરમશૂચિભૂત થઈ, એક મોટા શ્વેત રજતમય વિમલ સલિલપૂર્ણ મત્ત ગજમુખ આકૃતિ કુંભ સમાન ભૃંગારને ગ્રહણ કરે છે. ત્યાંના જે ઉત્પલ યાવત્ શતસહસ્રપત્રોને ગ્રહણ કરીને નંદા પુષ્કરિણીથી બહાર નીકળે છે. નીકળી જ્યાં સિદ્ધાયતન છે, ત્યાં જવા તૈયાર થયો.

૪૪. ત્યારે તે સૂર્યાભદેવના ૪૦૦૦ સામાનિકો યાવત્ ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા પણ ઘણા સૂર્યાભ–વિમાનવાસી દેવો અને દેવીઓમાં કેટલાંક હાથમાં ઉત્પલ યાવત્ શત–સહસ્ર પત્રો લઈને સૂર્યાભદેવની પાછળ–પાછળ ચાલ્યા. ત્યારપછી સૂર્યાભદેવના ઘણા આભિયોગિક દેવો અને દેવીઓમાં કેટલાક હાથમાં કળશો યાવત્ કેટલાક હાથમાં ધૂપકડછા લઈ અતિ હર્ષિત થઈ સૂર્યાભદેવની પાછળ ચાલ્યા. ત્યારપછી સૂર્યાભદેવના ૪૦૦૦ સામાનિક દેવો યાવત્ બીજા ઘણા સૂર્યાભવિમાનના દેવો–દેવીઓથી સંપરિવૃત્ત થઈને સર્વઋદ્ધિથી યાવત્ વાદ્યોની ધ્વનિપૂર્વક સિદ્ધાયતન હતું ત્યાં આવ્યા.

પછી **સિદ્ધાયતનના પૂર્વના દ્વારેથી પ્રવેશ્યા, પ્રવેશીને** જ્યાં દેવછંદક છે, **જ્યાં જિનપ્રતિમાઓ છે, ત્યાં આવે છે. આવીને જિન પ્રતિમાને જોતાં જ પ્રણામ કરે છે. કરીને લોમહસ્તકને ગ્રહણ કરે છે, કરીને જિનપ્રતિમાને લોમહસ્તકથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને જિનપ્રતિમાને સુગંધી ગંધોદકથી નવડાવે છે. નવડાવીને સરસ ગોશીર્ષચંદનથી ગાત્રોને લીંપે છે. લીંપીને સુગંધી ગંધ કાષાયિકથી ગાત્રોને લૂંછે છે, લૂંછીને જિનપ્રતિમાને અહત દેવદૂષ્ય યુગલ પહેરાવે છે. પહેરાવીને પુષ્પ–માળા–ગંધ–ચૂર્ણ–વર્ણ–વસ્ત્ર–આભરણ ચઢાવે છે.**

**પછી નીચે સુધી લટકતી લાંબી–લાંબી ગોળ માળા પહેરાવી. પહેરાવીને પંચવર્ણી પુષ્પપુંજો હાથમાં લઈને તેની વર્ષા કરી અને માંડવો કરીને તે સ્થાનને સુશોભિત કર્યું. પછી તે જિનપ્રતિમાની આગળ સ્વચ્છ, શ્લક્ષ્ણ, રજતમય, અક્ષત તંદુલ વડે આઠ–આઠ મંગલનું આલેખન કર્યું. તે આ પ્રમાણે – સ્વસ્તિક યાવત્ દર્પણ. પછી ચંદ્રપ્રભ–રત્ન–વજ્ર–વૈડૂર્ય વિમલ દંડ, સ્વર્ણ–મણિ–રત્ન વડે ચિત્રિત, કાળો અગરુ, પ્રવર કુંદુરુષ્ક, તુરુષ્ક, ધૂપના મઘમઘાટથી ઉત્તમ ગંધ વડે વ્યાપ્ત અને ધૂપવર્તી છોડતા વૈડૂર્યમય કડછાને ગ્રહણ કરીને ધૂપક્ષેપ કરીને જિનવરને ૧૦૮ વિશુદ્ધ ગ્રન્થયુક્ત – અર્થયુક્ત – અપુનરુક્ત મહિમાશાળી છંદોથી સ્તૂતિ કરી, પછી સાત–આઠ પગલા પાછળ ખસ્યો, ખસીને ડાબો ઘૂંટણ ઊંચો કર્યો. કરીને જમણો ઘૂંટણ ભૂમિતલે સ્થાપી, ત્રણ વખત મસ્તકને ભૂમિતલે લગાડ્યુ, લગાડીને કંઈક નમે છે. નમીને બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરીને આ પ્રમાણે કહ્યું –**

નમસ્કાર થાઓ – અરિહંતોને યાવત્ સંપ્રાપ્તને. પછી વંદે છે, નમે છે, નમીને જ્યાં દેવછંદક છે, જ્યાં

સિદ્ધાયતનનો બહુમધ્ય દેશભાગ છે, ત્યાં જાય છે. જઈને લોમહસ્તક(મોરપિંછી)ને ઉઠાવે છે. પછી સિદ્ધાયતનના બહુમધ્ય દેશભાગને લોમહસ્તક થી પ્રમાર્જે છે. દિવ્ય ઉદકધારાથી સીંચે છે. સરસ ગોશીર્ષચંદનથી પંચાંગુલિતલ મંડલને આલેખે છે. આલેખીને, હાથમાં લઈને યાવત્ પુંજોપચાર યુક્ત કરે છે. કરીને ધૂપ દે છે. પછી સિદ્ધાયતનના દક્ષિણ દ્વારે આવે છે.

ત્યાં લોમહસ્તક લઈને પછી દ્વારચેટી અને શાલભંજિકાઓ તથા વ્યાલરૂપને લોમહસ્તકથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય ઉદકધારાથી સીંચે છે. સીંચીને સરસ ગોશીર્ષચંદન વડે ચર્ચિત કરે છે. કરીને પુષ્પારોહણ, માલ્ય યાવત્ આભરણ આરોહણ કરે છે, કરીને લાંબી લટકતી માળા યાવત્ ધૂપક્ષેપ કરે છે. કરીને જ્યાં દક્ષિણના દ્વારે મુખમંડપ છે, જ્યાં તે મુખ–મંડપનો બહુમધ્ય દેશભાગ છે, ત્યાં આવે છે. આવીને લોમહસ્તક લે છે. લઈને બહુમધ્ય દેશભાગને લોમહસ્તકને પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય ઉદકધારાથી સીંચે છે, સીંચીને સરસ ગોશીર્ષચંદનથી પંચાંગુલિતલ મંડપને આલેખે છે. આલેખીને, ગ્રહિત પુષ્પો વીખેરી યાવત્ ધૂપ દે છે.

પછી જે દક્ષિણના મુખમંડપના પશ્ચિમી દ્વારે જાય છે, જઈને લોમહસ્તક હાથમાં લે છે, લઈને દ્વાર શાખા, શાલ–ભંજિકા, વ્યાલરૂપોને લોમહસ્તકથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય જળધારાથી સીંચે છે. સરસ ગોશીર્ષચંદનથી ચર્ચિત કરે છે. પુષ્પ યાવત્ આભરણ ચડાવે છે. લાંબી માળા – પુષ્પો વિખેરવા – ધૂપ આપવો. આ બધું કરીને દક્ષિણના મુખમંડપના ઉત્તરની સ્તંભ પંક્તિ પાસે આવે છે. આવીને લોમહસ્તક હાથમાં લે છે. સ્તંભ, શાલભંજિકા અને વ્યાલરૂપને લોમહસ્તક થી પ્રમાર્જે છે. પશ્ચિમના દ્વારવત્ યાવત્ ધૂપ દે છે.

ત્યારપછી દક્ષિણી મુખ મંડપના પૂર્વ દ્વારે આવે છે. આવીને લોમહસ્તક હાથમાં લઈને દ્વાર શાખા ઈત્યાદિ પૂર્વવત્ કહેવું. પછી દક્ષિણના મુખમંડપના દક્ષિણ દ્વારે આવે છે, આવીને દ્વાર શાખા ઈત્યાદિ પૂર્વવત્ કહેવું. પછી દક્ષિણના પ્રેક્ષાગૃહ મંડપમાં જ્યાં પ્રેક્ષાગૃહમંડપનો બહુમધ્ય દેશભાગ છે, તેમાં વજ્રમય અક્ષપાટક છે. મણિપીઠિકા છે, જ્યાં સિંહાસન છે, ત્યાં આવે છે. આવીને લોમહસ્તક હાથમાં લે છે. લઈને અક્ષપાટકને, મણિપીઠિકાને, સિંહાસનને લોમ હસ્તકથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને તે દિવ્ય ઉદકધારાથી સીંચી, સરસ ગોશીર્ષચંદન વડે ચર્ચિત કરે છે. પુષ્પ ચડાવે છે, લાંબી લટકતી માળા ચડાવી, ધૂપ આપે છે. આપીને દક્ષિણના પ્રેક્ષાગૃહ મંડપના પશ્ચિમના દ્વારે આવે છે. ઉત્તરના દ્વારે બધું પૂર્વના દ્વાર માફક કહેવું. દક્ષિણના દ્વારે પણ પૂર્વવત્ જ કહેવું. પછી દક્ષિણના ચૈત્યસ્તૂપે આવે છે.

ત્યાં આવીને સ્તૂપ અને મણિપીઠિકાને દિવ્ય જળધારા વડે સીંચે છે, સરસ ગોશીર્ષચંદનથી ચર્ચિત કરે છે. પુષ્પ ચડાવે છે. યાવત્ ધૂપક્ષેપ કરે છે. **પશ્ચિમની મણિપીઠિકાએ જ્યાં પશ્ચિમમાં જિનપ્રતિમા છે**, ત્યાં આવે છે. શેષ પૂર્વવત્. **ઉત્તરની જિનપ્રતિમામાં પણ બધું તેમજ** કહેવું. પછી પૂર્વની મણિપીઠિકા છે, જ્યાં **પૂર્વીય દિશાની જિનપ્રતિમા છે, ત્યાં આવે છે**, શેષ પૂર્વવત્. દક્ષિણની મણિપીઠિકાએ **દક્ષિણની જિનપ્રતિમાએ આવે છે.** શેષ પૂર્વવત્.

જ્યાં દક્ષિણનું ચૈત્યવૃક્ષ છે, ત્યાં આવે છે. શેષ પૂર્વવત્. જ્યાં મહેન્દ્રધ્વજ છે, જ્યાં દક્ષિણની નંદાપુષ્કરિણી છે, ત્યાં આવે છે. લોમહસ્તક હાથમાં લે છે, તોરણ, ત્રિસોપાન પ્રતિરૂપક, શાલભંજિકા અને વ્યાલરૂપોને લોમહસ્તક વડે પ્રમાર્જી, દિવ્ય ઉદકધારાથી સીંચી, સરસ ગોશીર્ષ ચંદનથી ચર્ચિત કરી, પુષ્પમાળા ચડાવી, લાંબી માળા લટકાવી, ધૂપક્ષેપ કરે છે. સિદ્ધાયતનની અનુપ્રદક્ષિણા કરતા, જ્યાં ઉત્તરની નંદા પુષ્કરિણી છે, ત્યાં આવે છે. શેષ પૂર્વવત્. જ્યાં ઉત્તરનું ચૈત્યવૃક્ષ છે, ત્યાં આવે છે, ઉત્તરના ચૈત્યસ્તૂપે આવે છે. શેષ પૂર્વવત્. જ્યાં પશ્ચિમની પીઠિકા છે, પશ્ચિમની જિન પ્રતિમા છે, શેષ પૂર્વવત્.

ઉત્તરના પ્રેક્ષાગૃહ મંડપે આવે છે. આવીને દક્ષિણની વક્તવ્યતા છે, તે બધી કહેવી. પૂર્વના દ્વારે, દક્ષિણની સ્તંભ પંક્તિ, તે બધું પૂર્વવત્. જ્યાં ઉત્તરનો મુખ મંડપ છે, જ્યાં ઉત્તરના મુખમંડપનો બહુમધ્ય દેશભાગ છે, તે બધું

પૂર્વવત્ કહેવું. પશ્ચિમના દ્વારે તેમજ ઉત્તરના દ્વારે દક્ષિણની સ્તંભ પંક્તિ આદિ બાકીનું બધું પૂર્વવત્.

જ્યાં સિદ્ધાયતનનું ઉત્તરનું દ્વાર, પૂર્વવત્. જે સિદ્ધાયતનનું પૂર્વનું દ્વાર છે ત્યાં જાય છે. તે પૂર્વવત્. જે પૂર્વનો મુખ–મંડપ છે, જ્યાં મુખમંડપનો બહુમધ્ય દેશભાગ છે, ત્યાં આવે છે. શેષ પૂર્વવત્. પૂર્વનું મુખમંડપના દક્ષિણના દ્વારે પશ્ચિમની સ્તંભ પંક્તિ, ઉત્તરના દ્વારે તે પૂર્વવત્. જ્યાં પૂર્વનું પ્રેક્ષાગૃહ મંડપ છે, સ્તૂપ છે, જિનપ્રતિમા–ચૈત્યવૃક્ષ–મહેન્દ્ર ધ્વજ–નંદા પુષ્કરિણી બધું પૂર્વવત્ યાવત્ ધૂપ દે છે.

પછી સુધર્માસભાએ આવે છે. આવીને સુધર્માસભાના પૂર્વના દ્વારેથી પ્રવેશે છે, પ્રવેશીને માણવક ચૈત્યસ્તંભ છે, જ્યાં વજ્રમય ગોળ–વૃત્ત–સમુદ્ગક છે, ત્યાં આવે છે. આવીને લોમહસ્તક હાથમાં લે છે. લઈને વજ્રમય ગોળ–વૃત્ત સમુદ્ગકને લોમહસ્તકથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને સમુદ્ગકને ખોલે છે. ખોલીને જિન અસ્થિને લોમહસ્તકથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને સુરભિ ગંધોદકથી પ્રક્ષાલે છે. પ્રક્ષાલીને સર્વોત્તમ શ્રેષ્ઠ ગંધ અને માળાથી અર્ચિત કરી, ધૂપ દે છે. દઈને જિન અસ્થિને વજ્રમય ગોળ–વૃત્ત સમુદ્ગકમાં મૂકે છે. માણવક ચૈત્યસ્તંભને લોમહસ્તકની પ્રમાર્જે છે. દિવ્ય જળધારા–સરસ ગોશીર્ષ ચંદનથી ચર્ચિત કરી, પુષ્પારોહણ યાવત્ ધૂપ દે છે. સિંહાસનમાં પૂર્વવત્, દેવશયનીયે પૂર્વવત્. લઘુ મહેન્દ્ર ધ્વજમાં પણ તેમજ જાણવું.

જે પ્રહરણ કોશ ચોપ્પાલક છે ત્યાં આવે છે, આવીને તે લોમહસ્તક હાથમાં લે છે. લઈને ચોપ્પાલ પ્રહરણ કોશને લોમહસ્તકથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય ઉદકધારા – સરસ ગોશીર્ષચંદનથી ચર્ચિત–પુષ્પ ચડાવવા – લાંબી લટકતી માળા યાવત્ ધૂપ આપે છે.

જ્યાં સુધર્મા સભાનો બહુમધ્ય દેશભાગ, જ્યાં મણિપીઠિકા, જ્યાં દેવશયનીય ત્યાં આવે છે, આવીને લોમહસ્તક હાથમાં લઈ દેવશયનીય અને મણિપીઠિકાને લોમહસ્તકથી પ્રમાર્જે છે યાવત્ ધૂપ દે છે. પછી જ્યાં ઉપપાત સભાનું દક્ષિણનું દ્વાર છે ત્યાં પૂર્વવત્. અભિષેક સભા સદશ યાવત્ પૂર્વની નંદા પુષ્કરિણી, જ્યાં દ્રહ છે ત્યાં આવે છે, આવીને તોરણ, ત્રિસોપાનક, શાલભંજિકા, વ્યાલરૂપ પૂર્વવત્.

જ્યાં અભિષેક સભા છે, ત્યાં આવે છે. આવીને પૂર્વવત્. સિંહાસન અને મણિપીઠિકા, બાકી પૂર્વવત્. આયતન સદશ યાવત્ પૂર્વની નંદા પુષ્કરિણી. જ્યાં અલંકારિક સભા છે, ત્યાં જાય છે. જઈને ત્યાં અભિષેક સભા મુજબ બધું કહેવું. પછી વ્યવસાય સભાએ જાય છે. જઈને પૂર્વવત્, લોમહસ્તક હાથમાં લઈ પુસ્તકરત્નને લોમહસ્તક વડે પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય જળધારાથી સીંચી, સર્વોત્તમ ગંધ અને માળા વડે અર્ચા કરે છે. કરીને મણિપીઠિકા અને સિંહાસનને૦ બાકી પૂર્વવત્. પૂર્વની નંદા પુષ્કરિણીમાં જ્યાં દ્રહ છે, ત્યાં જાય છે. જઈને તે તોરણ, ત્રિસોપાનક, શાલભંજિકા, વ્યાલરૂપ પૂર્વવત્.

જ્યાં બલિપીઠ છે, ત્યાં જાય છે. ત્યાં બલિ વિસર્જન કરે છે. આભિયોગિક દેવને બોલાવે છે. બોલાવીને આમ કહ્યું–

ઓ દેવાનુપ્રિયો ! જલદી સૂર્યાભવિમાનમાં શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ, પ્રાકાર, અટ્ટાલક, ચરિકા, દ્વાર, ગોપુર, તોરણ, આરામ, ઉદ્યાન, વન, વનરાજી, કાનન અને વનખંડમાં અર્ચનીય કરે છે. કરીને જલદીથી આજ્ઞાને પાછી સોંપો.

ત્યારે તે આભિયોગિક દેવો, સૂર્યાભદેવે આમ કહેતા યાવત્ સ્વીકારીને સૂર્યાભ વિમાનમાં શૃંગાટક, ત્રિક યાવત્ વનખંડમાં અર્ચનીય કરે છે, કરીને જ્યાં સૂર્યાભદેવ છે યાવત્ આજ્ઞા સોંપે છે.

ત્યારપછી સૂર્યાભદેવ, જ્યાં નંદા પુષ્કરિણી છે, ત્યાં આવે છે. આવીને નંદા પુષ્કરિણીને પૂર્વના ત્રિસોપાન પ્રતિ–રૂપકથી ઉતરે છે. ઉતરીને હાથ–પગ ધૂવે છે, ધોઈને નંદા પુષ્કરિણીથી બહાર નીકળી, જ્યાં સુધર્માસભા છે, ત્યાં જવાને પ્રવૃત્ત થયો.

ત્યારે તે સૂર્યાભદેવ, ૪૦૦૦ સામાનિક યાવત્ ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા ઘણા સૂર્યાભવિમાનવાસી વૈમાનિક દેવ–દેવી સાથે પરીવરીને સર્વઋદ્ધિથી યાવત્ નાદિત રવથી સુધર્માસભાએ આવે છે. સુધર્માસભાના પૂર્વના દ્વારેથી પ્રવેશે છે. પ્રવેશીને સિંહાસન પાસે આવે છે. આવીને શ્રેષ્ઠ સિંહાસને પૂર્વાભિમુખ બેઠો.

સૂત્ર–૪૫

ત્યારપછી તે સૂર્યાભદેવની પશ્ચિમોત્તર અને ઉત્તરપૂર્વ દિશામાં સ્થાપિત ૪૦૦૦ ભદ્રાસનો ઉપર ૪૦૦૦ સામાનિક દેવો બેઠા. પછી સૂર્યાભદેવની પૂર્વ દિશામાં ચાર અગ્રમહિષીઓ ચાર ભદ્રાસનોમાં બેઠી. પછી સૂર્યાભ–દેવની દક્ષિણ–પૂર્વે અભ્યંતર પર્ષદાના ૮૦૦૦ દેવો, ૮૦૦૦ ભદ્રાસનોમાં બેઠા. પછી સૂર્યાભદેવની દક્ષિણે મધ્યમ પર્ષદાના ૧૦,૦૦૦ દેવો, ૧૦,૦૦૦ ભદ્રાસનોમાં બેઠા. પછી સૂર્યાભદેવની દક્ષિણ–પશ્ચિમે બાહ્યપર્ષદાના ૧૨,૦૦૦ દેવો ૧૨,૦૦૦ ભદ્રાસનોમાં બેઠા. પછી તે સૂર્યાભદેવની પશ્ચિમે સાત અનિકાધિપતિઓ સાત ભદ્રાસનોમાં બેઠા.

ત્યારપછી તે સૂર્યાભદેવની ચારે દિશામાં ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો ૧૬,૦૦૦ સિંહાસનોમાં બેઠા. તે આ રીતે – પૂર્વમાં ૪૦૦૦, દક્ષિણમાં ૪૦૦૦, પશ્ચિમમાં ૪૦૦૦, ઉત્તરમાં ૪૦૦૦. તે આત્મરક્ષકો સન્નદ્ધ–બદ્ધ–વર્મિત કવચવાળા, શરાસન પટ્ટિકાયુક્ત, ગ્રૈવેયક પહેરેલા, બદ્ધ–આવિદ્ધ વિમલવર ચિંધપટ્ટવાળા, ગૃહીત આયુધ–પ્રહરણ, ત્રણ સ્થાને નમેલ, ત્રિસંધિક, વજ્રમય કોડી–ધનુષ લઈને, પર્યાપ્ત કાંડ–કલાપ, નીલ–પીત–રક્ત પ્રભાવાળા ધનુષ–ચારુ–ચર્મ–દંડ–ખડ્ગ–પાશને હાથમાં લઈને, નીલ–પીન–રક્ત–ચાપ–ચારુ–ચર્મ–દંડ–ખડ્ગ–પાશ ધારણ કરેલ, આત્મરક્ષક, રક્ષા ઉપગત, ગુપ્ત–ગુપ્તપાલિત, યુક્ત–યુક્તપાલિત, દરેકે દરેક વિનયપૂર્વક પોતાની આચાર–મર્યાદા મુજબ સેવક થઈને રહ્યા છે.

સૂત્ર–૪૬, ૪૭

૪૬. ભગવન્ ! સૂર્યાભદેવની કેટલા કાળની સ્થિતિ કહી છે ? ગૌતમ ! ચાર પલ્યોપમ. ભગવન્ ! સૂર્યાભદેવના સામાનિક પર્ષદામાં ઉત્પન્ન દેવની કેટલા કાળની સ્થિતિ છે ? ગૌતમ ! ચાર પલ્યોપમ તે સૂર્યાભદેવ મહાઋદ્ધિ, મહાદ્યુતિ, મહાબલ, મહાયશ, મહાસૌખ્ય, મહાપ્રભાવ વાળો છે. અહો ભદંત ! તે સૂર્યાભદેવ આવો મહાઋદ્ધિક યાવત્ મહાનુભાગ છે.

૪૭. ભગવન્ ! સૂર્યાભદેવે તે દિવ્ય દેવઋદ્ધિ, દેવદ્યુતિ, દેવાનુભાગ કઈ રીતે લબ્ધ–પ્રાપ્ત–અભિમુખ કરી ? તે પૂર્વભવે કોણ હતો ? શું નામ કે શું ગોત્ર હતું ? કયા ગામ યાવત્ સંનિવેશનો હતો ? શું દઈને કે ખાઈને, શું કરીને કે આચરીને ? કેવા તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણની પાસે એક પણ આર્ય ધાર્મિક સુવચનને સાંભળીને કે અવધારીને સૂર્યાભદેવે તે દિવ્ય દેવર્દ્ધિ યાવત્ દેવાનુભાવને લબ્ધ–પ્રાપ્ત કે અભિસન્મુખ કરી ?

## સૂર્યાભદેવ પ્રકરણનો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

સૂત્ર–૪૮

ગૌતમને આમંત્રીને શ્રમણ ભગવન્ મહાવીરે ગૌતમ સ્વામીને આ પ્રમાણે કહ્યું – હે ગૌતમ ! તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપ દ્વીપના ભરતક્ષેત્રમાં કૈકયાર્દ્ધ નામે જનપદ ઋદ્ધ–સ્તિમિત–સમૃદ્ધ હતું. તે કૈકયાર્દ્ધ જનપદમાં સેયવિયા નામે ઋદ્ધ–સ્તિમિત–સમૃદ્ધ યાવત્ પ્રતિરૂપ નગરી હતી. તે નગરીની બહાર ઈશાન દિશામાં એક મૃગવન નામે ઉદ્યાન હતું. તે રમ્ય, નંદનવન સમાન, સર્વ ઋતુક ફળથી સમૃદ્ધ, શુભ–સુરભિ–શીતલ છાયાથી સમનુબદ્ધ, પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ હતું.

તે સેયવિયા નગરીમાં પ્રદેશી નામક રાજા હતો. તે મહાહિમવંત યાવત્ વિચરતો હતો. તે અધાર્મિક, અધર્મીષ્ઠ, અધર્મખ્યાતિ, અધર્માનુગ, અધર્મપ્રલોકી, અધર્મપ્રજનક, અધર્મશીલ–સમુદાચાર, અધર્મથી જ વૃત્તિ કરનારો, "હણ–છિંદ–ભિંદ" એવી આજ્ઞા કરતો, ચંડ–રુદ્ર–ક્ષુદ્ર–લોહિતપાણી–સાહસિક–ઉત્કંચન વંચન માયા નિકૃતિ કૂડ કપટ સાતિ સંપ્રયોગ–બહુલ, નિઃશીલ, નિર્વ્રત, નિર્ગુણ, નિર્મર્યાદ, નિષ્પ્રત્યાખ્યાન પૌષધોપવાસ, ઘણા જ દ્વિપદ–ચતુષ્પદ–મૃગ–પશુ–પક્ષી–સરીસૃપોના ઘાત–વધ–ઉચ્છેદનમાં અધર્મકેતુ હતો. ઊભો થઈને ગુરુનો આદર ન કરતો, વિનય ન કરતો, જનપદનો પ્રજાજનોથી રાજ કર લઈને પણ તેનું સમ્યક્ પાલન ન કરનાર હતો.

સૂત્ર–૪૯, ૫૦

**૪૯.** તે પ્રદેશી રાજાને સૂર્યકાંતા નામે રાણી હતી. તે સુકુમાલ હાથ–પગવાળી હતી ઈત્યાદિ ધારિણી સમાન વર્ણન કરવું. તેણી પ્રદેશી રાજાની સાથે અનુરક્ત, અવિરક્ત, ઈષ્ટ શબ્દાદિથી વિચરતી હતી.

**૫૦.** તે પ્રદેશી રાજાનો જ્યેષ્ઠ પુત્ર અને સૂર્યકાંતા દેવીનો આત્મજ સૂર્યકાંત નામે પુત્ર હતો. તે સુકુમાલ હાથ–પગવાળો યાવત્ પ્રતિરૂપ હતો. તે સૂર્યકાંતકુમાર યુવરાજ થયો. તે પ્રદેશીરાજાના રાજ્ય, રાષ્ટ્ર, બલ, વાહન, કોશ, કોષ્ઠાગાર, અંતઃપુર, જનપદને સ્વયં જ દેખભાળ કરતો વિચરતો હતો.

સૂત્ર–૫૧

તે પ્રદેશી રાજાનો મોટો ભાઈ અને મિત્ર સમાન 'ચિત્ત' નામે સારથી હતો. તે ધનાઢ્ય યાવત્ ઘણા લોકોથી અપરિભૂત હતો. શામ–દંડ–ભેદ–ઉપપ્રદાન, અર્થશાસ્ત્ર–ઈહા મતિ વિશારદ, ઔત્પાતિકી–વૈનયિકી–કર્મજા–પારિણામિકી એ ચતુર્વિધ બુદ્ધિથી યુક્ત હતો. પ્રદેશી રાજાના ઘણા કાર્યો, કારણો, કુટુંબ, મંત્ર, ગુહ્ય, રહસ્ય, વ્યવહાર, નિશ્ચયમાં પૂછવા યોગ્ય, મેઢી, પ્રમાણ, આધાર, આલંબન, ચક્ષુ, મેઢિભૂત, પ્રમાણભૂત, આધારભૂત, આલંબનભૂત, સર્વે સ્થાન – સર્વ ભૂમિકામાં લબ્ધપ્રત્યય, વિદિર્ણવિચાર, રાજ્યધૂરાચિંતક હતો.

સૂત્ર–૫૨

તે કાળે, તે સમયે કુણાલા નામે ઋદ્ધ, સ્તિમિત, સમૃદ્ધ જનપદ હતું. તે કુણાલા જનપદમાં શ્રાવસ્તી નામે નગરી હતી. તે ઋદ્ધ–સ્તિમિત–સમૃદ્ધ યાવત્ પ્રતિરૂપ હતી.

તે શ્રાવસ્તી નગરીની બહાર ઈશાન દિશાભાગમાં કોષ્ઠક નામે પુરાતન યાવત્ પ્રાસાદીય ચૈત્ય હતું. તે શ્રાવસ્તી નગરીમાં પ્રદેશી રાજાનો આજ્ઞાપાલક જિતશત્રુ નામે રાજા હતો. તે મહા હિમવંત યાવત્ વિચરતો હતો.

ત્યારે તે પ્રદેશી રાજાએ અન્ય કોઈ દિને મહાર્થ, મહાર્ઘ, મહાર્હ, વિપુલ, રાજાને યોગ્ય પ્રાભૃત તૈયાર કરાવ્યું. કરાવીને ચિત્ત સારથીને બોલાવ્યો, બોલાવીને આમ કહ્યું –

જા, હે ચિત્ત ! તું શ્રાવસ્તી નગરી જઈ જિતશત્રુ રાજાને આ મહાર્થ યાવત્ પ્રાભૃત ભેંટ ધર. તેની સાથે રહીને સ્વયં ત્યાંના રાજા કાર્યો, રાજકૃત્યો, રાજનીતિ અને રાજવ્યવહાર જો, સાંભળ અને અનુભવ કરતો વિચર, એમ કહી વિદાય કર્યો.

ત્યારે તે ચિત્તસારથિ, પ્રદેશી રાજાએ આમ કહેતા હર્ષિત થયો યાવત્ આજ્ઞા સ્વીકારી. તે મહાર્થ યાવત્ પ્રાભૃત

લે છે. પ્રદેશી રાજા પાસેથી યાવત્ નીકળ્યો. નીકળીને સેયવિયા નગરીની વચ્ચોવચ્ચથી, પોતાના ઘેરથી નીકળ્યો, નીકળીને તે મહાર્થ યાવત્ પ્રાભૃત સ્થાપે છે. કૌટુંબિક પુરુષોને બોલાવીને આ પ્રમાણે કહ્યું –

ઓ દેવાનુપ્રિયો ! જલદીથી છત્રસહિત યાવત્ ચાતુર્ઘંટ અશ્વરથ જોડીને ઉપસ્થિત કરો યાવત્ મારી આજ્ઞા પાછી સોંપો. ત્યારે તે કૌટુંબિક પુરુષો તે પ્રમાણે આજ્ઞા સ્વીકારી, જલદીથી છત્રસહિત યાવત્ યુદ્ધ સજ્જ ચાતુર્ઘંટ અશ્વરથ જોડીને ઉપસ્થિત કર્યો. તેની આજ્ઞા પાછી સોંપી.

ત્યારે તે ચિત્તસારથી કૌટુંબિક પુરુષો પાસે આ વૃત્તાંત સાંભળી યાવત્ વૃત્તાંત સાંભળી યાવત્ વિકસિત હૃદયી થઈ, બલિકર્મ કર્યુ. કૌતુક–મંગલ–પ્રાયશ્ચિત્ત કર્યા. સન્નદ્ધ–બદ્ધ–વર્મિત કવચ થઈ, શરાસન પટ્ટિકા બાંધી, ગ્રૈવેયક પહેર્યું. વિમલવર ચિંધપટ્ટથી બદ્ધ આવિદ્ધ થયો. આયુધ પ્રહરણ ગૃહીત કર્યા. તે મહાર્થ યાવત્ પ્રાભૃત લીધું.

લઈને જે ચાતુર્ઘંટ અશ્વરથ પાસે આવ્યો, આવીને ચાતુર્ઘંટ અશ્વરથે આરૂઢ થયો. ઘણા સન્નદ્ધ પુરુષો સાથે યાવત્ આયુધ–પ્રહરણ ગ્રહિત સાથે સંપરિવૃત્ત થઈ કોરંટ માલ્યદામથી યુક્ત છત્ર ધારણ કરેલ, મહાન સુભટ ચટકર પથકર વૃંદથી પરિક્ષિપ્ત થઈ પોતાના ઘેરથી નીકળે છે. સેયવિયા નગરીની વચ્ચોવચ્ચથી નીકળે છે. નીકળીને સુખે વાસ કરતો, પ્રાતઃરાશપૂર્વક, અતિવિકૃષ્ટ અંતરે વાસમાં ન વસતો, કેકય અર્ધ જનપદથી વચ્ચોવચ્ચથી કુણાલા જનપદની જે શ્રાવસ્તી નગરી છે, ત્યાં આવ્યો.

પછી શ્રાવસ્તી નગરની વચ્ચોવચ્ચથી પ્રવેશે છે. પછી જિતશત્રુ રાજાનું ગૃહ, જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા છે, ત્યાં આવે છે. આવીને ઘોડાને રોકે છે. રોકીને રથને સ્થાપે છે. રથથી નીચે ઊતરે છે. તે મહાર્થ યાવત્ પ્રાભૃત લે છે. લઈને અભ્યંતર ઉપસ્થાનશાળામાં જિતશત્રુ રાજા હતો, ત્યા આવે છે. આવીને જિતશત્રુ રાજાને બે હાથ જોડીને યાવત્ જય–વિજયથી વધાવી તે ભેંટણુ આપે છે.

ત્યારપછી તે જિતશત્રુ રાજા ચિત્ત સારથીના તે મહાર્થ યાવત્ પ્રાભૃતને સ્વીકારે છે. પછી ચિત્ત સારથીને સત્કારે–સન્માને છે, પછી વિસર્જિત કરી રાજમાર્ગમાં અવગાઢ આવાસ આપે છે.

ત્યારે તે ચિત્તસારથી વિસર્જિત થઈને જિતશત્રુ રાજાની પાસેથી નીકળે છે. નીકળીને જે બાહ્ય ઉપસ્થાન શાળામાં જ્યાં ચાતુર્ઘંટ અશ્વરથ છે, ત્યાં આવીને ચાતુર્ઘંટ અશ્વ રથમાં આરૂઢ થઈ, શ્રાવસ્તી નગરીની વચ્ચોવચ્ચથી રાજમાર્ગે અવગાઢ આવાસે પહોંચે છે. પછી ઘોડાઓને રોકે છે, રોકીને રથને સ્થાપે છે. રથથી ઊતરે છે.

સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક–મંગલ–પ્રાયશ્ચિત્ત કરી, શુદ્ધ પ્રાવેશ્ય મંગલ પ્રવર વસ્ત્રોને પહેર્યા. અલ્પ પણ મહાર્ઘ આભરણથી શરીર અલંકૃત કર્યું. ભોજનાદિ કરીને ત્રીજા પ્રહરે ગંધર્વો, નર્તકો, નાટ્યકારોના સંગીત, નૃત્ય, નાટ્યા–ભિનયોને સાંભળતા–જોતા, ઈષ્ટ શબ્દ–સ્પર્શ–રસ–રૂપ અને ગંધમૂલક મનુષ્ય સંબંધી કામભોગોને ભોગવતો વિચરવા લાગ્યો.

સૂત્ર–૫૩

તે કાળે, તે સમયે પાર્શ્વાપત્ય કેશી નામે કુમારશ્રમણ, જે જાતિ–કુળ–બલ–રૂપ–વિનય–જ્ઞાન–દર્શન–ચારિત્ર–લજ્જા–લાઘવ અને લજ્જાલાઘવ સંપન્ન, ઓજસ્વી, તેજસ્વી, વર્ચસ્વી, યશસ્વી, ક્રોધ–માન–માયા–લોભ–નિદ્રા–ઈન્દ્રિય અને પરીષહ ને જિતેલ, જીવિતાશા અને મરણભયથી વિમુક્ત, વ્રત–ગુણ–કરણ–ચરણ–નિગ્રહ–આર્જવ–માર્દવ–લાઘવ–ક્ષાંતિ–મુક્તિ–બ્રહ્મ–નય–નિયમ–સત્ય–શૌચ–જ્ઞાન–દર્શન અને ચારિત્ર પ્રધાન, ચૌદ પૂર્વી, ચાર જ્ઞાનોપગત, ૫૦૦ સાધુ સાથે પરીવરીને પૂર્વાનુપૂર્વી વિચરતા, ગ્રામાનુગ્રામ જતા, સુખે–સુખે વિહાર કરતા શ્રાવસ્તી નગરીના કોષ્ઠક ચૈત્યે આવ્યા.

આવીને શ્રાવસ્તી નગરીની બહાર કોષ્ઠક ચૈત્યમાં યથાપ્રતિરૂપ અવગ્રહને અવગ્રહીને સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતા વિચરે છે.

સૂત્ર–૫૪

ત્યારે શ્રાવસ્તી નગરીના શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ–પથોમાં મહા જનશબ્દ, જનવ્યૂહ, જન કલકલ, જન બોલ, જનઉર્મિ, જનઉત્કલિક, જન સંનિપાતિક યાવત્ પર્ષદા સેવે છે.

ત્યારે તે ચિત્તસારથી, તે મહા જનશબ્દ અને જન કલકલ સાંભળીને અને જોઈને આવા પ્રકારનો સંકલ્પ યાવત્ ઉત્પન્ન થયો. શું આજે શ્રાવસ્તી નગરીમાં ઇન્દ્ર–સ્કંદ–રુદ્ર–મુકુંદ–નાગ–ભૂત–યક્ષ–સ્તૂપ–ચૈત્ય–વૃક્ષ–પર્વત–દરિ–અગડ–નદી–સરોવર કે સાગર મહોત્સવ છે ? જેથી આ ઘણા ઉગ્ર, ભોગ, રાજન્ય, ઈક્ષ્વાકુ, ક્ષત્રિય, જ્ઞાત, કૌરવ્ય યાવત્ ઇભ્ય–ઇભ્યપુત્રો સ્નાન કરી, બલિકર્મ કરી જેમ ઉવવાઈમાં કહ્યું તેમ યાવત્ કોઈક ઘોડા ઉપર, કોઈક હાથી ઉપર, પગે ચાલતા મહા વૃંદાવૃંદોથી નીકળે છે.

આમ વિચારી કંચૂકી પુરુષને બોલાવીને કહ્યું કે – હે દેવાનુપ્રિય ! શું આજે શ્રાવસ્તી નગરીમાં ઇન્દ્ર યાવત્ સાગર મહોત્સવ છે, કે આ ઘણા ઉગ્ર, ભોગાદિ લોકો જઈ રહ્યા છે ?

ત્યારે તે કંચૂકી પુરુષે કેશીકુમાર શ્રમણના આગમનનો નિશ્ચય કરીને, ચિત્તસારથીને બે હાથ જોડી યાવત્ વધાવીને કહ્યું – હે દેવાનુપ્રિય ! આજે શ્રાવસ્તી નગરીમાં ઇન્દ્ર યાવત્ સાગર મહોત્સવ નથી, જેથી આ બધાં જઈ રહ્યા છે.

પણ હે દેવાનુપ્રિય ! નિશ્ચે પાર્શ્વાપત્ય કેશી નામે કુમાર શ્રમણ, જાતિસંપન્ન યાવત્ વિચરતા અહીં આવેલ છે, યાવત્ વિચરે છે. તેથી આજે શ્રાવસ્તી નગરીમાં ઘણા ઉગ્રો યાવત્ ઇભ્ય-ઇભ્યપુત્રોમાં કેટલાક વંદન નિમિત્તે યાવત્ વૃંદમાં નીકળે છે.

ત્યારે તે ચિત્તસારથી, કંચૂકી પુરુષ પાસે આ અર્થ સાંભળી, સમજી, અતિ હર્ષિત યાવત્ હૃદયી થઈ, કૌટુંબિક પુરુષોને બોલાવે છે, બોલાવીને કહ્યું – દેવાનુપ્રિય ! જલદીથી ચાતુર્ઘંટ અશ્વરથ જોડીને લાવો યાવત્ છત્રસહિત ઉપસ્થિત કરો.

ત્યારે ચિત્તસારથીએ સ્નાન કર્યું. બલિકર્મ કર્યું, કૌતુક–મંગલ–પ્રાયશ્ચિત્ત કર્યા. શુદ્ધ–પ્રાવેશ્ય–મંગલ–પ્રવર વસ્ત્રો ધારણ કર્યા. અલ્પ–મહાર્ઘ આભરણથી શરીર અલંકૃત કરી, ચાતુર્ઘંટ અશ્વરથ પાસે આવ્યા. આવીને અશ્વરથમાં બેઠો. કોરંટ પુષ્પની માળા સહિતનું છત્ર ધારણ કર્યું. મોટા ભટ્ટ–ચટકર–વૃંદથી પરિક્ષિપ્ત થઈને શ્રાવસ્તી નગરીની વચ્ચોવચ્ચથી નીકળ્યો. નીકળીને કોષ્ઠક ચૈત્યમાં કેશીકુમાર શ્રમણ હતા, ત્યાં આવ્યો. આવીને કેશીકુમાર શ્રમણથી બહુ દૂર કે નિકટ નહીં, તેવા સ્થાને અશ્વોને રોકી, રથ સ્થાપન કર્યો.

પછી રથમાંથી ઊતરીને કેશીકુમાર શ્રમણ પાસે આવ્યો, આવીને કેશીકુમારને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરી, કરીને વંદન–નમસ્કાર કર્યા. પછી બહુ નિકટ કે દૂર નહીં તેવા સ્થાને શ્રવણની ઇચ્છાથી નમન કરવા પૂર્વક, અભિમુખ, અંજલિ કરી રહ્યો.

ત્યારે કેશીકુમાર શ્રમણે ચિત્ત સારથી અને તે મહા–મોટી વિશાળ પર્ષદાને ચતુર્યામ ધર્મ કહ્યો – સર્વથા પ્રાણાતિપાત વિરમણ, સર્વથા મૃષાવાદ વિરમણ, સર્વથા અદત્તાદાન વિરમણ, સર્વથા બહિદ્ધાદાન વિરમણ.

ત્યારે તે અતિ વિશાળ મોટી પર્ષદાએ કેશીકુમાર શ્રમણની પાસે ધર્મ સાંભળી–સમજીને જે દિશાથી આવેલા તે જ દિશામાં પાછા ગયા.

ત્યારે તે ચિત્ત સારથી કેશીકુમાર શ્રમણ પાસે ધર્મ સાંભળી, સમજીને હર્ષિત યાવત્ હૃદયી થઈ, ઉત્થાન વડે ઉઠે છે. ઉઠીને કેશીકુમારને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરે છે. કરીને વંદન–નમસ્કાર કર્યા. પછી આમ કહ્યું –

ભગવન્ ! **હું નિર્ગ્રન્થ પ્રવચનની શ્રદ્ધા કરું છું, પ્રીતિ કરું છું, રુચિ કરું છું. નિર્ગ્રન્થ પ્રવચન માટે અભ્યુત્થિત થયો છું. નિર્ગ્રન્થ પ્રવચન એમ જ છે, તેમ જ છે, અવિતથ છે, અસંદિગ્ધ છે. આ અર્થ સત્ય છે, જેમ આપ કહો છો,** એમ કહી,

વાંદી–નમીને આમ કહ્યું –

જે રીતે આપ દેવાનુપ્રિયની પાસે ઘણા ઉગ્રો, ભોગો યાવત્ ઇભ્ય–ઇભ્યપુત્રો, હિરણ્ય–સુવર્ણ–ધન–ધાન્ય–બલ–વાહન–કોશ–કોષ્ઠાગાર–પુર–અંતઃપુરનો ત્યાગ કરીને, વિપુલ ધન–કનક–રત્ન–મીણ–મોતી–શંખ–શિલા–પ્રવાલ–સંતસારરૂપ દ્રવ્યને વિતરીત કરી, વિગોપીત કરી, દાન દઈને, પરિભાગ કરીને, મુંડ થઈને, ઘરથી નીકળીને અનગારિક પ્રવ્રજ્યા લે છે. હું તેમ કરવા હિરણ્યાદિનો ત્યાગ કરી યાવત્ પ્રવ્રજિત થવાને માટે સમર્થ નથી.

હું આપ દેવાનુપ્રિયની પાસે પાંચ અણુવ્રતિક અને સાત શિક્ષાવ્રતિક રૂપ બાર પ્રકારનો ગૃહસ્થ ધર્મ સ્વીકારીશ. દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરો. ત્યારે ચિત્તસારથી, કેશીકુમાર શ્રમણ પાસે પંચાણુવ્રતિક યાવત્ ગૃહીધર્મ સ્વીકારીને વિચરે છે.

ત્યારપછી તે ચિત્તસારથી કેશીકુમાર શ્રમણને વંદન–નમસ્કાર કરીને જ્યાં ચાતુર્ઘંટ અશ્વરથ છે, ત્યાં જવા ઉદ્યત થયો. ચાતુર્ઘંટ અશ્વરથમાં બેસી, જે દિશાથી આવેલ ત્યાં પાછો ગયો.

સૂત્ર–૫૫

ત્યારપછી તે ચિત્તસારથી શ્રાવક થયો. તે જીવાજીવનો જ્ઞાતા, પાપ–પુન્યનો ભેદ પામેલ, આસ્રવ–સંવર–નિર્જરા–ક્રિયા–અધિકરણ–બંધ–મોક્ષ સ્વરૂપમાં કુશળ. બીજાની સહાયતાનો અનિચ્છુક, દેવ–અસુર–નાગ–સુવર્ણ–યક્ષ–રાક્ષસ–કિંનર–કિંપુરુષ–ગરુડ–ગંધર્વ–મહોરગાદિ દેવગણ વડે નિર્ગ્રન્થ પ્રવચનથી અનતિક્રમણીય (અર્થાત દેવ, અસર આદિ કોઈ તેને નિર્ગ્રંથ પ્રવચનથી ચલાયમાન કરવા સમર્થ નથી), નિર્ગ્રન્થ પ્રવચનમાં નિઃશંકિત(શંકારહિત), નિષ્કાંક્ષિત(ઈચ્છારહિત), –નિર્વિચિકિત્સિક(ધર્મક્રિયાદિનાં ફળના સંદેહરહિત), લબ્ધાર્થ, ગૃહીતાર્થ, પુચ્છિતાર્થ, વિનિશ્ચિતાર્થ, અભિગતાર્થ, અસ્થિમજ્જામાં પ્રેમાનુરાગરક્ત હતો.

હે આયુષ્યમાન્ ! આ નિર્ગ્રન્થ પ્રવચન જ અર્થ છે, પરમાર્થ છે, શેષ અનર્થ છે. તેનું હૃદય સ્ફટિક જેવું નિર્મળ થઇ ગયું, ભિક્ષુ આદિ માટે તેના ઘરના દ્વાર સદા ખુલ્લા રહેવા લાગ્યા. અંતઃપુરમાં તેનો નિઃશંક પ્રવેશ થઇ શકતો, ચૌદશ–આઠમ–અમાસ–પૂનમમાં પ્રતિપૂર્ણ પૌષધને સમ્યક્ પાલન કરતો, શ્રમણ નિર્ગ્રન્થને પ્રાસુક–એષણીય અશન–પાન–ખાદિમ–સ્વાદિમ વડે તથા પીઠ–ફલક–શય્યા–સંસ્તારક વડે તથા વસ્ત્ર–પાત્ર–કંબલ–પાદપ્રોંછન–ઔષધ–ભૈષજથી પ્રતિલાભિત કરતો, ઘણા શીલ–વ્રત–ગુણ–વેરમણ–પચ્ચક્ખાણ–પૌષધોપવાસથી આત્માને ભાવિત કરતા જે ત્યાંના રાજકાર્યો યાવત્ રાજ–વ્યવહારોને જિતશત્રુ રાજા સાથે સ્વયં જ પ્રત્યુપ્રેક્ષણ કરતો વિચરવા લાગ્યો.

સૂત્ર–૫૬ થી ૬૧

**૫૬.** ત્યારે તે જિતશત્રુ રાજા અન્ય કોઈ દિવસે મહાર્થ યાવત્ ભેંટણું તૈયાર કરે છે. કરીને ચિત્તસારથીને બોલાવીને કહ્યું – હે ચિત્ત ! તું સેયવિયા નગરી જઈ પ્રદેશી રાજાને આ મહાર્થ યાવત્ ભેંટણુ આપ. મારા તરફથી વિનયથી નિવેદન કરજે કે આપે મારા માટે જે સંદેશ મોકલ્યો છે, તે જ પ્રકારે અવિતથ અને અસંદિગ્ધરૂપે સ્વીકારું છું. એમ કહી ચિત્ત સારથીને વિદાય આપી.

ત્યારે તે ચિત્તસારથી, જિતશત્રુ વડે વિસર્જિત કરાતા, તે મહાર્થ ભેંટણું યાવત્ લઈને યાવત્ જિતશત્રુ રાજા પાસેથી નીકળે છે, નીકળીને શ્રાવસ્તી નગરીની વચ્ચોવચ્ચ થઈ, રાજમાર્ગે અવગાઢ આવાસમાં જાય છે, ત્યાં મહાર્થ ભેંટણુ યાવત્ સ્થાપે છે. સ્નાન કરી યાવત્ કોરંટ પુષ્પમાળા યાવત્ મહત્ પાદચાર વિહારથી(પગે ચાલતા), મહત્ પુરુષ વાગુરાથી પરિક્ષિપ્ત(વિશાલ જન સમુદાય સાથે), રાજમાર્ગે અવગાઢ આવાસ(પોતાના ઉતારે)થી નીકળે છે. શ્રાવસ્તી નગરીની વચ્ચોવચ્ચથી કોષ્ઠક ચૈત્યે કેશીકુમાર શ્રમણ પાસે આવે છે.

કેશીકુમાર શ્રમણ પાસે ધર્મ સાંભળી યાવત્ હર્ષિત થઈ, ઉત્થિત થઈ યાવત્ કહે છે – હે ભગવન્ ! નિશ્ચે

જિતશત્રુ રાજાએ પ્રદેશી રાજાને આ મહાર્થ ભેંટણુ યાવત્ આપવાનું કહી મને વિદાય આપી.

હે ભગવન્! તેથી હું સેયવિયા નગરી જઉં છું. ભગવન્ ! સેયવિયા નગરી પ્રાસાદીય છે, દર્શનીય છે, અભિરૂપ છે, પ્રતિરૂપ છે. ભગવન્ ! આપ સેયવિયા નગરી પધારો.

ત્યારે તે કેશીકુમાર શ્રમણે, ચિત્તસારથીને આમ કહેતો સાંભળી ચિત્તસારથીના આ કથનનો આદર ન કર્યો, જાણ્યુ નહીં, પરંતુ મૌન થઈને રહ્યા. ત્યારે ચિત્તસારથીએ કેશીકુમાર શ્રમણને બીજી–ત્રીજી વખત પણ આ પ્રમાણે કહ્યું – ભગવન્ ! નિશ્ચે જિતશત્રુ રાજાએ પ્રદેશી રાજાને આ મહાર્થ યાવત્ વિસર્જિત કર્યો આદિ પૂર્વવત્ યાવત્ હે ભગવન્ ! આપ સેયવિયા નગરીએ પધારો.

ત્યારે કેશીકુમાર શ્રમણ ચિત્તસારથીએ બીજી–ત્રીજી વખત આમ કહેતા, ચિત્તસારથીને કહ્યું – હે ચિત્ત ! જેમ કોઈ વનખંડ કૃષ્ણ–કૃષ્ણપ્રભાવાળુ યાવત્ પ્રતિરૂપ હોય. હે ચિત્ત ! તે વનખંડ ઘણા દ્વિપદ–ચતુષ્પદ–મૃગ–પશુ–પક્ષી–સરીસૃપોને ગમન યોગ્ય છે ? ત્યારે ચિત્ત સારથીએ કહ્યું કે હા તેમ છે.

હે ચિત્ત ! જો તે વનખંડમાં ઘણા દ્વિપદ–ચતુષ્પદ–મૃગ–પશુ–પક્ષી–સરીસૃપાદિ પ્રાણીના લોહી–માંસને ખાનારા ભીલુંગ નામક પાપશકુન રહેતા હોય તો તે વનખંડ તે ઘણા દ્વિપદ યાવત્ સરીસૃપોને રહેવા યોગ્ય થઈ શકે ?

ના, તે અર્થ સમર્થ નથી.

કેશીકુમારે પૂછ્યું – કેમ ? હે ભગવન્ ! તે ઉપસર્ગવાળું થાય છે.

એ પ્રમાણે હે ચિત્ત ! તારી પણ સેયવિયા નગરીમાં પ્રદેશી નામે રાજા વસે છે. તે અધાર્મિક યાવત્ પ્રજાજનો પાસેથી રાજકર લઈને પણ તેનું યોગ્ય પાલન કરતો નથી. તેથી હે ચિત્ત ! હું સેયવિયા નગરીમાં કઈ રીતે આવી શકું ?

ત્યારે તે ચિત્તસારથીએ કેશીકુમાર શ્રમણને આમ કહ્યું – ભગવન્ ! આપે પ્રદેશી રાજાથી શું પ્રયોજન છે ? ભગવન્ ! સેયવિયા નગરીમાં બીજા ઘણા ઈશ્વર, તલવર યાવત્ સાર્થવાહ વગેરે છે, જે આપ દેવાનુપ્રિયને વંદન–નમસ્કાર યાવત્ પર્યુપાસના કરશે. વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમથી પ્રતિલાભિત કરશે. પ્રાતિહારિક પીઠ–ફલક–શય્યા–સંસ્તારક વડે ઉપનિમંત્રિત કરશે.

ત્યારે કેશીકુમારે ચિત્તસારથીને કહ્યું – હે ચિત્ત ! આમંત્રણને ધ્યાનમાં રાખીશ.

**૫૭.** ત્યારપછી તે ચિત્તસારથીએ કેશીકુમારને વંદન–નમન કર્યું. તેમની પાસેથી કોષ્ઠક ચૈત્યથી નીકળ્યો. નીકળીને શ્રાવસ્તી નગરીમાં રાજમાર્ગમાં અવગાઢ પોતાના આવાસે આવ્યો. કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને કહ્યું – ઓ દેવાનુપ્રિય ! જલદીથી ચાતુર્ઘંટ અશ્વરથ જોડીને લાવો.

જે રીતે સેયવિયા નગરીથી નીકળેલ તે જ રીતે યાવત્ નિવાસ કરતો કરતો કુણાલા જનપદની વચ્ચોવચ્ચથી કેકય અર્દ્ધ દેશમાં સેયવિયા નગરીના મૃગવન ઉદ્યાનમાં આવ્યો.

આવીને ઉદ્યાનપાલકને બોલાવ્યો, બોલાવીને કહ્યું કે – હે દેવાનુપ્રિય ! જ્યારે પાર્શ્વાપત્ય કેશીકુમાર શ્રમણ પૂર્વાનુપૂર્વી વિચરતા, ગ્રામાનુગ્રામ જતા, અહીં આવે, ત્યારે તું તેમને વંદન–નમસ્કાર કરજે. વાંદી–નમીને યથાપ્રતિરૂપ અવગ્રહની અનુજ્ઞા આપજે, પ્રાતિહારક પીઠ, ફલકાદિથી યાવત્ નિમંત્રણા કરજે. આ આજ્ઞાને જલદી પાળજે.

ત્યારે તે ઉદ્યાનપાલક, ચિત્તસારથીએ આમ કહેતા હૃષ્ટ–તુષ્ટ યાવત્ પ્રસન્ન હૃદયી થઈ, બે હાથ જોડી યાવત્– "તહત્તિ". કહીને વિનયથી આજ્ઞાવચનને સ્વીકારે છે.

**૫૮.** ત્યારે ચિત્તસારથી, સેયવિયા નગરીએ આવ્યો. આવીને સેયવિયા નગરીની વચ્ચોવચ્ચથી પ્રવેશે છે. પ્રવેશીને પ્રદેશી રાજાના ઘેર, બાહ્ય ઉપસ્થાનશાળાએ આવ્યો. આવીને ઘોડા રોક્યા, રથને ઊભો રાખ્યો. રથથી નીચે ઊતર્યો. ઊતરીને તે મહાર્થ ભેંટણુ યાવત્ લીધું. લઈને પ્રદેશી રાજા પાસે આવ્યો. આવીને પ્રદેશી રાજાને બે હાથ જોડી યાવત્ વધાવીને તે મહાર્થ ભેંટણુ યાવત્ ધર્યું.

ત્યારે તે પ્રદેશી રાજા, ચિત્તસારથીના તે મહાર્થ ભેંટણાને યાવત્ સ્વીકારે છે, સ્વીકારીને ચિત્ત સારથીને સત્કારે છે, સન્માને છે, પછી વિસર્જિત કરે છે.

ત્યારે તે ચિત્ત સારથી પ્રદેશી રાજા દ્વારા વિસર્જિત કરાતા હર્ષિત યાવત્ પ્રસન્ન હૃદયી થઈ પ્રદેશી રાજા પાસેથી નીકળે છે. નીકળીને ચાતુર્ઘંટ અશ્વરથ પાસે આવે છે, રથમાં આરૂઢ થાય છે. થઈને સેયવિયા નગરીની વચ્ચોવચ્ચથી પોતાના ઘેર આવે છે. આવીને ઘોડાને રોકે છે. રથ ઊભો રાખે છે. રથથી ઊતરે છે. પછી સ્નાન કરી યાવત્ ઉપરના શ્રેષ્ઠ પ્રાસાદે સ્ફૂટ કરાતા મૃદંગ મસ્તક અને બત્રીશબદ્ધ નાટક સાથે શ્રેષ્ઠ તરુણી યુક્ત નૃત્ય કરાતા, ગીતો ગવાતા, લાલન કરતા, ઈષ્ટ શબ્દ–સ્પર્શ ભોગવતો યાવત્ વિચરે છે.

**૫૯.** ત્યારપછી તે કેશીકુમાર શ્રમણ અન્ય કોઈ દિને પ્રાતિહારક પીઠ–ફલક–શય્યા–સંસ્તારકને પાછા સોંપી, શ્રાવસ્તી નગરીના કોષ્ઠક ચૈત્યથી નીકળે છે, નીકળીને ૫૦૦ સાધુ સાથે યાવત્ વિચરતા કેકયાર્દ્ધ જનપદમાં સેયવિયા નગરીના મૃગવન ઉદ્યાનમાં આવે છે. આવીને યથાપ્રતિરૂપ અવગ્રહ અવગ્રહીને સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતા વિચરે છે.

ત્યારે સેયવિયા નગરીના શૃંગાટકે મહા જનશબ્દથી યાવત્ પર્ષદા નીકળી.

ત્યારપછી તે ઉદ્યાન પાલકે આ વૃત્તાંત લબ્ધાર્થ થતા હૃષ્ટ–તુષ્ટ યાવત્ પ્રસન્ન હૃદયી થઈ, કેશીકુમાર શ્રમણ પાસે આવે છે. પછી કેશીકુમાર શ્રમણને વંદન–નમસ્કાર કરે છે. કરીને યથાપ્રતિરૂપ અવગ્રહની અનુજ્ઞા આપે છે. પ્રાતિહારિક યાવત્ સંસ્તારક માટે ઉપનિમંત્રી, નામ–ગોત્રને પૂછે છે. પૂછીને અવધારે છે. પછી એકાંતમાં જઈને એકબીજાને આ પ્રમાણે કહે છે –

દેવાનુપ્રિયો! ચિત્તસારથી જેના દર્શનને કાંક્ષે છે, પ્રાર્થે છે, સ્પૃહા કરે છે, અભિલાષા કરે છે, જેના નામગોત્રના શ્રવણથી હૃષ્ટ–તુષ્ટ યાવત્ હૃદયી થાય છે. તે કેશીકુમાર શ્રમણ પૂર્વાનુપૂર્વી વિચરતા, એક ગામથી બીજે ગામ જતા અહીં આવ્યા છે – સંપ્રાપ્ત થયા છે – પધાર્યા છે, આ જ સેયવિયાની બહાર મૃગવન ઉદ્યાનમાં યાવત્ વિચરે છે.

હે દેવાનુપ્રિયો ! ચાલો, ચિત્તસારથીને પ્રિય આ અર્થનું નિવેદન કરીએ, તે તેમને પ્રિય થાઓ. એકબીજાની પાસે આ વૃત્તાંતને સ્વીકારે છે, સ્વીકારીને સેયવિયા નગરીમાં ચિત્તસારથીને ઘેર, જ્યાં ચિત્તસારથી છે, ત્યાં જાય છે. જઈને ચિત્તસારથીને હાથ જોડી યાવત્ વધાવે છે, વધાવીને આમ કહ્યું –

દેવાનુપ્રિય ! આપ જેના દર્શનની કાંક્ષા યાવત્ અભિલાષા કરો છો, જેમના નામ–ગોત્રના શ્રવણથી હર્ષિત યાવત્ થાઓ છો. તે આ કેશીકુમાર શ્રમણ પૂર્વાનુપૂર્વી ચરતા પધાર્યા છે

ત્યારે તે ચિત્તસારથી, તે ઉદ્યાનપાલક પાસે **આ અર્થ સાંભળી, સમજી, હૃષ્ટ–તુષ્ટ થઈ યાવત્ આસનથી ઊભો થઈ, પાદપીઠથી નીચે ઊતરે છે, ઊતરીને પાદુકા ઊતારે છે. ઊતારીને એકશાટિક ઉત્તરાસંગ કરે છે. અગ્રહસ્તથી મુકુલિત અંજલિ કરી, કેશીકુમાર શ્રમણ અભિમુખ સાત–આઠ પગલાં જાય છે, જઈને બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરીને આ પ્રમાણે કહે છે –**

અરહંત યાવત્ નિર્વાણ પ્રાપ્ત ભગવંતને નમસ્કાર થાઓ. મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક કેશીકુમાર શ્રમણને નમસ્કાર થાઓ. અહીં રહેલો હું ત્યાં રહેલ ભગવંતને વંદુ છું. તેઓ મને જુએ. એમ કહી વંદન–નમસ્કાર કર્યા. તે ઉદ્યાનપાલકને વિપુલ વસ્ત્ર–ગંધ–માળા–અલંકારથી સત્કારી, સન્માની, વિપુલ જીવિત યોગ્ય પ્રીતિદાન આપે છે, આપીને વિસર્જિત કર્યો.

ત્યારપછી કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને કહ્યું – ઓ દેવાનુપ્રિયો ! જલદીથી ચાતુર્ઘંટ અશ્વરથ જોડીને લાવો યાવત્ આજ્ઞા પાછી સોંપો. ત્યારે તે કૌટુંબિક પુરુષો યાવત્ જલદીથી છત્ર–ધ્વજ સહિત યાવત્ અશ્વરથ લાવીને તેમની આજ્ઞા પાછી સોંપી.

ત્યારે ચિત્તસારથી, કૌટુંબિક પુરુષો પાસે આ વૃત્તાંતને સાંભળી, સમજીને, હૃષ્ટ–તુષ્ટ યાવત્ પ્રસન્નહૃદયી થઈ, સ્નાન કરી, બલિકર્મ કરી યાવત્ અલંકૃત શરીરી થઈ ચાતર્ઘંટ યાવત્ બેસીને, સકોરંટ છત્ર આદિથી યુક્ત થઇ મહા સુભટ સમૂહ સાથે પૂર્વવત્ પર્યુપાસે છે. યાવત્ કેશી કુમાર શ્રમણે ધર્મકથા કહી.

**૬૦.** ત્યારપછી તે ચિત્તસારથી કેશીકુમાર શ્રમણની પાસે ધર્મ સાંભળી, અવધારી, હર્ષિત–સંતુષ્ટ થઈ, પૂર્વવત્ ઉઠીને આમ બોલ્યો –

હે ભગવન્! નિશ્ચે અમારો પ્રદેશી રાજા અધાર્મિક યાવત્ રાજકર લઈને પોતાના જ જનપદનું સમ્યક્ પાલન કરતો નથી. તો હે દેવાનુપ્રિય ! જો આપ પ્રદેશી રાજાને ધર્મ કહેશો તો તે પ્રદેશી રાજાને અને ઘણા દ્વિપદ–ચતુષ્પદ–મૃગ–પશુ–પક્ષી–સરીસૃપોને નિશ્ચે ઘણુ જ ગુણકારી થશે. તથા ઘણા શ્રમણ–બ્રાહ્મણ–ભિક્ષુને પણ લાભકારી થશે. જો તે પ્રદેશી રાજાને બહુ ગુણવાળુ થશે તો તેનાથી જનપદને પણ લાભ થશે.

**૬૧.** ત્યારે કેશીકુમાર શ્રમણે ચિત્ત સારથીને કહ્યું – હે ચિત્ત ! **ચાર કારણે જીવ કેવલીપ્રજ્ઞપ્ત ધર્મનું શ્રવણ પામતો નથી. તે આ પ્રમાણે–**

**૧.** આરામ કે ઉદ્યાનમાં રહેલ શ્રમણ કે બ્રાહ્મણની અભિમુખ ન જાય, વંદન–નમન–સત્કાર અને સન્માન ન કરે. કલ્યાણ–મંગલ–દેવ–ચૈત્યરૂપ તેમને સેવે નહીં, અર્થ–હેતુ–પ્રશ્ન–કારણ–ઉત્તર ન પૂછે છે. આ કારણે હે ચિત્ત ! જીવો કેવલી પ્રજ્ઞપ્ત ધર્મને સાંભળી શકતા નથી.

**૨.** ઉપાશ્રયમાં સ્થિત શ્રમણને કે બ્રાહ્મણની અભિમુખ ન જાય, વંદન–નમન–સત્કાર અને સન્માન ન કરે. કલ્યાણ–મંગલ–દેવ–ચૈત્યરૂપ તેમને સેવે નહીં, અર્થ–હેતુ–પ્રશ્ન–કારણ–ઉત્તર ન પૂછે છે.યાવત્ આ કારણે પણ જીવો, હે ચિત્ત ! કેવલી પ્રજ્ઞપ્ત ધર્મ સાંભળી ન શકે.

**૩.** ગૌચરી ગયેલ શ્રમણ કે બ્રાહ્મણને યાવત્ પર્યુપાસે નહીં, વિપુલ અશન–પાન–ખાદિમ–સ્વાદિમથી પડિલાભે નહીં, અર્થ આદિ પૂછે નહીં, તો આ કારણે હે ચિત્ત! કેવલી પ્રજ્ઞપ્ત ધર્મ સાંભળી ન શકે.

**૪.** જો શ્રમણ કે બ્રાહ્મણનો સામેથી યોગ મળે ત્યારે પણ પોતાને હાથ–વસ્ત્ર–છત્ર વડે આવરીને રાખે, અર્થ આદિ ન પૂછે, તો હે ચિત્ત ! આ કારણે પણ જીવો કેવલિપ્રજ્ઞપ્ત ધર્મ સાંભળી શકે નહીં.

હે ચિત્ત ! ઉક્ત ચાર કારણે જીવો કેવલીપ્રજ્ઞપ્ત ધર્મ ન પામે.

હે ચિત્ત ! **ચાર કારણે જીવો કેવલીપ્રજ્ઞપ્ત ધર્મ સાંભળવા પામે છે –**

૧. આરામ કે ઉદ્યાનસ્થિત શ્રમણ કે બ્રાહ્મણને વાંદે–નમે યાવત્ પર્યુપાસે, અર્થાદિ યાવત્ પૂછે, તો યાવત્ શ્રવણને પામે. ૨. એ રીતે ઉપાશ્રય સ્થિત કે ૩. ગૌચરીએ ગયેલ શ્રમણને પર્યુપાસે, વિપુલ અશનાદિથી યાવત્ પ્રતિલાભે, અર્થાદિ યાવત્ પૂછે, તો ધર્મ શ્રવણ પામે. ૪. જો કોઈ શ્રમણનો સામેથી સંયોગ પ્રાપ્ત થાય, ત્યારે પોતાને હાથ આદિથી આવરીને ન રહે, તો હે ચિત્ત ! આ કારણે જીવો કેવલી પ્રજ્ઞપ્ત ધર્મનું શ્રવણ પામે છે.

હે ચિત્ત ! તારો પ્રદેશી રાજા આરામ કે ઉદ્યાનમાં રહેલ શ્રમણાદિ પાસે જતો નથી ઈત્યાદિ પૂર્વવત્ બધું કહેવું. તે રાજા આવતો–જતો નથી, યાવત્ પોતાને આવરીને રહેલો છે, તો હે ચિત્ત ! તેને હું ધર્મ કઈ રીતે કહી શકું ?

ત્યારે તે ચિત્તસારથીએ કેશીકુમાર શ્રમણને આમ કહ્યું – ભદન્ત ! નિશ્ચે અન્ય કોઈ દિને કંબોજ દેશવાસીએ ચાર ઘોડા ભેટરૂપે આપેલ છે. મેં તેને પ્રદેશી રાજાને ત્યાં મોકલી આપેલ હતા. હે ભદન્ત ! આ ઘોડાને બહાને હું પ્રદેશી રાજાને આપ દેવાનુપ્રિયની પાસે જલદી લાવીશ. ત્યારે હે દેવાનુપ્રિય ! આપ પ્રદેશી રાજાને ધર્મ કહેતા લેશમાત્ર ગ્લાનિ ન કરતા. ભદન્ત ! આપ અગ્લાનભાવે પ્રદેશી રાજાને ધર્મ કહેજો.

ત્યારે કેશીકુમાર શ્રમણે ચિત્ત સારથીને આમ કહ્યું – હે ચિત્ત ! અવસર જોઈશું.

ત્યારે તે ચિત્તસારથી, કેશીકુમાર શ્રમણને વંદન–નમન કરે છે, કરીને ચાતુર્ઘંટ અશ્વરથ પાસે આવ્યો. આવીને

તેમાં આરૂઢ થયો. પછી જે દિશાથી આવ્યો હતો, તે જ દિશામાં પાછો ચાલ્યો ગયો.

સૂત્ર–૬૨ થી ૬૪

૬૨. ત્યારે તે ચિત્તસારથી બીજા દિવસે સવારે અર્થાત રાત્રિ, પ્રભાતરૂપ થઈ, કોમળ ઉત્પલ કમલ વિકસિત થયા, પ્રભાત સોનેરી થયું ત્યારે નિયમ અને આવશ્યક કાર્યોથી નિવૃત્ત થઈ, જાજવલ્યમાન તેજ સહિત સહસ્રરશ્મિ સૂર્ય નીકળ્યા પછી પોતાના ઘેરથી ચિત્તસારથી નીકળ્યો. જ્યાં પ્રદેશી રાજાનો મહેલ છે અને જ્યાં પ્રદેશી રાજા છે ત્યાં આવ્યો. આવીને પ્રદેશી રાજાને બે હાથ જોડી યાવત્ અંજલિ કરી, જય–વિજયથી વધાવીને કહ્યું –

હે દેવાનુપ્રિય ! નિશ્ચે કંબોજ દેશવાસીઓએ ચાર અશ્વો લાવીને ભેટ આપેલા. તે મેં આપ દેવાનુપ્રિયને ત્યાં કોઈ દિને પ્રશિક્ષિત કરી દીધા છે. તેથી હે સ્વામી ! આજે આપણે તે ઘોડાનું નિરીક્ષણ કરીએ.

ત્યારે પ્રદેશી રાજાએ કહ્યું – હે ચિત્ત ! તું જા અને તે ચાર ઘોડાને જોડીને અશ્વરથને અહીં લાવ યાવત્ મારી આજ્ઞા પાછી સોંપ.

ત્યારે તે ચિત્ત સારથી, પ્રદેશી રાજાએ આમ કહેતા હૃષ્ટ–તુષ્ટ યાવત્ હૃદયી થઈ, તે અશ્વોને ઉપસ્થિત કરીને આ આજ્ઞા પાછી સોંપી.

ત્યારે તે પ્રદેશી રાજા, ચિત્તસારથીની પાસે આ વૃત્તાંત સાંભળી, સમજી, હર્ષિત અને સંતુષ્ટ થઈ યાવત્ અલ્પ પણ મૂલ્યવાન આભરણથી શરીર અલંકારી પોતાના ઘેરથી નીકળ્યો, નીકળીને ચાતુર્ઘંટ અશ્વરથ પાસે આવ્યો, તે રથમાં બેઠો. સેયવિયા નગરીની વચ્ચોવચ્ચ થઈને નીકળે છે, ત્યાર પછી તે ચિત્તસારથીએ, તે રથને અનેક યોજનો સુધી દોડાવ્યો.

ત્યારપછી તે પ્રદેશી રાજા ગરમી, તરસ અને રથ ચાલતા લાગતી હવાથી પરેશાન–ખિન્ન થતા, ચિત્તસારથીને કહ્યું – હે ચિત્ત ! મારું શરીર ખેદ–ખિન્ન થયું છે, રથને પાછો વાળ.

ત્યારે ચિત્તસારથીએ રથને પાછો વાળ્યો. મૃગવન ઉદ્યાન હતું ત્યાં આવીને પ્રદેશી રાજાને કહ્યું – હે સ્વામી ! આ મૃગવન ઉદ્યાનમાં ઘોડાનો શ્રમ અને આપણો થાક દૂર કરી લઈએ.

ત્યારે પ્રદેશી રાજાએ ચિત્તને કહ્યું – ભલે તેમ કરીએ.

ત્યારપછી તે ચિત્તસારથી મૃગવન ઉદ્યાનમાં જ્યાં કેશીકુમાર શ્રમણ હતા, તેથી બહુ દૂર નહીં કે નિકટ નહીં, તે સ્થાને ગયા. જઈને ઘોડા રોક્યા, રથ ઊભો રાખ્યો, રથથી નીચે ઊતર્યા, ઊતરીને ઘોડાને છોડ્યા. છોડીને પ્રદેશી રાજાને કહ્યું – હે સ્વામી ! આપણે અહીં ઘોડાનો શ્રમ અને આપણો થાક દૂર કરીએ. ત્યારે તે પ્રદેશી રાજા રથથી નીચે ઊતર્યો. ચિત્તસારથી સાથે ઘોડાનો શ્રમ અને પોતાનો થાક દૂર કરતા, તે તરફ જોયું, જ્યાં કેશીકુમાર શ્રમણ અતિવિશાળ પર્ષદા મધ્યે મોટા–મોટા શબ્દોથી ધર્મોપદેશ કરી રહ્યા હતા.

તે જોઈને રાજાને આ આવા પ્રકારનો યાવત્ મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો. નિશ્ચે જડ જ જડની ઉપાસના કરે છે. મુંડ–મુંડની, મૂઢ–મૂઢની, અપંડિતો–અપંડિતોની અને અજ્ઞાની જ અજ્ઞાનીની ઉપાસના કરે છે.

પણ આ પુરુષ કોણ છે ? જે જડ, મુંડ, મૂઢ, અપંડિત અને અજ્ઞાની હોવા છતાં શ્રી–હ્રી થી સંપન્ન છે, શારીરિક કાંતિવાળો છે. આ પુરુષ શેનો આહાર કરે છે ? કઈ રીતે પરિણમાવે છે ? શું ખાય છે ? શું પીએ છે ? શું આપે છે ? શું ભાગ પાડે છે ? જેથી આવી મોટી મનુષ્ય પર્ષદા મધ્યે મોટા–મોટા શબ્દોથી બરાડે છે ?

આમ વિચારીને ચિત્તસારથીને કહ્યું – હે ચિત્ત ! નિશ્ચે જડ જ જડને ઉપાસે છે યાવત્ આ પુરુષ મોટા મોટા શબ્દોથી બરાડે છે ? જેથી આપણી જ ઉદ્યાન ભૂમિમાં આપણે ઇચ્છાનુસાર ફરી શકતા નથી.

ત્યારે ચિત્તસારથીએ પ્રદેશી રાજાને કહ્યું – હે સ્વામી ! આ પાર્શ્વાપત્ય કેશી નામે કુમારશ્રમણ છે. તે જાતિ–સંપન્ન યાવત્ ચાર જ્ઞાનયુક્ત છે. કઈક ન્યૂન અવધિજ્ઞાનથી સંપન્ન છે અને જીવ તથા શરીરને ભિન્ન માનનારા છે.

ત્યારે પ્રદેશીરાજાએ ચિત્તને પૂછ્યું – શું આ પુરુષ કઈક ન્યૂન અવધિજ્ઞાનથી સંપન્ન છે અને જીવ તથા શરીરને ભિન્ન માનનારા છે છે તેમ તું કહે છે ?

હા, સ્વામી! હું તેમ કહું છું, હે ચિત્ત ! તે પાસે જવા યોગ્ય છે ? હા, સ્વામી ! છે. તો હે ચિત્ત ! આપણે તેની પાસે જઈશું ? હા, સ્વામી ! જઈએ.

૬૩. ત્યારપછી તે પ્રદેશી રાજા, ચિત્તસારથી સાથે જ્યાં કેશીકુમાર શ્રમણ છે, ત્યાં ગયો. જઈને કેશીકુમાર શ્રમણથી કંઈક દૂર યોગ્ય સ્થાને રહીને આમ પૂછ્યું – ભદન્ત ! તમો કઈક ન્યૂન અવધિજ્ઞાનથી સંપન્ન અને જીવ તથા શરીરને ભિન્ન માનનારા છો? ત્યારે કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને કહ્યું –

હે પ્રદેશી ! જેમ કોઈ અંકવણિક, શંખવણિક, દંતવણિક રાજકર ન દેવા માટે સીધો માર્ગ પૂછતો નથી. તેમ હે પ્રદેશી ! તને મને જોઈને આ આવા પ્રકારનો મનોગત સંકલ્પ થયો કે નિશ્ચે જડ જ જડની ઉપાસના કરે છે, યાવત્ અમે અમારી જ ભૂમિમાં સ્વેચ્છા પૂર્વક ભમી શકતા નથી. હે પ્રદેશી ! શું આ વાત બરાબર છે ?

ત્યારે પ્રદેશીરાજાએ કહ્યું– હા, તે વાત બરાબર છે.

૬૪. ત્યારે પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને કહ્યું – ભદન્ત ! તમને એવું કયું જ્ઞાન કે દર્શન છે, જેથી તમે મારા આવા સ્વરૂપના મનોગત યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયાને જાણો છો – જુઓ છો,

ત્યારે કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને કહ્યું – નિશ્ચે હે પ્રદેશી ! અમને શ્રમણ નિર્ગ્રન્થોને પંચવિધ જ્ઞાન કહ્યા છે – આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન.

તે આભિનિબોધિક જ્ઞાન શું છે? આભિનિબોધિક જ્ઞાન ચાર ભેદે કહ્યું છે – અવગ્રહ, ઈહા, અપાય, ધારણા. તે અવગ્રહ શું છે ? અવગ્રહ બે ભેદે કહ્યો છે. એ પ્રમાણે નંદીસૂત્ર મુજબ 'તે આ ધારણા' ત્યાં સુધી બધું કહેવું. તે આ આભિનિબોધિક જ્ઞાન છે.

તે શ્રુતજ્ઞાન શું છે ? શ્રુતજ્ઞાન બે ભેદે કહ્યું છે – અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય. બધું નંદીસૂત્ર વત્ દૃષ્ટિવાદ સુધી કહેવું. અવધિજ્ઞાન ભવપ્રત્યયિક અને ક્ષાયોપશમિક છે, નંદીસૂત્રવત્ કહેવું. મનઃપર્યવજ્ઞાન ઋજુમતિ અને વિપુલમતિ બે ભેદે છે, પૂર્વવત્. કેવળજ્ઞાન, તે પ્રમાણે બધું જ કહેવું.

તેમાં જે આભિનિબોધિક જ્ઞાનથી મનઃપર્યવજ્ઞાન છે. તે મારે છે. કેવળજ્ઞાન મારે નથી, તે અરિહંત ભગવંતોને હોય છે. આ ચતુર્વિધ છાદ્મસ્થિક જ્ઞાનો દ્વારા હે પ્રદેશી ! હું તારા આવા મનોગત યાવત્ સંકલ્પને જાણુ છું – જોઉં છું.

સૂત્ર–૬૫, ૬૬

૬૫. ત્યારે તે પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને આમ પૂછ્યું – ભદન્ત ! હવે હું અહીં બેસું ? હે પ્રદેશી ! આ ઉદ્યાનભૂમિ તારી પોતાની છે, માટે તું જાણ.

ત્યારે તે પ્રદેશી રાજા, ચિત્તસારથી સાથે કેશીકુમાર શ્રમણની કંઈક સમીપે બેઠો. કેશીકુમાર શ્રમણને કહ્યું –

ભદન્ત ! આપ શ્રમણ, નિર્ગ્રન્થોને આવી સંજ્ઞા, આવી પ્રતિજ્ઞા, આવી દૃષ્ટિ, આવી રૂચિ, આવો ઉપદેશ, આવો સંકલ્પ, આવી તુલા, આવું માન, આવું પ્રમાણ કે આવું સમોસરણ છે કે – જીવ અન્ય છે અને શરીર અન્ય છે, અને જીવ એ જ શરીર નથી ? ત્યારે કેશીકુમારે તેને કહ્યું –

હે પ્રદેશી ! અમને શ્રમણ નિર્ગ્રન્થોને આવી સંજ્ઞા યાવત્ આવો સિદ્ધાંત છે કે જીવ અને શરીર જુદા છે, તે બંને એક નથી.

ત્યારે પ્રદેશીરાજાએ કેશીશ્રમણને કહ્યું – ભદન્ત ! તમને શ્રમણ નિર્ગ્રન્થોને જો આવી સંજ્ઞા યાવત્ સિદ્ધાંત છે કે જીવ અને શરીર બંને જુદા જ છે, તો મારા દાદા હતા, તે આ જ જંબૂદ્વીપ દ્વીપની સેયવિયા નગરીમાં અધાર્મિક યાવત્ પોતાના જ જનપદના સમ્યક્ કરભરવૃત્તિમાં પ્રવર્તતા ન હતા. તે આપની વક્તવ્યતા મુજબ ઘણાં જ પાપકર્મો

કરી કલિકલુષ સમર્જિત કરી, કાળમાસે કાળ કરીને કોઈ એક નરકમાં નૈરયિકપણે ઉત્પન્ન થાય.

તે દાદાનો હું ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, સ્થૈર્ય, વિશ્વાસ્ય, સંમત, બહુમત, અનુમત, રત્નકરંડક સમાન જીવનના શ્વાસ સમ, હૃદયને આનંદ આપનાર, ઉંબરના પુષ્પ સમાન, નામ પણ શ્રવણ દુર્લભ હોય તો દર્શનનું કહેવું જ શું ? એવો પુત્ર હતો. તેથી જો મારા દાદા આવીને મને આ પ્રમાણે કહે કે –

હે પૌત્ર ! હું તારો દાદા હતો. આ જ સેયવિયા નગરીમાં અધાર્મિક યાવત્ સમ્યક્ કરભરવૃત્તિથી પ્રવર્તતો ન હતો. તે કારણે હું અતિ કલુષિત પાપકર્મો કરીને નરકમાં ઉત્પન્ન થયો છું.

તેથી હે પૌત્ર ! તું અધાર્મિક ન થતો યાવત્ કરભર વૃત્તિમાં પ્રમાદ ન કરતો, તું આવા અનેક પાપકર્મો ન કરતો યાવત્ નરકમાં ઉપજીશ. તો જો મારા દાદા અહીં આવીને મને કહે તો હું આપના કથનની શ્રદ્ધા, પ્રતીતી, રૂચિ કરું કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે, જીવ એ જ શરીર નથી. જ્યાં સુધી મારા દાદા આવીને આમ ન કહે, ત્યાં સુધી આયુષ્યમાન્ શ્રમણ ! મારી પ્રતિજ્ઞા સુપ્રતિષ્ઠિત છે. 'જીવ એ જ શરીર છે'.

ત્યારે કેશીકુમાર શ્રમણે રાજાને કહ્યું – હે પ્રદેશી ! તારે સૂર્યકાંતા નામે રાણી છે ? હા, છે. હે પ્રદેશી ! જો તું સૂર્યકાંતા રાણીને સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક–મંગલ–પ્રાયશ્ચિત્ત કરી, સર્વાલંકારથી વિભૂષિત થઈ, કોઈ પુરુષ કે જે સ્નાન કરેલ યાવત્ સર્વાલંકાર વિભૂષિત હોય તેની સાથે ઈષ્ટ શબ્દ–સ્પર્શ–રસ–રૂપ–ગંધયુક્ત પંચવિધ માનુષી કામભોગ અનુભવતો હોય તે તું જોઈ લે, તો હે પ્રદેશી ! તું તે પુરુષનો શો દંડ નિશ્ચિત કર ?

ભદન્ત ! હું તે પુરુષના હાથ છેદી નાંખુ, તેને શૂળી ઉપર ચઢાવી દઉં, શૂળથી ભેદું, પગ છેદી નાંખું, એક જ ઘા કરીને તેને જીવિતથી રહિત કરી દઉં.

હે પ્રદેશી ! હવે જો તે પુરુષ તને કહે કે – હે સ્વામી ! મુહૂર્ત્ત માત્ર રોકાઈ જાઓ. ત્યાં સુધી મારા હાથ ન છેદશો યાવત્ મારી ન નાંખશો. ત્યાં સુધીમાં હું મારા મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન, સંબંધી, પરિજનને એમ કહું કે –

દેવાનુપ્રિયો ! નિશ્ચે પાપકર્મોને આચરીને હું આવા પ્રકારની આપત્તિમાં પડેલો છું તો હે દેવાનુપ્રિયો ! તમે કોઈ પાપકર્મ આચરશો નહીં, જેથી તમારે આ પ્રકારની આપત્તિની પ્રાપ્તિ થાય, જેવી મને થઈ છે. તો હે પ્રદેશી ! શું ક્ષણ માત્ર માટે પણ તે પુરુષની વાત તું માનીશ ?

ના, તે અર્થ સમર્થ નથી. કેમ કે તે પુરુષ અપરાધી છે.

એ પ્રમાણે જ હે પ્રદેશી ! તારા દાદા પણ છે, જેઓ આ જ સેયવિયા નગરીમાં અધાર્મિક યાવત્ સમ્યક્ કરભર વૃત્તિ પ્રવર્તતા ન હતા. તે અમારી વક્તવ્યતા મુજબ ઘણા પાપ કરીને યાવત્ નરકે ઉપજ્યા છે. તું તે દાદાનો ઈષ્ટ, કાંત યાવત્ દુર્લભ પૌત્ર છો. જો કે તે જલદી મનુષ્ય લોકમાં આવવા ઈચ્છે છે, પણ ત્યાંથી આવવામાં સમર્થ નથી. કેમ કે હે પ્રદેશી ! તત્કાલ નરકમાં નારકરૂપે ઉત્પન્ન જીવ શીઘ્ર જ ચાર કારણોથી મનુષ્યલોકમાં આવવા ઈચ્છે તો પણ ત્યાંથી આવી શકતા નથી.

૧. નરકમાં તત્કાળ ઉત્પન્ન નૈરયિક ત્યાંની અત્યંત તીવ્ર વેદના વેદતા હોવાથી,

૨. નરકમાં તત્કાળ ઉત્પન્ન નૈરયિક નરકપાલો દ્વારા વારંવાર તાડિત આદિ કરતા હોવાથી,

૩. નરકમાં તત્કાળ ઉત્પન્ન નૈરયિકના નરકવેદનીય કર્મ ક્ષીણ થયા ન હોય, વેદાયા ન હોય અને નિર્જરેલા ન હોય, તે કારણથી,

૪. એ રીતે નરકનું આયુષ્ કર્મ ક્ષીણ થયા ન હોય, વેદાયા ન હોય અને નિર્જરેલા ન હોવાથી, આ ચાર કારણે, નારકી જીવ મનુષ્ય લોકમાં આવવાની ઈચ્છા રાખવા છતાં આવી શકતો નથી.

હે પ્રદેશી ! આ કારણે તું શ્રદ્ધા કર કે જીવ અન્ય છે, શરીર અન્ય છે. પણ જીવ એ જ શરીર નથી.

૬૬. ત્યારે તે પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને આમ કહ્યું – ભદન્ત ! આ આપે આપેલ બુદ્ધિ–ઉપમા છે કે

આ કારણે આવતા નથી. તો હવે મારો બીજો પ્રશ્ન–

ભદન્ત ! નિશ્ચે મારા દાદી હતા, તે ધાર્મિક હતા યાવત્ ધર્મમય જીવન પસાર કરતા શ્રાવિકા હતા, જીવાજીવના જ્ઞાતા હતા. બધું વર્ણન કરવું યાવત્ આત્માને ભાવિત કરતા વિચરતા હતા. તે આપની વક્તવ્યતા મુજબ ઘણુ જ પુન્ય ઉપાર્જી–સંચય કરી કાળમાસે કાળ કરી કોઈ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા છે. તે દાદીને હું ઈષ્ટ, કાંત યાવત્ દુર્લભ પૌત્ર હતો. તેથી જો તે દાદી અહીં આવીને મને કહે કે –

હે પૌત્ર ! નિશ્ચે હું તારી દાદી, આ જ સેયવિયા નગરીમાં ધાર્મિક હતી યાવત્ ધર્મમય જીવન પસાર કરતી શ્રાવિકા હતી યાવત્ આત્માને ભાવિત કરતા વિચરતી હતી. ત્યારે મેં ઘણુ પુણ્ય સંચિત કરી – ઉપાર્જીને યાવત્ હું દેવલોકમાં ઉત્પન્ન થઈ, તો હે પૌત્ર ! તું પણ ધાર્મિક થઈને યાવત્ વિચર, તો તું પણ આ ઘણા જ પુણ્યના સંચય – ઉપાર્જનથી યાવત્ દેવલોકમાં ઉત્પન્ન થઈશ.

તો જ્યારે મારા દાદી આવીને મને કહેશે, તો હું શ્રદ્ધા, પ્રીતિ, રૂચિ કરીશ કે જીવ અન્ય છે – શરીર અન્ય છે. જીવ એ જ શરીર નથી, જો તે મારી દાદી આવીને આમ નહીં કહે તો 'જીવ એ જ શરીર છે, પણ જીવ અને શરીર જુદા નથી,' તે મારી પ્રતિજ્ઞા યોગ્ય જ છે.

ત્યારે કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને આમ કહ્યું – હે પ્રદેશી ! જો તું સ્નાન, બલિકર્મ, કૌતુકમંગલ પ્રાયશ્ચિત્ત કરી, ભીની ધોતી પહેરી, હાથમાં ભૃંગાર ધૂપ કડછો લઈને દેવકુળમાં પ્રવેશ કરતો હો, તે સમયે કોઈ પુરુષ વિષ્ટાગૃહમાં રહીને એમ કહે કે – હે સ્વામી ! મુહૂર્ત્ત માત્ર અહીં બેસો, ઊભો, નિષદ્યા કરો, ત્વગ્ વર્તન કરો તો હે પ્રદેશી ! તું ક્ષણવાર માટે પણ આ વૃત્તાંત સ્વીકારીશ ?

પ્રદેશીરાજાએ કહ્યુ કે– ના, તે ન સ્વીકારું. કેમ ? ભદન્ત ! તે સ્થાન અશુચિ અને અશુચિ વસ્તુથી ભરેલ છે.

આ પ્રમાણે હે પ્રદેશી ! તારી દાદી પણ આ જ સેયવિયા નગરીમાં ધાર્મિક હતા યાવત્ ધર્મમય જીવન વિતાવતા રહેલા હતા. તેણી અમારી વક્તવ્યતા મુજબ યાવત્ સ્વર્ગે ઉત્પન્ન થાય. તે દાદીનો તું પૌત્ર ઈષ્ટ આદિ પૌત્ર છો. પરંતુ તે મનુષ્યલોકમાં જલદી આવવા ઇચ્છે તો પણ ન આવી શકે.

હે પ્રદેશી ! ચાર કારણે તુરંતનો ઉત્પન્ન દેવ, દેવલોકથી મનુષ્યલોકમાં આવવા ઇચ્છે, તો પણ આવી ન શકે –

૧. અભિનવ ઉત્પન્ન દેવ દેવલોકમાં દિવ્ય કામભોગમાં મૂર્છિત, ગૃદ્ધ, ગ્રથિત, અત્યાસક્ત થઈ, તેઓ માનુષી ભોગોનો આદર કરતા નથી કે જાણતા નથી તેથી ઇચ્છવા છતાં મનુષ્યલોકમાં આવી શકતા નથી.

૨. અભિનવ ઉત્પન્ન દેવ દેવલોકમાં દિવ્ય કામભોગમાં મૂર્છિત યાવત્ અત્યાસક્ત થઈ, તેને માનુષી પ્રેમ નષ્ટ થાય છે. દિવ્ય પ્રેમ સંક્રાંત થાય છે. તેથી યાવત્ અહીં આવી શકતો નથી.

૩. અભિનવ ઉત્પન્ન દેવ દિવ્ય કામભોગમાં મૂર્છિત યાવત્ અત્યાસક્ત હોય, તેને એમ થાય કે હમણા જઈશ, મુહૂર્ત્તમાં જઈશ, તેટલામાં અહીં અલ્પાયુષ્ક મનુષ્યો કાળધર્મને પામે છે, તેથી યાવત્ અહીં આવી શકતો નથી

૪. અભિનવ ઉત્પન્ન દેવ દિવ્ય કામભોગમાં યાવત્ અત્યાસક્ત હોય, તેને માનુષી વિશાળ દુર્ગંધ પ્રતિકૂળ અને પ્રતિલોમ થાય છે. ઊંચે પણ ૪૦૦–૫૦૦ યોજન અશુભ માનુષી ગંધ ઉછળતી હોય છે, તેથી તે મનુષ્યલોકમાં આવવા ઇચ્છે તો પણ આવી ન શકે.

આ કારણોથી હે પ્રદેશી ! અભિનવ ઉત્પન્ન દેવ દેવલોકથી મનુષ્યલોકમાં જલદી આવવા ઇચ્છે, તો પણ આવી શકતા નથી. તેથી હે પ્રદેશી! તું શ્રદ્ધા કર કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે.

### સૂત્ર–૬૭ થી ૭૪

**૬૭.** ત્યારે તે પ્રદેશીરાજાએ કેશીકુમાર શ્રમણને કહ્યું કે – આ બુદ્ધિઉપમા છે કે આ કારણે આવતા નથી.

હે ભદન્ત ! હું અન્ય કોઈ દિને બાહ્ય ઉપસ્થાનશાળામાં અનેક ગણનાયક, દંડનાયક, ઈશ્વર, તલવર,

માડંબિક, કૌટુંબિક, ઇભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ, મંત્રી, મહામંત્રી, ગણક, દૌવારીક, અમાત્ય, ચેટ, પીઠમર્દક, નગર નિગમ, દૂત, સંધિપાલ સાથે પરીવરીને રહેલ હતો. ત્યારે મારા નગરરક્ષકે મુદ્ધા–માલ–સાક્ષી સહિત પકડેલ તથા ગરદન અને પાછળ બંને હાથ બાંધીને એક ચોરને લાવ્યા.

ત્યારે મેં તે પુરુષને જીવતો જ લોહ કુંભીમાં નાંખ્યો, લોઢાના ઢાંકણથી તેનુ મુખ ઢાંકી દીધુ. પછી ગરમ લોઢા અને શીશાનો તેના ઉપર લેપ કરી દીધો, દેખરેખ માટે વિશ્વસ્થ પુરુષો મૂક્યા. પછી કોઈ દિને હું લોહકુંભી પાસે ગયો. જઈને તે લોહકુંભી ખોલાવી. ખોલાવીને મેં પોતે જોયું કે તે પુરુષ મરી ગયો હતો. તે લોહકુંભીમાં કોઈ છિદ્ર, વિવર કે રાઈ જેટલું પણ અંતર ન હતું કે જેમાંથી તે પુરુષનો જીવ બહાર નીકળીને જાય. જો તે લોહકુંભીમાં કોઈ છિદ્ર યાવત્ દરાર હોત તો હે ભદન્ત ! હું માનત કે અંદર બંધ પુરુષનો જીવ બહાર નીકળેલ છે. તો હું શ્રદ્ધા–પ્રતીતિ–રૂચિ કરત કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે, જીવ એ જ શરીર નથી.

પણ હે ભદન્ત! તે કુંભીમાં કોઈ છિદ્ર આદિ ન હતું કે યાવત્ જીવ નીકળે, તેથી મારી પ્રજ્ઞા સુપ્રતિષ્ઠિત છે કે – જીવ એ જ શરીર છે, તે બંને જુદા નથી.

ત્યારે કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને કહ્યું – હે પ્રદેશી ! જેમ કોઈ કૂટાગાર શાળા હોય, બંને તરફ લિપ્ત હોય, ગુપ્ત હોય, ગુપ્તદ્વાર હોય, નિર્વાત અને ગંભીર હોય, હવે કોઈ પુરુષ ભેરી અને દંડ લઈને કૂટાગાર શાળાની અંદર પ્રવેશે છે, પ્રવેશીને તે કૂટાગાર શાળામાં ચોતરફથી ઘન–નિચિત–નિરંતર–નિશ્છિદ્ર હોય, તેના દ્વાર આદિને બંધ કરી દે. તે કૂટાગાર શાળાના બહુમધ્ય દેશભાગે રહીને તે ભેરીને દંડ વડે મોટા–મોટા શબ્દોથી વગાડે, હે પ્રદેશી ! શું તે શબ્દો અંદરથી બહાર નીકળે છે ? હા, નીકળે છે.

હે પ્રદેશી ! તે કૂટાગાર શાળામાં કોઈ છિદ્ર યાવત્ દરાર છે કે જ્યાંથી તે શબ્દો અંદરથી બહાર નીકળે છે?

ના, તેમ નથી.

આ પ્રમાણે હે પ્રદેશી ! જીવ પણ અપ્રતિહતગતિ છે, પૃથ્વી–શિલા કે પર્વતને ભેદીને અંદરથી બહાર નીકળી જાય છે. તેથી હે પ્રદેશી ! તું શ્રદ્ધા કર કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે, બંને એક નથી.

ત્યારે પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને આમ કહ્યું – ભદન્ત ! આ તમારી બુદ્ધિયુક્ત ઉપમા છે, પણ આ કારણે યુક્તિયુક્ત નથી.

હે ભદન્ત! નિશ્ચે હું અન્ય કોઈ દિને બાહ્ય ઉપસ્થાન શાળામાં યાવત્ રહ્યો હતો. ત્યારે મારા નગરરક્ષક સાક્ષી સહિત યાવત્ ચોરને પકડી લાવ્યા. ત્યારે મેં તે પુરુષને જીવિતથી રહિત કર્યો. કરીને એક લોહકુંભીમાં નાંખ્યો. નાંખીને લોહ ઢાંકણથી બંધ કર્યો યાવત્ વિશ્વાસ્ય પુરુષોને રક્ષા કરવા મૂક્યા. પછી કોઈ દિને તે કુંભી પાસે ગયો. તે કુંભી ઉઘડાવી, ઉઘડાવતા તે લોહકુંભીને કૃમિકુંભી સમાન જોઈ. તે લોહકુંભીમાં કોઈ છિદ્ર યાવત્ દરાર ન હતી, જેમાંથી તે જીવો બહારથી પ્રવેશે. જો તે કુંભીમાં કોઈ છિદ્રાદિ હોત યાવત્ જીવો પ્રવેશ્યા હોત તો હું શ્રદ્ધા કરત કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે. પણ જે કારણે તે લોહકુંભીમાં કોઈ છિદ્ર યાવત્ દરાર ન હતી, છતાં જીવો પ્રવેશ્યા, તેથી મારી પ્રજ્ઞા સુપ્રતિષ્ઠિત છે કે જીવ એ જ શરીર છે.

ત્યારે કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને આમ કહ્યું – હે પ્રદેશી ! શું તે અગ્નિથી તપાવેલ લોઢું જોયેલ છે ?

હા, જોયું છે.

હે પ્રદેશી! તપાવ્યા પછી શું તે લોઢું પૂર્ણપણે અગ્નિરૂપે પરિણત થઈ જાય છે ? હા, થઈ જાય છે. હે પ્રદેશી ! તે લોઢામાં કોઈ છિદ્ર આદિ છે, કે જેનાથી અગ્નિ બહારથી અંદર પ્રવેશ્યો ? ના, તેમ નથી. એ પ્રમાણે હે પ્રદેશી ! જીવ પણ અપ્રતિહત ગતિ છે, પૃથ્વી કે શીલાદિ ભેદીને બહારથી અંદર પ્રવેશે છે. માટે તું શ્રદ્ધા કર, જીવ–શરીર ભિન્ન છે.

૬૮ ત્યારે પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને કહ્યું – ભદન્ત ! આ તમારી બુદ્ધિયુક્ત ઉપમા માત્ર છે, આ

કારણે તે યુક્તિયુક્ત નથી. ભદન્ત ! જેમ કોઈ પુરુષ તરુણ યાવત્ શિલ્પ ઉપગત હોય, તે એક સાથે પાંચ બાણો ફેંકવામાં સમર્થ છે ?

હા, સમર્થ છે. ભદન્ત! જો તે જ પુરુષ બાળ યાવત્ મંદવિજ્ઞાન વાળો હોવા છતાં પાંચ બાણો એક સાથે ફેંકવામાં સમર્થ હોય તો હે ભદન્ત ! હું શ્રદ્ધાદિ કરી શકું કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે. પણ તે બાલ, મંદવિજ્ઞાનવાળો પુરુષ પાંચ બાણ એક સાથે ફેંકવામાં સમર્થ નથી, તેથી હે ભદન્ત ! મારી ધારણા છે કે 'જીવ અને શરીર એક જ છે' તે સુપ્રતિષ્ઠ છે.

ત્યારે કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને કહ્યું કે – જેમ કોઈ પુરુષ તરુણ યાવત્ શિલ્પઉપગત હોય, તે નવું ધનુષ, નવી જીવા, નવું બાણ લઈ, એકસાથે પાંચ બાણો ફેંકવામાં સમર્થ છે ?

હા, છે. પણ તે તરુણ યાવત્ નિપુણ શીલ્પ ઉપગત પુરુષ જીર્ણ–શીર્ણ ધનુષ, જીર્ણ જીવા અને જીર્ણ બાણથી એક સાથે પાંચ બાણો છોડવામાં સમર્થ છે ? ના, તે અર્થ સંગત નથી.

કયા કારણે તે સમર્થ નથી ? ભદન્ત ! તે પુરુષ પાસે અપર્યાપ્ત ઉપકરણ છે.

આ પ્રમાણે હે પ્રદેશી ! તે બાલ યાવત્ મંદવિજ્ઞાન પુરુષ અપર્યાપ્ત ઉપકરણથી પાંચ બાણ ફેંકવામાં સમર્થ નથી. તેથી હે પ્રદેશી ! તું શ્રદ્ધા કર કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે.

૬૯ ત્યારે પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને કહ્યું – ભદન્ત ! આ તમારી બુદ્ધિયુક્ત ઉપમા માત્ર છે, પણ આ કારણે તે યુક્તિયુક્ત નથી.

હે ભદન્ત! જેમ કોઈ પુરુષ તરુણ યાવત્ શીલ્પ કુશળ હોય, તે એક મોટા લોહભારક, ત્રપુભારક, શીશા–ભારકને વહન કરવા સમર્થ છે ?, હા છે.

હે ભદન્ત ! તે જ પુરુષ વૃદ્ધ હોય, જરા જર્જરીત દેહવાળો હોય, શિથિલ–કડચલી પડેલ અને અશક્ત હોય, હાથમાં લાકડી લઈ ચાલતો હોય, પ્રવિરલ–પરિસડિત દંતશ્રેણી હોય, રોગી–કૃશ–તરસ્યો–દુર્બળ–કલાંત હોય તો તે મોટા લોહભારકને યાવત્ વહન કરવા સમર્થ ન થાય. ભદન્ત ! જો તે જ પુરુષ જીર્ણ, જરા જર્જરીત દેહ યાવત્ પરિક્લાંત હોવા છતાં મોટા લોહભારને યાવત્ વહન કરવા સમર્થ થાય તો હું શ્રદ્ધાદિ કરું કે શરીર અને જીવ જુદા છે. પણ જો તે જીર્ણ યાવત્ ક્લાંત પુરુષ મોટા લોહભારકને યાવત્ વહન કરવાને સમર્થ નથી તો મારી પ્રજ્ઞા સુપ્રતિષ્ઠ છે કે જીવ એ જ શરીર છે.

ત્યારે કેશીકુમારશ્રમણે પ્રદેશીરાજાને કહ્યું – જેમ કોઈ પુરુષ તરુણ યાવત્ શીલ્પકુશલ હોય, નવી કાવડથી – નવી રસ્સીથી બનેલ નવા સિક્કાથી, નવી ટોકરીથી એક મોટા લોહભારકને યાવત્ વહન કરવા સમર્થ છે ? હા, છે.

હે પ્રદેશી! તે જ પુરુષ તરુણ યાવત્ શીલ્પકુશળ હોય, તે જીર્ણ–દુર્બળ–ધૂણો ખાધેલ કાવડથી, જીર્ણ–શીર્ણ–દુર્બળ–ધૂણો ખાધેલ સિક્કા કે ટોકરા વડે એક મોટા લોહભારક આદિને લઈ જવામાં સમર્થ છે ?

હે ભદન્ત ! આ અર્થ સંગત નથી. કેમ સંગત નથી? ભદન્ત! તે પુરુષના ઉપકરણ જીર્ણ છે.

આ પ્રમાણે હે પ્રદેશી ! તે પુરુષ જીર્ણ યાવત્ ક્લાંત, ઉપકરણયુક્ત હોવાથી એક મોટા લોહભારને યાવત્ વહન કરવાને સમર્થ નથી. તેથી હે પ્રદેશી! તું શ્રદ્ધા કર કે જીવ જુદો છે અને શરીર જુદું છે.

૭૦ ત્યારે પ્રદેશીએ કેશીશ્રમણને કહ્યું – ભદન્ત ! તમારી બુદ્ધિયુક્ત ઉપમા માત્ર છે યાવત્ યુક્તિયુક્ત નથી.

ભદન્ત ! યાવત્ ત્યારે મારો નગરરક્ષક ચોરને લાવ્યો. ત્યારે મેં તે પુરુષનું જીવતા વજન કર્યું, પછી શરીરછેદ કર્યા વિના જ તેને મારી નાંખ્યો, પછી ફરી વજન કર્યું. તે પુરુષનું જીવતા કે મૃત્યુ પછીના વજનમાં કંઈ અંતર ન દેખાયુ. ન વજન વધ્યુ કે ન ઘટ્યુ, ન ભારે થયો કે ન હલકો થયો. ભદન્ત ! જો તે પુરુષનું જીવતા કે મર્યા પછીનું વજન, કંઈક જૂદું કે યાવત્ લઘુ થયું હોત તો હું શ્રદ્ધા કરત કે જીવ અને શરીર જુદા છે. પણ તેના વજનમાં કોઈ ભેદ કે

લઘુપણુ ન જોયું, તેથી મારી પ્રજ્ઞા સુપ્રતિષ્ઠિત છે કે – "જીવ એ જ શરીર છે."

ત્યારે કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને કહ્યું – પ્રદેશી ! તેં કદી બસતીમાં હવા ભરી કે ભરાવી છે ? હા.

હે પ્રદેશી ! તે બસતીને પૂર્ણ કે અપૂર્ણનું વજન કરતા, કંઈ જુદું કે લઘુ જણાયુ ? ના, તે અર્થ સંગત નથી.

એ પ્રમાણે હે પ્રદેશી ! જીવના અગુરુ–લઘુત્વને આશ્રીને જીવતા વજન કરો કે મૃત્યુ પછી કરો. તેમાં કોઈ ભેદ કે લઘુતા થતી નથી. તો પ્રદેશી ! તું શ્રદ્ધા કર – જીવ અને શરીર જુદાં છે.

**૭૧** ત્યારે પ્રદેશીએ કેશીશ્રમણને કહ્યું – ભદન્ત ! આ બુદ્ધિયુક્ત તમારી પ્રજ્ઞા માત્ર છે, સ્વીકાર્ય નથી.

હે ભદન્ત ! કોઈ દિવસે યાવત્ ચોરને લાવ્યો. મેં તે પુરુષને ચોતરફથી સારી રીતે જોયો, પણ તેમાં મને ક્યાંય જીવ દેખાયો નહીં, પછી મેં તે પુરુષના બે ટૂકડા કર્યા, કરીને ચોતરફથી અવલોક્યો, પણ તેમાં મને ક્યાંય જીવ ન દેખાયો. એ રીતે ત્રણ–ચાર–સંખ્યાત ફાડીયા કર્યા, પણ તેમાં મને ક્યાંય જીવ ન દેખાયો. હે ભદન્ત ! જો મને તે પુરુષના બે–ત્રણ–ચાર–કે સંખ્યાત ફાડીયા કરતા જીવ દેખાત, તો હું શ્રદ્ધા કરત કે જીવ અને શરીર જુદા છે. પણ – મને તેમાં જીવ ન દેખાયો, તેથી મારી પ્રજ્ઞા સુપ્રતિષ્ઠિત છે કે – જીવ એ જ શરીર છે.

ત્યારે કેશીશ્રમણે પ્રદેશીને કહ્યું – હે પ્રદેશી ! તું મને તે તુચ્છ કઠિયારાથી પણ અધિક મૂઢ જણાય છે.

ભદન્ત ! તે દીન કઠિયારો કોણ ?

હે પ્રદેશી ! જેમ કોઈ વનમાં રહેનાર, વનોપજીવી, વન ગવેષણાથી આગ અને અંગીઠી લઈને લાકડીના વનમાં પ્રવેશ્યો ત્યારે તે પુરુષ તે અગ્રામિક યાવત્ કોઈ પ્રદેશ અનુપ્રાપ્ત થતા એક પુરુષને કહ્યું – હે દેવાનુપ્રિય ! આપણે કાષ્ઠ અટવીમાં જઈએ છીએ. તું આ અંગીઠીથી આગ લઈને અમારા માટે ભોજન બનાવજે. જો અંગીઠીમાં આગ બુઝાઈ જાય, તો આ લાકડીથી આગ ઉત્પન્ન કરીને ભોજન બનાવી લેજે. એમ કહીને તેઓ કાષ્ઠ અટવીમાં પ્રવેશ્યા.

ત્યારે તે પુરુષે મુહૂર્ત્તાંતર પછી વિચાર્યું કે ભોજન બનાવું. એમ વિચારી અંગીઠી પાસે આવ્યો, તેમાં આગ બુઝાયેલ જોઈ તેથી તે પુરુષ કાષ્ઠ પાસે ગયો. તે કાષ્ઠને ચોતરફથી અવલોક્યું. તેમાં અગ્નિ ન જોયો. પછી તે પુરુષે કમર કસી કુહાડી લીધી. તે કાષ્ઠના બે ફાડીયા કર્યા, ચોતરફથી અવલોક્યા, તેમાં ક્યાંય અગ્નિ ન જોયો. એ પ્રમાણે યાવત્ સંખ્યાત ફાડીયા કરીને ચોતરફથી અવલોકતા પણ તેમાં ક્યાંય અગ્નિ ન જોયો. ત્યારે તે પુરુષે તે કાષ્ઠમાં ક્યાંય અગ્નિ ન જોતા તે શ્રાંત, કલાંત, ખિન્ન, દુઃખી થઈ કુહાડીને એક બાજુ રાખી, કમર ખોલી મનોમન બોલ્યો – હું તે લોકો માટે કઈ રીતે ભોજન બનાવું ? એમ વિચારી, તે અપહત મનો સંકલ્પ, ચિંતા–શોક–સાગર પ્રવિષ્ટ, હથેળી ઉપર મુખ રાખી, આર્ત્તધ્યાન પામી, ભૂમિ તરફ દૃષ્ટિ રાખી ચિંતામગ્ન થઈ ગયો.

ત્યારપછી તે પુરુષો કાષ્ઠને છેદીને, તે પુરુષ પાસે આવ્યા, તે પુરુષને અપહત મનોસંકલ્પ યાવત્ ચિંતામગ્ન જોઈને કહ્યું – તું અપહત મનો સંકલ્પ યાવત્ ચિંતામગ્ન કેમ છે ? ત્યારે તે પુરુષે કહ્યું – તમે કાષ્ઠની અટવીમાં પ્રવેશતા મને એમ કહેલું મુહૂર્ત્ત પછી ભોજન તૈયાર કરજે યાવત્ પૂર્વવત્ હું ચિંતામાં છું.

ત્યારે તે પુરુષોમાં એક છે, દક્ષ, પ્રાપ્તાર્થ યાવત્ ઉપદેશલબ્ધ પુરુષે પોતાના સાથીઓને કહ્યું – તમે જાઓ, સ્નાન અને બલિકર્મ કરી યાવત્ જલદી પાછા આવો. ત્યાં સુધીમાં હું ભોજન તૈયાર કરું. એમ કહી કમર બાંધી, કુહાડી લીધી, સર બનાવ્યુ, સરથી અરણી ઘસીને આગ પ્રગટાવી, પછી તેને સંધુકીને અગ્નિ પ્રજ્વલિત કરી, ભોજન બનાવ્યું. ત્યારપછી તે પુરુષો સ્નાન, બલિકર્મ યાવત્ પ્રાયશ્ચિત્ત કરી, તે પુરુષ પાસે આવ્યા. પછી તે બધા પુરુષો ઉત્તમ સુખાસને બેઠા, તે પુરુષ વિપુલ અશનાદિ લાવ્યો. ત્યારે તે પુરુષો તે વિપુલ અશનાદિ આસ્વાદતા, વિસ્વાદતા યાવત્ વિચરે છે.

જમીને આચમનાદિ કરી, સ્વચ્છ, શુદ્ધ થઈને પોતાના પહેલા સાથીને કહ્યું – તું જડ, મૂઢ, અપંડિત, નિર્વિજ્ઞાન, અનુપદેશ લબ્ધ છો, જેથી તે કાષ્ઠ ટૂકડામાં આગ જોવાની ઇચ્છા કરી. હે પ્રદેશી ! તું આ પ્રમાણે તે તુચ્છ કઠિયારા

જેવો મૂઢ છે.

**૭૨.** ત્યારે તે પ્રદેશીએ કેશીશ્રમણને કહ્યું – ભદન્ત ! તે યુક્ત છે, આપ જેવા છેક, દક્ષ, બુદ્ધ, કુશલ, મહામતી, વિનીત, વિજ્ઞાનપ્રાપ્ત, ઉપદેશલબ્ધનું મને આ અતિ વિશાળ પર્ષદા મધ્યે નિષ્ઠુર શબ્દોનો પ્રયોગ, ભર્ત્સના, પ્રતિ–તાડન, ધમકાવવું યોગ્ય છે ? ત્યારે કેશીશ્રમણે, પ્રદેશી રાજાને આમ પૂછ્યું –

હે પ્રદેશી ! તું જાણે છે કે પર્ષદા કેટલી છે ? ભદન્ત ! ચાર. તે આ – ક્ષત્રિયપર્ષદા, ગાથાપતિપર્ષદા, બ્રાહ્મણપર્ષદા, ઋષિપર્ષદા.

હે પ્રદેશી ! તું જાણે છે કે આ ચાર પર્ષદાના અપરાધી માટે શું દંડનીતિ કહી છે?

હા, જાણુ છું. જે ક્ષત્રિયપર્ષદાનો અપરાધ કરે છે તેના હાથ, પગ કે માથુ છેદી નંખાય છે, શૂળીએ ચડાવાય છે અથવા એક જ પ્રહારથી કચળીને પ્રાણ રહિત કરી દેવાય છે. જે ગાથાપતિ પર્ષદાનો અપરાધ કરે છે, તેને તૃણ, વેઢ, પલાલથી વીંટીને અગ્નિકાયમાં નાંખી દેવાય છે. જે બ્રાહ્મણ પર્ષદાનો અપરાધ કરે છે, તે અનિષ્ટ, અકાંત યાવત્ અમણામ શબ્દો વડે ઉપાલંભ દઈને કુંડિકા કે કૂતરાના ચિહ્નથી લાંછિત કરાય છે કે દેશનીકાલની આજ્ઞા કરાય છે. જે ઋષિપર્ષદાનો અપરાધ કરે છે તેને ન અતિ અનિષ્ટ કે ન અતિ અમનોજ્ઞ શબ્દોથી ઉપાલંભ અપાય છે.

આ પ્રમાણે હે પ્રદેશી ! તું જાણે છે, તો પણ તું મારા પ્રતિ વિપરીત, પરિતાપજનક, પ્રતિકૂળ, વિરુદ્ધ આદિ વ્યવહાર કરે છે !

ત્યારે પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને એમ કહ્યું – ભદન્ત ! આપની સાથે પ્રથમ વાર્તાલાપ થયો ત્યારે મારા મનમાં આવો વિચાર યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો કે જેમ જેમ હું આ પુરુષની વિપરીત યાવત્ સર્વથા વિપરીત વ્યવહાર કરીશ, તેમ તેમ હું જ્ઞાન–જ્ઞાનલાભ, કરણ–કરણલાભ, દર્શન–દર્શનલાભ, જીવ–જીવલાભને પ્રાપ્ત કરીશ. આ કારણે હે દેવાનુપ્રિય ! હું આપની વિરુદ્ધ વર્તતો હતો.

ત્યારે કેશીશ્રમણે પ્રદેશીને પૂછ્યું – હે પ્રદેશી ! તું જાણે છે કે વ્યવહારકર્તા કેટલા પ્રકારે છે ? હા, જાણુ છું. વ્યવહાર ચાર ભેદે છે – ૧. દાન દે પણ પ્રીતિયુક્ત ન બોલે, ૨. સંતોષપ્રદ બોલે પણ દાન ન દે, ૩. દાન દે અને પ્રીતિયુક્ત પણ બોલે, ૪. બંને ન કરે.

હે પ્રદેશી ! તું જાણે છે કે આ ચાર પુરુષોમાં કોણ વ્યવહારી છે અને કોણ અવ્યવહારી છે ?

હા, જાણુ છું. જે પુરુષ આપે છે પણ સંભાષણ કરતો નથી તે વ્યવહારી છે, એ રીતે બીજા અને ત્રીજા પ્રકારના પુરુષ વ્યવહારી છે, જે ચોથા પ્રકારનો છે, તે અવ્યવહારી છે. આ પ્રમાણે હે પ્રદેશી! તું વ્યવહારી છે, અવ્યવહારી નથી.

**૭૩.** ત્યારે પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને કહ્યું – ભદન્ત ! આપ, છેક છો, દક્ષ છો યાવત્ ઉપદેશ લબ્ધ છો. મને હથેળીમાં આમળા માફક શરીરની બહાર જીવને કાઢીને દેખાડવામાં સમર્થ છો ?

તે કાળે, તે સમયે પ્રદેશી રાજાની સમીપે વાયુ વડે સંવૃત્ત તૃણ વનસ્પતિકાય કંપે છે, વિશેષ કંપે છે, ચાલે છે, સ્પંદિત થાય છે, ઘટ્ટિત, ઉદીરિત થાય છે, તે–તે ભાવે પરિણમે છે.

ત્યારે કેશીશ્રમણે પ્રદેશીને કહ્યું – હે પ્રદેશી ! તું આ તૃણ વનસ્પતિઓને કંપતી યાવત્ તે–તે ભાવે પરિણમતી જુએ છે ? હા, જોઉં છું. હે પ્રદેશી ! તું જાણે છે કે તેને કોઈ દેવ, અસુર, નાગ, કિંનર, કિંપુરુષ, મહોરગ કે ગંધર્વ ચલિત કરે છે ? હા, જાણુ છુ. દેવ યાવત્ ગંધર્વ ચલિત નથી કરતા, વાયુકાયથી ચલિત થાય છે.

હે પ્રદેશી ! શું તું તે મૂર્ત–કામ–રાગ–મોહ–વેદ–લેશ્યા અને શરીરધારી વાયુના રૂપે જુએ છે ? ના, તે અર્થ સંગત નથી. હે પ્રદેશી ! જો, તું આ વાયુકાયના સરૂપી યાવત્ સશરીરના રૂપને જોતો નથી, તો પ્રદેશી ! હું તને હાથમાં આમળા વત્ જીવ કેમ દેખાડું ?

હે પ્રદેશી ! દશ સ્થાનોને છદ્મસ્થ મનુષ્ય સર્વભાવથી જાણતા અનેજોતા નથી. તે આ – ધર્માસ્તિકાય,

અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અશરીરબદ્ધ જીવ, પરમાણુપુદ્‌ગલ, શબ્દ, ગંધ, વાયુ, આ જિન થશે કે નહીં?, આ સર્વે દુઃખોનો અંત કરશે કે નહીં?

આ બધું ઉત્પન્ન જ્ઞાન–દર્શનધર અરહંત જિન કેવલી સર્વભાવથી જાણે છે – જુએ છે. તે આ – ધર્માસ્તિકાય યાવત્ અંત કરશે કે નહીં. તો હે પ્રદેશી! તું શ્રદ્ધા કર કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે.

**૭૪.** ત્યારે તે પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને કહ્યું – ભદન્ત! હાથી અને કુંથુનો જીવ સમાન છે ?

હા, પ્રદેશી ! સમાનછે. ભદન્ત ! હાથીથી કુંથુઓ અલ્પકર્મ, અલ્પક્રિય, અલ્પાશ્રવી છે અને તે રીતે આહાર, નિહાર, શ્વાસોચ્છ્‌વાસ, ઋદ્ધિ, દ્યુતિ અલ્પ છે અને કુંથુઆથી હાથી મહાકર્મી, મહાક્રિયાવાળો યાવત્ છે ? હા, પ્રદેશી ! તેમજ છે. ભદન્ત ! હાથી અને કુંથુનો જીવ સમાન કઈ રીતે છે ?

પ્રદેશી ! જેમ કોઈ કૂટાગારશાળા હોય યાવત્ ગંભીર હોય. હવે કોઈ પુરુષ અગ્નિ અને દીવો લઈને તે કૂટાગાર શાળામાં અંદર પ્રવેશે. તે શાળાને ચારે તરફથી ઘન–નિચિત–નિરંતર, છિદ્રો, દ્વાર આદિ બંધ કરે. તે શાળાના બહુમધ્ય દેશભાગે તે દીવો પ્રગટાવે. ત્યારે તે દીવો તે કૂટાગાર શાળાને અંદર અંદર અવભાસિત, ઉદ્યોતીત, તાપિત, પ્રભાસિત કરે છે, પણ બહાર નહીં. હવે તે પુરુષ તે દીવાને પિટારીથી ઢાંકી દે, ત્યારે તે દીવો તે પિટારીને અંદરથી અવભાસે છે, પણ પિટારીની બહારની કૂટાગારશાળાને નહીં. એ રીતે ગોકિલિંજ, ગંડમાણિકા, પચ્છિપિંડક, આઢક, અર્દ્ધાઢક, પ્રસ્થક, અર્દ્ધપ્રસ્થક, અષ્ટભાગિકા, ચતુર્ભાગિકા, ષોડશિકા, છત્રિશિકા, ચૌસઠિકા કે દીપચંપકથી ઢાંકે તો ત્યારે તે દીવો દીપચંપકની અંદર અવભાસિતાદિ કરે છે, બહાર નહીં. એ રીતે ચૌસઠિકા બહાર નહીં, કૂટાગારશાળા બહાર નહીં.

એ પ્રમાણે હે પ્રદેશી ! જીવ પણ જેવા પ્રકારે પૂર્વકર્મબદ્ધ શરીર પામેલ હોય, તેમાં અસંખ્યાત જીવપ્રદેશથી સંકોચાઈને કે વિસ્તાર કરીને તેમાં સમાઈ જાય છે. તો તું શ્રદ્ધા કર, હે પ્રદેશી ! જીવ અન્ય છે અને શરીર અન્ય છે.

## સૂત્ર–૭૫ થી ૮૦

**૭૫.** ત્યારે પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને કહ્યું – ભદન્ત ! નિશ્ચે, મારા દાદાની આ સંજ્ઞા યાવત્ સિદ્ધાંત હતો કે જીવ એ જ શરીર છે, જીવ જુદો અને શરીર જુદું નથી. ત્યારપછી મારા પિતાની પણ આ સંજ્ઞા હતી, પછી મારી પણ આ સંજ્ઞા અને સિદ્ધાંત હતો. તેથી હું ઘણા પુરુષ પરંપરાગત કુળ નિશ્રિત દૃષ્ટિ છોડીશ નહીં.

ત્યારે કેશીશ્રમણે પ્રદેશીને કહ્યું – હે પ્રદેશી ! તું તે લોહ–વણિકની જેમ પશ્ચાનુતાપિત(પછીથી પસ્તાનાર) ન થઈશ. ભદન્ત ! તે લોહવણિક કોણ છે ?

હે પ્રદેશી ! તે કોઈ પુરુષ ધનનો અર્થી, ધન ગવેસક, ધનલુબ્ધક, ધનકાંક્ષિત, ધનપીપાસુ, ધનની ગવેષણાર્થે વિપુલ પ્રણિત ભાંડમાત્રથી ઘણા ભોજન, પાન, પાથેય લઈને એક મોટા અકામિત, છિન્નાપાત, દીર્ઘમાર્ગી અટવીમાં પ્રવેશ્યા. ત્યારે તે પુરુષો તે અકામિત અટવીના કોઈ દેશને પ્રાપ્ત કરી એક મોટી લોહ ખાણને જુએ છે. તે ચોતરફ લોઢા વડે આકીર્ણ, વિસ્તીર્ણ, સચ્છડ, ઉવચ્છડ, સ્ફૂટ, ગાઢ, અવગાઢને જુએ છે, જોઈને હર્ષિત, સંતુષ્ટ યાવત્ પ્રસન્નહૃદયી થઈ એકબીજાને બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિયો ! લોહભાંડ ઈષ્ટ, કાંત યાવત્ મણામ છે. તો આપણે શ્રેયસ્કર છે કે આપણે લોહભાર બાંધી લઈએ, એમ કહી પરસ્પર આ વાત સ્વીકારીને લોહભાર બાંધીને અનુક્રમે આગળ ચાલ્યા.

ત્યારપછી તે પુરુષો અકામિત યાવત્ અટવીમાં કોઈ દેશને પામીને એક મોટી શીશાની ખાણને જુએ છે, બધું પૂર્વવત્ કહેવું. યાવત્ પરસ્પર એકબીજાને બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિયો ! શીશાના ભાંડ ઈષ્ટ યાવત્ મણામ છે. અલ્પ એવા શીશાથી ઘણુ લોઢું મેળવીશું. આપણે શ્રેયસ્કર છે કે લોહભાર છોડીને શીશાનો ભારો બાંધીએ. પરસ્પર આ વાત સ્વીકારી લોહભારને છોડે છે અને શીશાનો ભારો બાંધે છે.

તેમાં એક પુરુષ લોહભાર છોડીને શીશાનો ભારો બાંધવા સમર્થ ન થયો. ત્યારે તે બીજા પુરુષો, તે પુરુષને કહે છે – શીશાના ભાંડથી યાવત્ ઘણુ લોઢું મળશે, તો લોહભારક છોડી દે અને શીશાનો ભારક બાંધી લે. ત્યારે તે પુરુષે કહ્યું – આ લોહભાર દૂરાહૃત, ચિરાહૃત છે. મારે આ લોઢું અતિગાઢ બંધન બદ્ધ, અસિલિષ્ટ બંધનબદ્ધ, ઘણીય બંધનબદ્ધ છે, હું તેને છોડી શકતો નથી.

ત્યારે તે બીજા પુરુષો, તે પુરુષને ઘણી આઘવણા, પ્રજ્ઞાપના વડે કહેવા–સમજાવવા સમર્થ ન થયા, ત્યારે અનુક્રમે આગળ ચાલ્યા. એ પ્રમાણે તાંબાની, રૂપાની, સોનાની, રત્નોની, વજ્રની ખાણો કહેવી. પ્રત્યેક વખતે જેમ જેમ મૂલ્યવાન વસ્તુઓ પ્રાપ્ત થતી ગઈ, તેમ તેમ અલ્પ મૂલ્યવાળી વસ્તુઓ છોડીને મૂલ્યવાન વસ્તુ ગ્રહણ કરતા ગયા.

ત્યારપછી તે પુરુષો પોતાના જનપદમાં, પોતાના નગરમાં આવ્યા, આવીને વજ્રરત્નનો વિક્રય કરીને ઘણા દાસી, દાસ, ગાય, ભેંસ, ઘેટા લીધા. લઈને આઠ માળ ઊંચો પ્રાસાદ કરાવી, સ્નાન–બલિકર્મ કરી ઉપરના પ્રાસાદમાં સ્ફૂટ થતા મૃદંગમસ્તક, બત્રીસ બદ્ધ નાટક, શ્રેષ્ઠ તરુણીયુક્ત નૃત્યાદિ કરાતા અને ઇષ્ટ શબ્દ, સ્પર્શાદિથી વિચરે છે.

ત્યારે પેલો લોહભારક પુરુષ ફક્ત લોઢું લઈને પોતાના નગરે આવ્યો. તે લોઢાનો વેપાર કરીને તે અલ્પમૂલ્યક હોવાથી તેને થોડું ધન મળ્યું. તેણે પોતાના સાથીઓને ઉપરના શ્રેષ્ઠ પ્રાસાદમાં યાવત્ વિચરતા જોયા, જોઈને બોલ્યો

– અહો ! હું અધન્ય, અપુન્ય, અકૃતાર્થ, અકૃતલક્ષણ હ્રી–શ્રી વર્જિત, હીનપુન્ય ચૌદશીયો, દુરંત–પ્રાંત લક્ષણ છું. જેથી હું મિત્ર, જ્ઞાતિક, નિજકની વાત માની હોત તો હું પણ ઉપરી પ્રાસાદમાં યાવત્ વિચરત. તેથી હે પ્રદેશી ! એમ કહ્યું કે – તું પશ્ચાનુતાપિત થઈશ, જેમ તે લોહભારક થયો.

**૭૬.** આ ઉપદેશથી તે પ્રદેશીરાજા બોધ પામ્યો. તેણે કેશીશ્રમણને વંદન કર્યું યાવત્ આમ કહ્યું – ભદન્ત ! હું પશ્ચાનુતાપિત નહીં થાઉં, જેમ તે લોહભારક થયો. હું આપની પાસે કેવલીપ્રજ્ઞપ્ત ધર્મ સાંભળવા ઇચ્છુ છું.

હે દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કર, પ્રતિબંધ ન કર. ચિત્ર સારથીની જેમ ધર્મકથા સાંભળી, તેમજ ગૃહીધર્મ સ્વીકાર્યો, સ્વીકારીને જ્યાં સેયવિયા નગરી છે, ત્યાં જવાને પ્રવૃત્ત થયો.

**૭૭.** ત્યારે કેશીશ્રમણે પ્રદેશીને કહ્યું – પ્રદેશી ! તું જાણે છે કે આચાર્યો કેટલા પ્રકારે છે ?

હા, જાણુ છું. આચાર્યો ત્રણ પ્રકારે છે – કલાચાર્ય, શિલ્પાચાર્ય, ધર્માચાર્ય.

હે પ્રદેશી ! તું જાણે છે કે આ ત્રણે આચાર્યોમાં કોની કેવી વિનય પ્રતિપત્તિ કરવી જોઈએ ?

હા, જાણુ છું. કલાચાર્ય અને શિલ્પાચાર્યને ઉપલેપન કે સંમાર્જન કરવું જોઈએ. સામે પુષ્પાદિ મૂકવા, મજ્જન–મંડન–ભોજન કરાવવુ જોઈએ. જીવિત યોગ્ય વિપુલ પ્રીતિદાન દેવું, પુત્રાનુપુત્રિક વૃત્તિ આપવી જોઈએ. જ્યારે ધર્માચાર્યને જોતા ત્યાં જ વંદન–નમન–સત્કાર–સન્માન કરવા જોઈએ, કલ્યાણ–મંગલ–દેવ–ચૈત્યરૂપ તેમને પર્યુપાસવા, પ્રાસુક, એષણીય અશન–પાન–ખાદિમ–સ્વાદિમથી પડિલાભવા. પ્રાતિહારિક પીઠ, ફલક, શય્યા, સંસ્તારકથી નિમંત્રણા કરવી.

હે પ્રદેશી ! તું ત્યારે આમ જાણે છે, તો પણ તું મારા પ્રત્યે પ્રતિકૂળ વ્યવહાર કરતો રહ્યો, તેને માટે ક્ષમા માંગ્યા વિના જ સેયવિયા નગરીએ જવાને પ્રવૃત્ત થઈ રહ્યો છે ?

ત્યારે પ્રદેશી રાજાએ કેશીશ્રમણને કહ્યું – ભદન્ત ! નિશ્ચે મને આવા સ્વરૂપનો મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો છે કે – હું આપના પ્રતિ પ્રતિકૂળ યાવત્ વર્ત્યો, તો તે શ્રેયસ્કર છે કે હું કાલે રાત્રિ વીત્યા પછી પ્રભાત થયા યાવત્ તેજથી જાજ્વલ્યમાન સૂર્ય થતા અંતઃપુર, પરિવાર સાથે પરીવરીને આપને વાંદુ–નમું. આ વૃત્તાંતને માટે સારી રીતે વિનયપૂર્વક ખમાવું. એમ કહી જ્યાંથી આવેલ ત્યાં પાછો ગયો.

ત્યારપછી તે પ્રદેશી રાજા બીજા દિવસે, રાત્રિ વીત્યા પછી પ્રભાત થતા યાવત્ તેજથી જાજ્વલ્યમાન સૂર્ય થતા હર્ષિત–સંતુષ્ટ યાવત્ પ્રસન્નહૃદયી થઈ કોણિક રાજાની જેમ નીકળ્યો. અંતઃપુર, પરિવાર સાથે પરીવરીને

પંચવિધ અભિગમથી વાંદી–નમી, ઉક્ત અર્થ માટે વારંવાર ખમાવ્યા.

૭૮. ત્યારે કેશીશ્રમણે પ્રદેશી રાજાને, સૂર્યકાંતાદિ રાણીને અને અતિ વિશાળ પર્ષદાને યાવત્ ધર્મ કહ્યો. ત્યારે તે પ્રદેશી રાજા ધર્મ સાંભળી, અવધારીને ઉત્થાનથી ઉઠે છે. ઉઠીને કેશી શ્રમણને વંદન–નમન કરીને સેયવિયા નગરી જવાને પ્રવૃત્ત થયો. ત્યારે કેશીશ્રમણે પ્રદેશી રાજાને આમ કહ્યું –

હે પ્રદેશી ! તું તે વનખંડ, નાટ્યશાળા, ઇક્ષુવાડ કે ખલવાડની જેમ પહેલા રમણીય થઈ પછી અરમણીય બનતો નહીં.

ભદન્ત ! તે કઈ રીતે ? વનખંડ પાન, પુષ્પ, ફળ, હરિતકથી અતિ સોહામણું અને શ્રી વડે અતિ શોભતું રહેલ હોય છે, તે વનખંડ રમણીય લાગે છે. જ્યારે વનખંડ પત્રિત, પુષ્પિત, ફલિત આદિ વડે શોભતું હોતું નથી, ત્યારે જીર્ણ, ઝડેલ–સડેલ પાંડુ પત્રવાળુ, શુષ્ક–રૂક્ષની જેમ મ્લાન થઈને રહે છે ત્યારે રમણીય ન લાગે.

એમ નૃત્યશાળા પણ જ્યાં સુધી ગાજતી–વાગતી–નાચતી–હસતી–રમતી હોય છે, ત્યાં સુધી રમણીય લાગે છે. પણ જ્યારે નૃત્યશાળા ગાજતી યાવત્ રમતી હોતી નથી ત્યારે અરમણીય લાગે છે.

ઇક્ષુવાડમાં શેરડી કપાતી, ભેદાતી, સીઝતી, પીલાતી, અપાતી હોય ત્યારે રમણીય લાગે છે, પણ જ્યારે છેદાતી આદિ ન હોય ત્યારે યાવત્ રમણીય ન લાગે.

ખલવાડમાં જ્યારે ધાન્યના ઢગલા હોય, ઉડાવની, મર્દન–ખાદન–પીલણ–લેણદેણ થતી હોય ત્યારે તે રમણીય લાગે છે, જ્યારે ખલવાડમાં ધાન્યાદિ ન હોય યાવત્ અરમણીય લાગે.

તે કારણે હે પ્રદેશી ! એમ કહ્યું કે તું પહેલા રમણીય થઈ, પછી અરમણીય થતો નહીં, જેમ તે વનખંડ આદિ.

ત્યારે પ્રદેશીએ કેશીશ્રમણને કહ્યું – ભદન્ત ! હું તે વનખંડ યાવત્ ખલવાડની જેમ પહેલા રમણીય અને પછી અરમણીય થઈશ નહીં,

હું સેયવિયા નગરી આદિ ૭૦૦૦ ગામોના ચાર વિભાગ કરીશ, એક ભાગ સૈન્ય અને વાહનને આપીશ, એક ભાગ કોઠારમાં રાખીશ, એક ભાગ અંતઃપુરમાં આપીશ, એક ભાગ વડે અતિ વિશાળ કૂટાગાર શાળા કરીશ, ત્યાં ઘણા પુરુષોને દૈનિક મૂલ્ય અને ભોજનથી રાખી વિપુલ અશનાદિ તૈયાર કરાવીશ, ઘણા શ્રમણ–બ્રાહ્મણ–ભિક્ષુક–પંથિક–પથિતનો ભાગ કરતો ઘણા શીલ, ગુણ, વ્રત, વેરમણ, પ્રત્યાખ્યાન, પૌષધવપવાસ કરતો યાવત્ વિચરીશ, એમ કહીને જ્યાંથી આવેલ ત્યાં પાછો ગયો.

૭૯. ત્યારે તે પ્રદેશી રાજા બીજા દિવસે યાવત્ સૂર્ય તેજથી જાજ્વલ્યમાન થતા સેયવિયા આદિ ૭૦૦૦ ગામોના ચાર ભાગ કરે છે. એક ભાગ સૈન્ય અને વાહનને આપે છે. યાવત્ કૂટાગાર શાળા કરે છે. ત્યાં ઘણા પુરુષો વડે યાવત્ તૈયાર કરાવે છે, ખવડાવતા અને ઘણા શ્રમણને યાવત્ ભાગ કરતા વિચરે છે.

૮૦. ત્યારપછી તે પ્રદેશી રાજા શ્રાવક થઈ, જીવાજીવનો જ્ઞાતા થઈ વિચરે છે. જ્યારથી પ્રદેશી રાજા શ્રાવક થયો ત્યારથી રાજ્ય, રાષ્ટ્ર, સૈન્ય, વાહન, કોશ, કોષ્ઠાગાર, પુર, અંતઃપુર અને જનપદનો અનાદર કરતો યાવત્ વિચરે છે. ત્યારે તે સૂર્યકાંતા રાણીને આવા સ્વરૂપનો મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે, જ્યારથી પ્રદેશી રાજા શ્રાવક થયો છે, ત્યારથી રાજ્ય, રાષ્ટ્ર યાવત્ અનાદર કરતો વિચરે છે.

તો મારા માટે શ્રેયસ્કર છે કે પ્રદેશી રાજાને કોઈપણ શસ્ત્ર–અગ્નિ–મંત્ર–વિષપ્રયોગથી મારી નાંખી સૂર્યકાંત કુમારને રાજ્યમાં સ્થાપી, સ્વયં જ રાજ્યશ્રીને ભોગવતી–પાલન કરતી વિચરું, એમ વિચાર કર્યો, વિચારીને સૂર્યકાંત કુમારને બોલાવ્યો. બોલાવીને કહ્યું – જ્યારથી પ્રદેશી રાજા શ્રાવક થયો છે ત્યારથી રાજ્ય યાવત્ અંતઃપુર અને જનપદ તથા માનુષી કામભોગની ઉપેક્ષા કરતો વિચરે છે. તે હે પુત્ર ! શ્રેયસ્કર છે કે પ્રદેશી રાજાને કોઈ શસ્ત્રાદિ પ્રયોગ મારી નાખીને સ્વયં રાજ્યશ્રી કરતા–પાળતા વિચરીએ.

ત્યારે સૂર્યકાંત કુમારે સૂર્યકાંતાદેવીને આમ કહેતા સાંભળી, તેણીની આ વાતનો આદર ન કર્યો, જાણી નહીં, મૌન થઈને રહ્યો.

ત્યારે તે સૂર્યકાંતા રાણીને આવા સ્વરૂપનો મનોગત સંકલ્પ થયો કે સૂર્યકાંત કુમાર પ્રદેશી રાજાને આ રહસ્ય ભેદ ન કરી દે, એમ વિચારી પ્રદેશી રાજાના છિદ્રો, મર્મો, રહસ્યો, વિવરો અને અંતરોને શોધતી વિચરે છે.

પછી સૂર્યકાંતા દેવી અન્ય કોઈ દિવસે પ્રદેશી રાજાના અંતરને જાણીને અશન યાવત્ ખાદિમ તથા સર્વ વસ્ત્ર, ગંધ, માળા, અલંકારને વિષપ્રયોગથી યુક્ત કરે છે.

પ્રદેશી રાજા સ્નાન કરી યાવત્ પ્રાયશ્ચિત્ત કરી ઉત્તમ સુખાસને જઈને તે બેઠો. તેને વિષે સંયુક્ત ઘાતક અશન, વસ્ત્ર યાવત્ અલંકારોથી સજ્જિત કર્યો. ત્યારે તે પ્રદેશી રાજા તે વિષસંયુક્ત અશનાદિનો આહાર કરતા શરીરમાં ઉજ્જવલ, વિપુલ, પ્રગાઢ, કર્કશ, ચંડ, તીવ્ર, દુઃખદ, વિકટ, દુસ્સહ વેદના ઉત્પન્ન થઈ, વિષમ પિત્તજવરથી પરિગત શરીરમાં દાહ વ્યુત્ક્રાંત થઈ ગયો.

સૂત્ર–૮૧, ૮૨

૮૧. ત્યારે તે પ્રદેશી રાજા, સૂર્યકાંતા રાણીને આ ઉત્પાતમાં જોડાયેલી જાણીને, સૂર્યકાંતા દેવી પ્રતિ મનથી પણ પ્રદ્વેષ ન કરતો, પૌષધશાળામાં જાય છે. **પૌષધશાળાને પ્રમાર્જે છે, પ્રમાર્જીને ઉચ્ચાર પ્રસ્રવણ ભૂમિને પડિલેહે છે. પછી દર્ભનો સંથારો પાથરે છે, પાથરીને તેના ઉપર આરૂઢ થાય છે.** થઈને પૂર્વાભિમુખ પલ્યંકાસને બેઠો, બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી બોલ્યો –

અરહંત યાવત્ નિર્વાણપ્રાપ્ત ભગવંતને મારા નમસ્કાર થાઓ. નમસ્કાર હો મારા ધર્મોપદેશક, ધર્માચાર્ય કેશીકુમાર શ્રમણને. અહીં રહેલો હું ત્યાં રહેલ ભગવંતને વંદુ છું. ત્યાં રહેલા ભગવંત અહીં રહેલા એવા મને જુએ. એમ કહી વંદન–નમન કરે છે.

પૂર્વે પણ મેં કેશીકુમાર પાસે સ્થૂળ પ્રાણાતિપાત યાવત્ સ્થૂળ પરિગ્રહનું પ્રત્યાખ્યાન કરેલ છે. હાલ પણ તે જ ભગવંત પાસે **સર્વ પ્રાણાતિપાત યાવત્ સર્વ પરિગ્રહનું પચ્ચક્ખાણ કરું છું. સર્વ ક્રોધ યાવત્ મિથ્યાદર્શનશલ્યનું પ્રત્યાખ્યાન કરું છું. અકરણીય યોગને પચ્ચક્ખુ છું. સર્વે અશનાદિ ચતુર્વિધ આહારને જાવજ્જીવને માટે પચ્ચક્ખુ છું.**

**જે આ મારું શરીર ઇષ્ટ છે યાવત્ રોગ આદિ પણ તેને સ્પર્શે નહીં તે રીતે તેનું મેં રક્ષણ કરેલ છે, તેને પણ છેલ્લા શ્વાસોચ્છ્‌વાસે વોસિરાવું છું.**

આ પ્રમાણે કરી, આલોચના પ્રતિક્રમણ કરી, સમાધિ પામી કાળમાસે કાળ કરી સૌધર્મકલ્પમાં સૂર્યાભ વિમાનમાં ઉપપાત સભામાં યાવત્ ઉત્પન્ન થયો.

ત્યારે તે સૂર્યાભદેવે તત્કાળ ઉત્પન્ન થઈ પંચવિધ પર્યાપ્તિભાવે પર્યાપ્તિ પામે છે. તે આ – આહાર, શરીર, ઇન્દ્રિય, આનપ્રાણ, ભાષામન પર્યાપ્તિ.

આ પ્રમાણે હે ગૌતમ! આ પ્રમાણે સૂર્યાભદેવે તે દિવ્ય દેવઋદ્ધિ, દેવદ્યુતિ, દેવાનુભાવ લબ્ધ–પ્રાપ્ત અને અભિસન્મુખ કરેલ છે.

૮૨. ભગવન્ ! સૂર્યાભદેવની કેટલી કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! ચાર પલ્યોપમ.

તે સૂર્યાભદેવ, તે દેવલોકથી આયુ–ભવ–સ્થિતિનો ક્ષય થતા અનંતર ચ્યવીને ક્યાં જશે, ક્યાં ઉપજશે ?

ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં જે ધનાઢ્ય, દીપ્ત, વિપુલ કુટુંબ પરિવારવાળા, વિસ્તીર્ણ વિપુલ ભવન શયન આસન યાનવાહન યુક્ત, ઘણા જન જાત્યરૂપ રજતાદિ અને આયોગ–સંપ્રયોગ યુક્ત, વિચ્છર્દિત પ્રચૂર ભોજન–પાન, ઘણા દાસી દાસ, ગાય, ભેંસ, ઘેટા આદિ યુક્ત એવા કુળમાં તથા ઘણા લોકોથી પરાભવ ન થઇ શકે એવા કોઈ એક કુળમાં પુત્રપણે ઉત્પન્ન થશે.

જ્યારે તે બાળક ગર્ભમાં આવશે ત્યારે માતાપિતા ધર્મમાં દઢપ્રતિજ્ઞ થશે.

ત્યારપછી તે બાળકને નવ માસ બહુ–પ્રતિપૂર્ણ થઈને સાડા સાત રાત્રિ–દિન વીત્યા પછી, સુકુમાલ હાથ–પગવાળા, અહીન પ્રતિપૂર્ણ પંચેન્દ્રિય શરીરી, લક્ષણ વ્યંજન ગુણયુક્ત, માન ઉન્માન પ્રમાણ પ્રતિપૂર્ણ સુજાત સર્વાંગ સુંદરાંગ, શશિ સૌમ્યાકાર, કાંત, પ્રિયદર્શન, સુરૂપ બાળકને જન્મ આપશે.

ત્યારપછી તે બાળકના માતાપિતા પહેલા દિને સ્થિતિ–પતિતા કરશે, ત્રીજે દિને ચંદ્ર–સૂર્ય દર્શન કરાવશે, છટ્ઠે દિને જાગરિકાથી જાગશે, અગિયારમો દિવસ વીત્યા પછી, બારમો દિવસ પ્રાપ્ત થતા, અશુચિ જાતકર્મ કરણથી નિવૃત્ત થતા, પવિત્ર થઈ, ઘરનું સંમાર્જન–લિંપણ કરીને વિપુલ અશન–પાન–ખાદિમ–સ્વાદિમ તૈયાર કરાવશે.

પછી મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન, સંબંધી, પરિજનને આમંત્રીને પછી સ્નાન કરી, બલિકર્મ કરી યાવત્ અલંકૃત થઈ ભોજનમંડપમાં ઉત્તમ સુખાસને બેસી તે મિત્ર, જ્ઞાતિ યાવત્ પરિજન સાથે વિપુલ અશનાદિને આસ્વાદતા, વિસ્વાદતા, ભોજન કરતા, લેતા–દેતા એ પ્રમાણે વિચરે છે.

જમી–ભોજન કર્યા પછી, આચમન કરી, ચોક્ખા થઈ, પરમ શૂચિભૂત થઈ, તે મિત્ર–જ્ઞાતિ યાવત્ પરીજનને વિપુલ વસ્ત્ર, ગંધ, માલા, અલંકારથી સત્કારે છે, સન્માને છે, સન્માનીને તે જ મિત્ર યાવત્ પરિજનની આગળ એમ કહેશે કે–

હે દેવાનુપ્રિયો ! જે કારણે આ બાળક ગર્ભમાં આવતા અમે ધર્મમાં દઢ પ્રતિજ્ઞ થયા, તેથી અમારા આ બાળકનું 'દઢપ્રતિજ્ઞ' નામ થાઓ. ત્યારે તે બાળકના માતાપિતાએ તેનું નામ કર્યુ – 'દઢપ્રતિજ્ઞ' પછી તેના માતાપિતાએ અનુક્રમે ૧.સ્થિતિપતિતા, ૨.ચંદ્ર–સૂર્ય દર્શન, ૩.ધર્મજાગરિકા, ૪.નામકરણ, ૫.અન્નપ્રાશન, ૬. પ્રતિવર્ધાપન(આશીર્વાદ આપનારને દ્રવ્યાદિ આપવા), ૭. પ્રચંક્રમણ(બાળક પહેલી વાર ડગ ભરે), ૮.કર્ણવેધન, ૯.સંવત્સર પડિલેહણ(પ્રથમ વર્ષગાંઠ), ૧૦.ચૂડોપનયન(બાલ મોવાળા ઉતરાવવા) અને બીજા પણ ઘણા ગર્ભાધાન અને જન્માદિ સંબંધી મહા ઋદ્ધિ–સત્કાર–સમુદયથી કરશે.

સૂત્ર–૮૩

ત્યારપછી દઢપ્રતિજ્ઞ બાળક પાંચ ધાત્રીથી પાલન કરાતો – ક્ષીરધાત્રી, મજ્જનધાત્રી, મંડનધાત્રી, અંકધાત્રી, ક્રીડાપનધાત્રી. બીજી પણ ઘણી ચિલાતિકા, વામનિકા, વડભિકા, બર્બરી, બાકુશિકા, યોનકી, પલ્હવિકા, ઈસિનિકા, વારુણિકા, લાસિકા, લાકુસિકા, દમિલી, સિંહલી, આરબી, પુલિન્દ્રિ, પકવણી, બહલી, મુરુંડી, પારસી આદિ વિવિધ દેશ–વિદેશની પરિમંડિત, સ્વદેશ નેપથ્યગ્રહિત વેશ વડે, ઇંગિત–ચાચિત–પ્રાર્થિતને જાણનારી, નિપુણ–કુશલ, વિનિત ચેટિકા ચક્રવાલ તરુણી વૃંદ પરિવારથી પરિવૃત્ત, વર્ષધર, કંચૂકી, મહત્તર વૃંદ પરીક્ષિપ્ત. એક હાથથી બીજા હાથમાં સંહરાતો, નચાવાતો, એક ગોદથી બીજી ગોદમાં લઈ જવાતો, ગીત વડે ગવાતો, લાલિત કરાતો, હાલરડા સંભળાવાતો, ચુંબન કરાતો, રમ્ય મણિ કોટ્ટિમતલોના પ્રાંગણમાં ગિરિકંદરમાં સ્થિત ચંપકવૃક્ષની જેમ નિર્વ્યાઘાતથી સુખે–સુખે પરિવૃદ્ધિ પામશે.

ત્યારપછી તે દઢપ્રતિજ્ઞ બાળકના માતા–પિતા તેને સાતિરેક આઠ વર્ષનો થયો જાણીને શોભન તિથિકરણ નક્ષત્ર મુહૂર્તમાં સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુકમંગલ પ્રાયશ્ચિત્ત કરી, સર્વાલંકારથી વિભૂષિત કરીને મહાઋદ્ધિ સત્કારના સમુદયથી કલાચાર્ય પાસે લઈ જશે.

ત્યારે તે કલાચાર્ય તે દઢપ્રતિજ્ઞને ગણિત પ્રધાન લેખ આદિ શકુનરુત પર્યન્તની બોંતેર કળા સૂત્રથી, અર્થથી શીખવાડશે. સિદ્ધ કરાવશે. તે બોંતેર કળા આ પ્રમાણે છે –

લેખન, ગણિત, રૂપ, નૃત્ય, ગીત, વાજિંત્ર, સ્વરગત, પુષ્કરગત, સમતાલ, દ્યુત, જનપદ, પાશક, અષ્ટાપદ, પારે–કાવ્ય, દગમટ્ટિક, અન્નવિધિ, પાનવિધિ, વસ્ત્રવિધિ, વિલેપનવિધિ, શયનવિધિ, આર્યા, પ્રહેલિકા, માગધિકા,

નિદ્રાયિકા, ગાથા, ગીતિક, શ્લોક, હિરણ્યયુક્તિ, સુવર્ણયુક્તિ, આભરણવિધિ, તરુણપ્રતિકર્મ. (તથા)

સ્ત્રીલક્ષણ, પુરુષલક્ષણ, અશ્વલક્ષણ, ગજલક્ષણ, કુર્કુટલક્ષણ, છત્રલક્ષણ, ચક્રલક્ષણ, દંડલક્ષણ, અસિ-લક્ષણ, મણિલક્ષણ, કાકણિલક્ષણ, વાસ્તુવિદ્યા, નગરમાન, સ્કંધાવાર, માનવાર, પ્રતિચાર, વ્યૂહ, પ્રતિવ્યૂહ, ચક્રવ્યૂહ, ગરુડવ્યૂહ, શકટવ્યૂહ, યુદ્ધ, નિર્યુદ્ધ, યુદ્ધયુદ્ધ, અસ્થિયુદ્ધ, મુષ્ટિ-યુદ્ધ, બાહુયુદ્ધ, લતાયુદ્ધ, ઈષુઅસ્ત્ર, ત્સરુપ્રવાદ, ધનુર્વેદ, હિરણ્યપાક, સુવર્ણપાક, મણિપાક, ધાતુપાક, સૂત્રખેડ, વૃત્તખેડ, નાલિકાખેડ, પત્રછેદ્ય, કડગછેદ્ય, સજીવ-નિર્જીવ અને શકુનરુત.

ત્યારે તે કલાચાર્ય દૃઢપ્રતિજ્ઞ બાળકને લેખાદિ ગણિતપ્રધાન, શકુનરુત સુધીની બોંતેર કળાઓને સૂત્રથી, અર્થથી, ગ્રંથથી, કરણથી શીખવાડી, સિદ્ધ કરાવી, માતા-પિતા પાસે લાવ્યા. ત્યારે તે દૃઢપ્રતિજ્ઞના માતા-પિતાએ તે કલાચાર્યને વિપુલ અશન-પાન-ખાદિમ-સ્વાદિમથી, વસ્ત્ર-ગંધ-માળા-અલંકારથી સત્કારશે, સન્માનિત કરશે, કરીને વિપુલ જીવિત યોગ્ય પ્રીતિદાન આપશે. પ્રીતિદાન આપીને વિસર્જિત કરશે.

### સૂત્ર-૮૪, ૮૫

૮૪. ત્યારપછી તે દૃઢપ્રતિજ્ઞ, બાલ્યભાવ છોડીને વિજ્ઞાત પરિણત માત્ર, બોંતેર કલા પંડિત, અઢાર ભેદે દેશી પ્રકારની ભાષામાં વિશારદ, સુપ્તનવાંગ જાગૃત થયેલ, ગીતરતી, ગંધર્વ-નૃત્ય કુશળ, શૃંગારાગારચારુવેશી, સંગત હસિત ભણિત ચેષ્ટિત વિલાસ સંલાપ નિપુણ યુક્તોપચાર કુશળ, અશ્વ-હાથી-બાહુયોધી, બાહુપ્રમર્દી, પર્યાપ્ત ભોગ સમર્થ, સાહસિક, વિકાલચારી થશે.

ત્યારે તે દૃઢપ્રતિજ્ઞાના માતાપિતા તેને બાલ્યભાવથી ઉન્મુક્ત યાવત્ વિકાલચારી જાણીને વિપુલ અન્ન-પાન-લયન-વસ્ત્ર-શયન ભોગ વડે ઉપનિમંત્રે છે. ત્યારપછી દૃઢપ્રતિજ્ઞ તે વિપુલ અન્ન યાવત્ શયન ભોગ વડે આસક્ત નહીં થાય, ગૃદ્ધ -મૂર્ચ્છિત કે અત્યાસક્ત નહીં થાય. જેમ કોઈ પદ્મોત્પલ, પદ્મ યાવત્ શતસહસ્ર પત્ર કમળ કાદવમાં ઉત્પન્ન થાય છે, જળમાં વધે છે પણ તે કાદવથી કે જળરજથી લિપ્ત થતા નથી, તેમ દૃઢપ્રતિજ્ઞ કામમાં જન્મ્યો, ભોગમાં વૃદ્ધિ પામ્યો છતાં તેનાથી લેપાશે નહીં – મિત્ર, જ્ઞાતિ-નિજક-સ્વજન-સંબંધી-પરિજનથી પણ તે દૃઢપ્રતિજ્ઞ, લેપાશે નહીં.

તે તથારૂપ સ્થવિરો પાસે કેવલ બોધિથી બોધિત થઈ, કેવલ મુંડ થઈને, ઘર છોડીને અણગારિક પ્રવ્રજ્યા લેશે. તે ઈર્યાસમિત યાવત્ સુહુત હુતાશન સમાન તેજથી જાજ્વલ્યમાન અણગાર થશે.

તે ભગવંત અનુત્તર જ્ઞાન-દર્શન-ચારિત્ર-આલય-વિહાર-આર્જવ-માર્દવ-લાઘવ-ક્ષાંતિ-ગુપ્તિ-મુક્તિ અને અનુત્તર સર્વ સંયમ તપ સુચરિત ફળ નિર્વાણમાર્ગથી આત્માને ભાવિત કરતા અનંત અનુત્તર સંપૂર્ણ પ્રતિપૂર્ણ નિરાવરણ નિર્વ્યાઘાત કેવલવર જ્ઞાન-દર્શનને ઉત્પન્ન કરશે.

ત્યારે તે ભગવન્ અરહંત, જિન, કેવલી થશે. દેવ-મનુષ્ય-અસુરલોક સહિતના પર્યાયોને જાણશે. તે આ –

આગતિ, ગતિ, સ્થિતિ, ચ્યવન, ઉપપાત, તર્ક, કૃત, મનોમાનસિક, ખાદિત, ભુક્ત, પ્રતિસેવિત, આવીકર્મ, રહોકર્મ, અરહસ, અરહસ્ય ભાગી, તે તે મન-વચન-કાયયોગમાં વર્તમાન સર્વલોક, સર્વ જીવ, સર્વ ભાવને જાણતા-જોતા વિચરશે.

ત્યારે તે દૃઢપ્રતિજ્ઞ કેવળી આવા સ્વરૂપના વિહારથી વિચરતા, ઘણા વર્ષો કેવલી પર્યાય પાળીને પોતાનું આયુ શેષ જાણીને ઘણા ભોજનનું પચ્ચક્ખાણ કરશે, કરીને ઘણા ભક્તોને અનશન વડે છેદશે. છેદીને જે કારણે નગ્નભાવ, કેશલોચ, બ્રહ્મચર્યવાસ, અસ્નાન, અદંતધાવન, અનુવહાણ, ભૂમિશય્યા, ફલકશય્યા, પરગૃહપ્રવેશ, લબ્ધ-અલબ્ધ, માન-અપમાન, બીજાની હીલના, ખિંસણા, ગર્હણા, આક્રોશ, વિરૂપ, બાવીશ પરીષહોપસર્ગ, ગ્રામકંટકને અધ્યાસિત કરી, તે અર્થને આરાધશે. આરાધીને છેલ્લા શ્વાસોચ્છ્વાસે સિદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-દુઃખાંતકર થશે.

૮૫) ભગવન્! તે એમ જ છે, એમ જ છે. એમ કહી ગૌતમસ્વામી, શ્રમણ ભગવંત મહાવીરને વંદન–નમન કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે.

ભયવિજેતા ભગવન્‌ને નમસ્કાર, શ્રુતદેવતા ભગવતીને નમસ્કાર, પ્રજ્ઞપ્તિ ભગવતીને નમસ્કાર, અરહંત–ભગવન્–પાર્શ્વને નમસ્કાર, પ્રશ્ન સુપ્રશ્ન પ્રદર્શકને નમસ્કાર.

# ઉપાંગસૂત્ર-૨ 'રાજપ્રશ્નીય'નો
# મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| [१] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि–मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि–मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि–मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [२] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र–गुजराती अनुवाद–मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र–इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र–गुजराती अनुवाद–सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [३] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र–सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति–**1 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति–**2 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**–1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**–2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा–कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम–मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम–सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र–गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000
આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000

અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે

વેબ સાઈટ:– 1. www.jainelibrary.org 2. deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:– jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:– મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે–ટચ
Post: - ઠેબા, Dis:–જામનગર, ગુજરાત, India. [Pin- 361120]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૧૩

# રાજપ્રશ્નીય

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

'વેબ સાઈટ:– (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઇલ 09825967397